દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 53 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 March 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૫ માર્ચ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લંકા પાસે ઈરાની જહાજને ડુબાડ્યું અમેરિકાએ

## ૧૦૦થી વધુનાં મોતઃ વિશાખાપટ્ટનમથી નીકળેલા ઈરાનના જહાજને હિન્દ મહાસાગરમાં અમેરિકી સબમરીને ટૉર્પિડોથી ઉડાવ્યું હોવાનું વૉશિંગ્ટને સ્વીકાર્યું





શ્રીલંકાને ઈરાનના જહાજ આઈરિશ ડેનાએ સંકટનો સંદેશ મોકલ્યો હતો. (એજન્સી)

કોલંબોઃ શ્રીલંકાના દક્ષિણના તટ હિન્દ મહાસાગરમાં ઈરાનના એક જહાજ પર હુમલો કરીને અમેરિકાની સબમરીને ડુબાડી દીધું હતું. આ હુમલામાં ૧૦૦થી વધુ લોકોના મરણ થયા હતા. અનેક લોકો ઘાયલ થયા હતા. ઈરાની જહાજ આઈરિશ ડેનાનો ડિસ્ટ્રેસ કોલ (સંકટ સમયનો કોલ) મળ્યા બાદ શ્રીલંકાની સેનાએ મોટું બચાવ અને શોધ અભિયાન શરૂ કર્યું હતું. અમેરિકાના સંરક્ષણ પ્રધાન પેટે હેગસેથે સ્વીકાર્યું હતું કે અમેરિકાની સબમરીને ઈરાનના જહાજને શ્રીલંકાની નજીક સમુદ્રમાં ડૂબાડી દીધું હતું. બુધવારે અમેરિકાના વિદેશપ્રધાને કહ્યું હતું કે મંગળવાર રાતનો હુમલો બીજા વિશ્વયુદ્ધ પછીનો આ પ્રકારનો પ્રથમ હુમલો છે. કહેવાય છે કે આ ઈરાની જહાજ ભારતના વિશાખાપટ્ટનમ બંદરે એક કવાયતમાં ભાગ લઈને પાછું જઈ રહ્યું હતું.

શ્રીલંકાએ સંકટની ઘડીએ ઈરાની ફ્રિગેટ આઈરિશ ડેના પર સવાર ઈરાની ખલાસીઓને બચાવવા માટે જહાજો અને વિમાન મોકલ્યા હોવાનું અહેવાલોમાં સામે આવ્યું છે.

શ્રીલંકાના નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ આ હુમલાને અનુમોદન આપ્યું છે. શ્રીલંકાના નૌકાદળે બુધવારે કહ્યું છે કે ઈરાનના ડૂબેલા જહાજમાંથી ૩૨ નાવિકોને બચાવી લેવામાં આવ્યા છે. ઘટનાસ્થળેથી અનેક મૃતદેહો મળ્યા છે. જોકે મૃતકોની વાસ્તવિક સંખ્યા તત્કાળ જાણવા મળી નહોતી. ઈરાની જહાજમાં ૧૮૦ લોકો હતા. આમાંથી અનેક લોકોના મરણ થયા છે. ૧૦૧ લોકો લાપતા છે. ૭૮ લોકો ઘાયલ થયા છે.

સંરક્ષણ મંત્રાલયના પ્રવકતાએ કહ્યું હતું કે ઈરાની જહાજથી

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં ધુળેટીને મોતનો રંગઃ ૨૭નાં ડૂબી જતાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તહેવારોની ઉજવણી દરમિયાન સાવધાની અને શિસ્ત ન જળવાય તો આનંદનો પ્રસંગ માતમમાં ફરી જતા સમય લાગતો નથી. આ વાતને સાચી ઠરાવતી અલગ અલગ ઘટનાઓ ગુજરાતમાં ઘટી હતી, જેમાં બિનસત્તાવાર રીતે મળતી માહિતી અનુસાર ૨૭ જણે જીવ ગુમાવ્યા હતા. આમાં બાળકો પણ સામેલ છે. જોકે આ લખાય છે ત્યાં સુધી દરેક ઘટના અને મૃતકોની વિગતો મળી શકી ન હતી. સુરત, અરવલ્લી, મહીસાગર, અમરેલી અને અમદાવાદ ગ્રામ્યમાં બનેલી ઘટનાઓમાં ધુળેટી રમ્યા બાદ નાહવા માટે નદી-તળાવમાં પડેલા બાળકો-કિશોરો અને યુવાનો ડૂબી જતા ધુળેટીનું પર્વ બેરંગ બની ગયું હતું. અરવલ્લી જિલ્લામાં બે પિતરાઈ ભાઈ જૈમિન ડામોર અને રાયચંદ ડામોર રંગોથી રમ્યા બાદ તળાવમાં નાહવા પડ્યા હતા અને ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. માલપુર તાલુકાના નવા જાંબુ ફળી ગામના રહેવાસી બન્ને બાળકો પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ઘટનાની જાણ થતાં મોડાસા ફાયરબ્રિગેડે બન્નેના મૃતદેહ

(જુઓ પાનું ૨) ▸▸

## પશ્ચિમ એશિયાના લશ્કરી, આર્થિક માળખાને નેસ્તનાબૂદ કરીશુંઃ ઈરાન

### ઈઝરાયલે ઈરાનનાં સંરક્ષણ દળોને લક્ષ્ય બનાવ્યાંઃ દુબઈમાંના અમેરિકી દૂતાલય પર ડ્રોન અટેક

દુબઈઃ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન સાથેના યુદ્ધના પાંચમા દિવસે બુધવારે ઈરાનની રાજધાની તહેરાન અને બીજાં શહેરો પર હુમલા કર્યા હતા. ઈઝરાયલે ઈરાનના નેતૃત્વ અને સુરક્ષા દળોને નિશાન બનાવ્યાં હતાં, બીજી બાજુ ઈરાનના ઈસ્લામિક રીપબ્લિકે મિડલ ઈસ્ટમાં મિસાઈલ અને ડ્રોન વિમાનથી હુમલો કર્યો હતો.

પશ્ચિમ એશિયામાં બુધવારે યુદ્ધની ભયાનકતામાં વધારો થતા ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડે ધમકી આપી હતી કે તે ક્ષેત્રના લશ્કરી અને આર્થિક માળખાને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે તૈયાર છે. ઈરાની સેનાના આ નિવેદનને તેની સરકારી ટીવીના માધ્યમથી જાહેર કરવામાં આવ્યું હતું.

એક નિવેદનમાં ઈરાની સેનાએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સમાં કડાકો, બે દિવસમાં ૧૬.૩૨ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની તીવ્રતા વધી જવાથી એશિયાઇ બજારોમાં વધી રહેલી નબળાઇ સાથે બુધવારે સ્થાનિક બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ પણ એક ટકાથી મોટો ઘટાડો નોંધાવ્યો હતો. નોંધવું રહ્યું કે, બે દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૬.૩૨ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે. યુદ્ધ લાંબું ચાલશે તો તેની ભારતીય અર્થતંત્ર પર મોટી નકારાત્મક અસર પડશે.

સત્ર દરમિયાન ૧૭૯૬ પોઇન્ટ સુધી નીચે જઇને અંતે સેન્સેક્સ ૧,૧૨૨.૬૬ પોઈન્ટ અથવા ૧.૪૦ ટકાના કડાકા સાથે ૭૯,૧૧૬.૧૯ની સપાટી પર અને નિફ્ટી ૩૮૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૫ ટકા ઘટીને ૨૪,૪૮૦.૫૦ પોઇન્ટની સપાટી પર બંધ રહ્યો હતો.

એકમાત્ર આઈટી સિવાય બધા જ ઈન્ડેક્સ ઘટ્યા હતા, મેટલ, ઓઈલ અને ગેસ તથા પીએસયુ બેન્ક શેરોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન ૪૫૬.૯૦ લાખ કરોડ રૂપિયા સામે ૯.૭૨ લાખ કરોડ

(જુઓ પાનું ૨) ▸▸

### રૂપિયો ૫૬ પૈસા પટકાયોઃ ક્રૂડમાં તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સે ૯૮ની સપાટી કુદાવવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનું વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં કડાકા તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૮૬ પૈસા ગબડ્યા બાદ અંતે આગલા બંધ સામે ૫૬ પૈસાના કડાકા સાથે ૯૨.૦૫ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, આજે રૂપિયામાં કડાકો બોલાઈ ગયો હોવા છતાં સ્થાનિકમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ.

(જુઓ પાનું ૨) ▸▸

## ખામનેઈના દીકરાને મોજતબાને સોંપાશે કમાન?

તહેરાનઃ ઈરાનના હત્યા કરાયેલા આયાતોલ્લાહ અલી ખામનેઈના પુત્ર મોજતબા હુસૈની ખામનેઈને ઈરાનના આગામી સર્વોચ્ચ નેતા તરીકે પસંદ કરવામાં આવે એવી પૂરેપૂરી શક્યતા છે. ઈરાનની 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' દ્વારા તેમની ખામનેઈના ઉત્તરાધિકારી તરીકે વરણી કરવામાં આવી હતી. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોરના દબાણમાં આ પસંદગી કરાશે એવું લાગે છે.

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોરે કથિત રીતે કટ્ટરપંથી જૂથોને એકજૂટ કરીને મોજતબા ખામનેઈના પક્ષમાં દબાણ બનાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેના પિતાના નજીકના સાથી છે અને સુરક્ષા તંત્ર પર મજબૂત પકડ ધરાવે છે.

મોજતબા ખામનેઈ ૫૬ વર્ષના એક શિયા

(જુઓ પાનું ૨) ▸▸

## ખામનેઈના અનુગામીને પણ હણીશુંઃ ઈઝરાયલ

નવી દિલ્હીઃ ઈઝરાયલના સર્વોચ્ચ નેતા અલી ખામનેઈની અંતિમક્રિયા કરાય એ પહેલાં ઈઝરાયલે બુધવારે ધમકી આપી હતી કે ખામેનેઈના અનુગામી પણ હત્યાના ટાર્ગેટ પર છે. અમેરિકા અને ઈઝરાયલના વીકએન્ડના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોપરી નેતા ખામનેઈની હત્યા કરાઈ છે. અમેરિકા અને ઈઝરાયલ લાંબા સમયથી ખામનેઈની હત્યા કરવાની કોશીશ કરી રહ્યા હતા. બન્ને દેશોને ઈરાનના અણુકાર્યક્રમ સામે વાંધો છે. ઈરાને ખામનેઈના માનમાં ત્રણ દિવસની સરકારી અંતિમક્રિયાની જાહેરાત કરી છે.

૮૬ વર્ષના ખામનેઈને ઈશાન ઈરાનના મશહાદમાં દફનાવવામાં આવશે. ખામનેઈના પુત્ર મોજતબા તેમના અનુગામી બને એની અટકળો

(જુઓ પાનું ૨) ▸▸

## બેઈજિંગ પર મહેરબાન તહેરાનઃ ચાઈનીઝ ટૅન્કરોને હોર્મુઝમાં છૂટ

તહેરાનઃ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા ભયાનક યુદ્ધ વચ્ચે ઈરાને ચીનને મોટી રાહત આપી હતી. ઈરાને હોર્મુઝ સામુદ્રધુની અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. સૂત્રોએ કહ્યું હતું કે ઈરાને જાહેરાત કરી છે કે હવે ફક્ત ચીની જહાજોને જ આ મહત્વપૂર્ણ જળમાર્ગ પરથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે. બેઇજિંગના મજબૂત સમર્થન અને યુદ્ધ દરમિયાન તેના સમર્થન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ઈરાને આ નિર્ણય લીધો હતો. નોંધનીય છે કે ઈરાને યુદ્ધ શરૂ થતાની સાથે જ તેને બંધ કરી દીધો છે.

ઈરાની દળોએ ચેતવણી આપી છે કે ફારસની ખાડી પાર કરવાનો પ્રયાસ કોઈપણ જહાજને નિશાન બનાવવામાં આવશે. અમેરિકા અને ઇઝરાયલના આક્રમણ પછી વળતો જવાબ આપનારા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કહ્યું કે હવે તેઓ સામુદ્રધુની

(જુઓ પાનું ૨) ▸▸

## ન્યૂ ઝીલૅન્ડ ફાઇનલમાં



ન્યૂ ઝીલૅન્ડે ગઈ કાલે સાઉથ આફ્રિકાને સેમિ ફાઇનલમાં નવ વિકેટે કચડીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સાઉથ આફ્રિકા ટ્રોફી જીતવા માટે ફેવરિટ હતું, પરંતુ કિવીઓએ સેમિ ફાઇનલમાં એના પ્રભાવનો કચરો કરી નાખ્યો. સાઉથ આફ્રિકાએ આઠ વિકેટે ૧૬૯ રન કર્યા હતા. ન્યૂ ઝીલૅન્ડે ફિન ઍલનની અણનમ સેન્ચુરી (૧૦૦ રન)ની મદદથી ફક્ત ૧૨.૫ ઓવરમાં એક વિકેટે ૧૭૩ રન કરીને વિજય મેળવી લીધો હતો.

## આજે ભારત-ઈંગ્લૅન્ડનો જંગ



ડિફેન્ડિંગ ચૅમ્પિયન તથા વર્લ્ડ નંબર-વન ભારત તથા વર્લ્ડ નંબર-ટૂ ઇંગ્લૅન્ડ વચ્ચે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) વાનખેડેમાં ટી-૨૦ વર્લ્ડ કપની બીજી સેમિ ફાઇનલ રમાશે અને એમાં વિજય મેળવનારી ટીમ રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ફાઇનલમાં ટકરાશે. ભારતની માફક ઇંગ્લૅન્ડ પણ બે વખત આ ફૉર્મેટના વિશ્વ કપનો તાજ જીતી ચૂક્યું છે. બન્ને ટીમ એકમેકને પોતાના સ્પિન-આક્રમણથી ઝુકાવવા તત્પર છે. વાનખેડેની પિચ પર બોલરને સારા બાઉન્સ મળશે. આજે પ્રથમ બૅટિંગ કરનારી ટીમ અથવા બન્ને ટીમનો ૨૦૦-પ્લસનો સ્કોર જોવા મળશે તો નવાઈ નહીં લાગે.

૧૦



## હે સિદ્ધિવિનાયક, અભિષેકની ઈચ્છા પૂરી કરજે...

આઉટ-ઑફ-ફૉર્મ ભારતીય બેટ્સમેન અભિષેક શર્મા આજની ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ પહેલા ગઈ કાલે મુંબઈમાંના સિદ્ધિવિનાયક મંદિરના દર્શને ગયો હતો અને ગણેશજીના વાહન મૂષકના કાનમાં પોતાની ઈચ્છાનો મંત્ર ફૂંકતા જોવા મળ્યો હતો. (એજન્સી)

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




### નીતીશ કુમાર રાજ્યસભામાં, તેમનો દીકરો નાયબ મુખ્ય પ્રધાન તો...

## હવે બિહારનો સીએમ કોણ?

### એનડીએ નીતીશને રાજ્યસભામાં મોકલવા માગે છે એવી અટકળો પછી અત્યારે આ સવાલ ચર્ચામાં

નવી દિલ્હી/પટણાઃ રાજ્યસભાની ચૂંટણી પહેલા બિહારના રાજકારણમાં મોટા પરિવર્તનના વાવડ મળી રહ્યા છે. રાજ્યસભામાં એનડીએનું કદ વધે એના ભાગરૂપે રાજ્યસભામાં બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારને મોકલી શકાય એવી અટકળોએ જોર પકડ્યું છે. જો નીતીશ કુમારને રાજ્યસભામાં મોકલવામાં આવે તો તેમના પુત્રને નાયબ મુખ્ય પ્રધાનનું પદ આપી શકાય. જોકે આવામાં સવાલ એ થાય કે બિહારના આગામી મુખ્ય પ્રધાન કોણ બનશે.

બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારને રાજ્યસભામાં મોકલવાની તૈયારીઓ હાથ ધરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પાર્ટીના ટોચના નેતાઓ પણ આ મુદ્દે ચર્ચા-વિચારણા કરી રહ્યા છે, જેમાં કહેવાય છે કે જો મુખ્ય પ્રધાનને રાજ્યસભાની સીટ આપવામાં આવે તો તેમનું પદ ખાલી રહી શકે છે, જ્યારે એ નહીં તો દીકરા નિશાંત કુમારને નાયબ મુખ્ય પ્રધાન બનાવી શકાય.

અત્યારના સંજોગોમાં એનડીએમાં સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) કદાચ પોતાના નેતાને મુખ્ય પ્રધાન બનાવી શકે છે. રાજ્યમાં સત્તા માટે ભાજપ કંઈ પણ કરી શકે એવી અટકળો વહેતી

(જુઓ પાનું ૨) ▸▸




કૈલાસ જીવન
મલ્ટિપર્પઝ આયુર્વેદિક ક્રિમ

આંખોમાં બળતરા
સૂતી વખતે નવશેકા પાણીથી ચહેરો અને આંખો ધોઈને સ્વચ્છ કરો. ઊંઘતા પહેલા પાંપણો પર કૈલાસ જીવનનો લેપ લગાવી તેના ઉપર રૂનું પૂમડું મૂકી દો. ઠંડક થશે તેમજ આંખોની બળતરા અને લાલાશ ઓછી થશે.

ખીલ અને ફોલ્લીઓ
ચહેરો નવશેકા પાણીથી સારી રીતે ધોઈ નરમ કપડાંથી લુછી લો. પછી ચહેરા પર કૈલાશ જીવનથી હળવા હાથે માલિશ કરી ત્વચામાં શોષાવા દો, ચોળશો નહી. ખીલ / ફોડકીઓની વેઠનાથી તુરંત આરામ મેળવવામાં અને તેજસ્વી, આકર્ષક, મુલાયમ ચહેરો થવામાં સહાયક થશે.

પગના વાઢિયા-ચીરા
દરરોજ પગને ધોઈ, થોડીવાર માટે નવશેકા પાણીમાં રાખી નરમ થવા દઈ નરમ કપડાંથી જ લુછી લો. કૈલાસ જીવન વાઢિયા-ચીરા ઉપર હળવા હાથે લગાવી ત્વચામાં શોષાઈ જવા દો, ચોળશો નહીં. તળિયાની ત્વચા નરમ મુલાયમ બનશે.

ફિશર્સ
એક ચમચી કૈલાસ જીવનમાં તેટલા જ પ્રમાણમાં બુરૂં ખાંડ ભેળવી તેનું સળંગ એકવીસ દિવસ સુધી સેવન કરો. સાથે જ દિવસમાં બે-ત્રણ વાર તે જગ્યાએ કૈલાશ જીવન લગાવવાથી રાહત મળશે. પરંતુ યોગ્ય આહાર પણ મહત્વપૂર્ણ છે.

પગના વાઢિયા, ચીરા, હાથ-પગની લ્હાય, આંખોમાં બળતરા, મોઢામાં ચાંદા, જખમ, છોલાવું અને દાઝવું વગેરમાં ગુણકારી.
રોગ અનેક, ઉપાય એક... માટે જ મલ્ટિપર્પઝ! આજે જ ખરીદો!

Also available on amazon | netmeds.com India Ki Pharmacy
Available in: 20g Tube, 30g, 60g, 120g, 230g Bottle
Manufacturer: ASUM, Pune. 020-24486865 | Customer Care: Prashant: 91300 26070 | asumkj@gmail.com | www.asum.com
Distributor:
Mumbai: Hasmukhalal & Sons: 98209 36025, Kamini Agency: 022-23877278
Thane: Mahaveer & Mahaveer Agencies: 022-25362429
anunaad.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાને આરબ દેશોનું નાક દબાવ્યું, અમેરિકા સમજે તો સારું

**ઈઝરાયલ**-અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ખતરનાક બની રહ્યું છે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનમાં ઘૂસીને ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામનેઈને ઉડાવી દીધા પછી ભૂરાંટા થયેલા ઈરાને સઉદી અરેબિયા સહિતના દેશો પર મિસાઈલમારો શરૂ કરીને તબાહી મચાવવા માંડી છે. સામે ઈઝરાયલ પણ મચ્યું છે અને ઈરાનની સાથે સાથે લેબેનોન પર પણ બૉમ્બમારો શરૂ કરી દીધો છે.

અમેરિકા અને ઈઝરાયલે અત્યાર સુધી ઈરાનના ૧૦૦૦થી વધુ ઠેકાણાં પર હુમલા કરીને ૨૦૦૦થી વધુ બૉમ્બ ઝીંક્યા છે. આ બૉમ્બમારામાં સત્તાવાર રીતે ૭૪૨ લોકોનાં મોત થયાં છે પણ મોતનો આંકડો વધારે હોઈ શકે છે કેમ કે ઈરાનમાં અંદર જઈને ખરેખર કેટલી તબાહી થઈ છે એ જાણવું અશક્ય છે. ઈરાન પણ ચૂપ નથી અને ઈઝરાયલ ઉપરાંત અમેરિકાના સાથી એવા ડઝનથી વધારે આરબ દેશો પર મિસાઈલો ઠોકવા માંડી છે. અમેરિકાએ હુમલામાં પોતાના ત્રણ સૈનિકો માર્યા ગયા હોવાનું સ્વીકાર્યું છે પણ અમેરિકાના કિસ્સામાં પણ વાસ્તવિક નુકસાન વધારે હોઈ શકે છે.

ઈરાને અમેરિકા તથા તેના સાથીઓનું નાક દબાવવા હોર્મુઝની ખાડી પણ બંધ કરી દીધી છે. અમેરિકાનો દાવો છે કે, ઈરાન ટાઢા પહોરનું ગપ્પું મારે છે અને હોર્મુઝની ખાડીમાંથી બેરોકટોક જહાજો પસાર થાય જ છે પણ અત્યારે જે રિપોર્ટ છે એ પ્રમાણે, ક્રૂડ ઓઈલનાં ૭૦૦ જેટલાં તોતિંગ ટેન્કર અટવાઈ ગયાં છે તેથી ઈરાનની વાત સાચી લાગે છે. ઈરાનની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ છાતી ઠોકીને સરકારી ટીવી પર હુંકાર કર્યો છે કે, હવે પછી કોઈ જહાજને આ માર્ગેથી પસાર નહીં થવા દેવાય અને છતાં કોઈ દોઢડાહ્યું થશે તો તેને ઉડાવી દઈશું.

હોર્મુઝની ખાડી બંધ થઈ હોય તો એ ભારત માટે બહુ ચિંતાના સમાચાર બની શકે છે કેમ કે ભારતનું લગભગ ૫૦ ટકા ક્રૂડ ઓઈલ સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝના રસ્તે આવે છે. અત્યારે ભારત પાસે પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસનો જથ્થો છે પણ યુદ્ધ ચાલુ રહે ને અમેરિકા-ઈઝરાયલ ઈરાનને પછાડીને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ એટલે કે હોર્મુઝની ખાડીને ખોલાવવામાં સફળ ના રહે તો ભારત સહિત ઘણા દેશોને તકલીફ પડી શકે.

આરબ દેશોમાંથી જતું મોટા ભાગનું ક્રૂડ ઓઈલ તોતિંગ જહાજો મારફતે આ રૂટ પરથી પસાર થાય છે તેથી ભારતની જેમ તોતિંગ સ્ટોરેજ ક્ષમતા ના ધરાવતા ઘણા દેશોમાં તો બે-ચાર દાડામાં પેટ્રોલ-ડીઝલ ને ગેસની અછત વર્તવા માંડે એવું બને. ભારતના ઈરાન સાથેના સારા સંબંધોને જોતાં ઈરાન ભારત આવતાં જહાજોને ના રોકે એવું બને પણ એ શક્યતા બહુ પાતળી છે. સૂકા ભેગું લીલું બળે એ હિસાબે બીજાં જહાજોની સાથે ભારતનાં જહાજ પણ રોકાય તો લાંબા ગાળે ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલની અછત સર્જાઈ શકે.

ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાને સીધો પડકાર ફેંક્યો છે અને હવે સવાલ અમેરિકાની આબરૂનો છે. હોર્મુઝની ખાડી અમેરિકાના સાથી આરબ દેશો માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વની છે કેમ કે તેમનું અર્થતંત્ર ક્રૂડ ઓઈલ પર નિર્ભર છે. ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાના પીઠ્ઠુ એવા સઉદી અરેબિયા સહિતના દેશોનું નાક દબાવવા પ્રયત્ન કર્યો છે. તેના કારણે અમેરિકા-ઈઝરાયલ હુમલા ઘટાડવા પડે એવું બને કેમ કે સઉદી સહિતના દેશો માટે તો હોર્મુઝની ખાડી લાઈફલાઈન છે.

ઓમાનની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડતી હોર્મુઝની સામુદ્રધુની અત્યંત સાંકડી છે. મધ્યપૂર્વના પેટ્રોલિયમ ઉત્પાદક દેશોને એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકાના બજારો સાથે જોડતી આ ખાડી ઈરાનના સીધા કબજા હેઠળ નથી પણ વરસોથી ખાડીમાં ઈરાનના આર્મીનાં જહાજોની હાજરીના કારણે તેનું વર્ચસ્વ છે. અમેરિકાનો દાવો છે કે, હવે આ વિસ્તારમાં ઈરાનનાં કોઈ જહાજ નથી પણ આ દાવો સાચો નથી એ જહાજો રોકાતાં સાબિત થયું છે.

અત્યારે દુનિયાભરમાં મોટા ભાગનું ક્રૂડ ઓઇલ સઉદી અરેબિયા, ઇરાન, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત, ઈરાન અને ઇરાક એ છ દેશોમાંથી જાય છે. આ છ દેશો બીજા દેશો સુધી ક્રૂડ ઓઈલ પહોંચાડવા માટે હોર્મુઝની ખાડીના રસ્તાનો ઉપયોગ કરે છે. આ જ રસ્તે લિક્વિડ નેચરલ ગેસ એટલે કે પ્રવાહી કુદરતી ગેસ પણ બીજા દેશોમાં જાય છે.

અમેરિકા અને ઈઝરાયલ પાસે જોરદાર હવાઈ તાકાત છે તેથી ઈરાનનાં જહાજો પર બૉમ્બમારો કરી શકે પણ એ બૉમ્બમારામાં ક્રૂડ ઓઈલ ભરેલાં ટેન્કરોમાં પણ આગ લાગે તો આખો દરિયા ભડભડ સળગે. ઈરાન પોતે પણ સઉદી સહિતના દેશોને ડરાવવા તેમનાં ક્રૂડ ઓઈલ લઈ જતાં ટેંકરોને ઉડાવી શકે છે. આ ખતરાને ટાળીને ફરી ખાડી ખોલાવવી અમેરિકા માટે મોટો પડકાર છે.

ઈરાને હોર્મુઝની ખાડીનું કાર્ડ ખેલીને ને ભૂતકાળમાં ઈરાકના સદ્દામ હુસૈન અને અમેરિકા-ઈઝરાયલને હંફાવી દીધાં હતાં. ૧૯૮૦ના દાયકામાં ઇરાન અને ઇરાક વચ્ચે યુદ્ધ થયું ત્યારે બંને દેશોએ એકબીજાની પેટ્રોલિયમ પેદાશોની નિકાસને અવરોધવાના પ્રયાસ કર્યા હતા ને જોરદાર ટેન્કર વોર ચાલેલી. આ ટેન્કર વોરમાં ઈરાનનો હાથ ઉપર રહ્યો હતો. ઈરાકના સરમુખત્યાર ને એ વખતે અમેરિકાના પીઠ્ઠુ સદ્દામ હુસૈન ઈરાન સામેના જંગમાં હાંફી ગયા તેનું કારણ આ ટેન્કર વોર હતી.

ઈરાન ભૂતકાળની આ સફળતાને દોહરાવવા માગે છે. એ વખતની પરિસ્થિતિ અને અત્યારની સ્થિતિમાં આભ-જમીનનો ફરક છે. અત્યારે અમેરિકા અને ઈઝરાયલની તાકાત અનેક ગણી વધારે છે એ સાચું પણ ઈરાન ભારે નુકસાન કરવાની સ્થિતિમાં છે એ પણ એટલું જ સાચું છે. આ સંજોગોમાં અમેરિકા-ઈઝરાયલે ઈરાન પરના હુમલા બંધ કરવા પડે ને ઈરાન સાથે મંત્રણા કરવી પડે એવું બને.

આપણે ઈચ્છીએ કે એવું જ થાય ને ઈરાન અમેરિકા-ઈઝરાયલનું નાક દબાવીને મોં ખોલાવવામાં સફળ થાય કેમ કે યુદ્ધ કોઈના ફાયદામાં નથી. અમેરિકા પોતાની લશ્કરી અને આર્થિક તાકાતના મદમાં મત્ત છે ને ઈરાનને કટ્ટરવાદનો કેફ છે તેથી બંને જંગે ચડ્યા છે પણ આ બે આખલાની લડાઈમાં દુનિયાના ભારત સહિતના શાંતિપ્રિય દેશોનો ખો નીકળી રહ્યો છે. યુદ્ધ લાંબું ચાલે તો ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનું જે થવાનું હોય એ થાય પણ બીજા દેશો વગર લેવેદેવે લાંબા થઈ જશે એ જોતાં યુદ્ધ અટકે એ જરૂરી છે.

ચાર દિવસના યુદ્ધે એક વાત સાબિત કરી જ દીધી છે કે, ઈરાન વેનેઝુએલા નથી કે અમેરિકા મનફાવે એ રીતે વર્તી શકે. અમેરિકા-ઈઝરાયલ ઈરાનને ચાર દિવસમાં મસળી નાખશે એવી વાતો થતી હતી પણ ઈરાને સાબિત કરી દીધું છે કે, તેને ઝડપથી નમાવી શકાય તેમ નથી એ જોતાં યુદ્ધવિરામ સૌના ફાયદામાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૫-૩-૨૦૨૬, તુકારામ બીજ, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૪, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૨
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૦૮-૧૭ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૮ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૭-૧૪, રાત્રે ક. ૧૯-૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ દ્વિતીયા. તુકારામ બીજ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, ખાત, ઉપનયન પ્રતિષ્ઠા, પીપળાનું પૂજન, સૂર્યનારાયણનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અર્યમા, ધ્રુવ દેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર નોકરી, દસ્તાવેજ, મિત્રતા, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ કીર્તિ પ્રાપ્ત કરે, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ બે પરવાહ
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૬),
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

**મુખ્બિરે ઈસ્લામ**

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક મુકદ્દસ કિતાબઃ આ માહિતી નવી દૃષ્ટિ આપશે

**કુરાન** શરીફ વિશેની માહિતીને ગયા અંકથી આગળ વધારીશુંઃ

* કુરાને પાકમાં ૧૨ જંગો જેમાં પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહેવસલ્લમ (સ.અ.વ.) સામેલ હતા તેનો ઝિક્ર (ઉલ્લેખ) છે.

* કુરાને પાકમાં આખરી વહી લખનાર હઝરત ઉબઈ ઈબ્ને કઅબ રદ્દિયલ્લાહુ તઆલા અન્હો હતા.

* કુરાને પાકમાં વલીદ બિન મુગરાને હરામજાદો કહેલ છે. તેનો ગુનો હઝરત મુહંમદ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખીનો હતો.

* મસ્જિદે કિબ્લતૈન તે મસ્જિદ છે જેમાં કિબલા (ખાનાએ કાબા) બદલવાની આયત નાઝિલ થઈ. અડધી ઝોહર (બપોરે એક-સવ્વા એક વાગ્યે પઢવામાં આવતી) નમાઝ બૈતુલ મુકદ્દસ અને અડધી નમાઝ ખાન-એ-કાબા તરફ એક જ સમયમાં પઢવામાં આવી.

* કુરાને પાકમાં ૨૬ અમ્બિયાઓનો; પયગંબરોના ઝિક્ર (ઉલ્લેખ) આ ક્રમ અનુસાર થયેલ છેઃ

૧. હઝરત આદમ (અલૈયહિ સલ્લામ (અ.સ.).
૨. હઝરત ઈદીસ (અ.સ.),
૩. હઝરત નૂહ (અ.સ.),
૪. હઝરત લૂલ (અ.સ.),
૫. હઝરત ઈબ્રાહીમ (અ.સ.),
૬. હઝરત ઈસ્માઈલ (અ.સ.),
૭. હઝરત ઈસ્હાક (અ.સ.).
૮. હઝરત યાકૂબ (અ.સ.),
૯. હઝરત યુસૂફ (અ.સ.),
૧૦. હઝરત શૌએબ (અ.સ.),
૧૧. હઝરત મૂસા (અ.સ.),
૧૨. હઝરત હારૂન (અ.સ.),
૧૩. હઝરત યસઅ (અ.સ.),
૧૪. હઝરત ઝુલકિફલ (અ.સ.),
૧૫. હઝરત હૂદ (અ.સ.),
૧૬. હઝરત સ્વાલેહ (અ.સ.),
૧૭. હઝરત દાવૂદ (અ.સ.),
૧૮. હઝરત સુલેમાન (અ.સ.),
૧૯. હઝરત ઐયૂબ (અ.સ.),
૨૦. હઝરત ઈલ્યાસ (અ.સ.),
૨૧. હઝરત યૂનૂસ (અ.સ.),
૨૨. હઝરત ઝકરિય્યા (અ.સ.),
૨૩. હઝરત યહયા (અ.સ.),
૨૪. હઝરત ઉઝૈર (અ.સ.),
૨૫. હઝરત ઈસા (અ.સ.) અને
૨૬. હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) * એજ પ્રમાણે

* કુરાને પાકમાં ૧૨ ફરિશ્તાઓ, અલ્લાહના દૂત; પ્રતિનિધિઓનો ઉલ્લેખ છે,

૧. હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ (અ.સ.),
૨. હઝરત મિકાઈલ (અ.સ.),
૩. હઝરત હારૂત (અ.સ.) કે જેઓ આસ્માની ફરિશ્તાઓમાંથી છે.
૪. મારૂત (અ.સ.) બે ફરિશ્તા છે.
૫. રઅદ (અ.સ.) જેઓ તસ્બીહ, માળા (ઝિક્રે ઈલાહી) અને હમ્દે ઈલાહીમાં મશગૂલ રહે છે.
૬. બર્ક (ચાર મ્હોંવાળા ફરિશ્તા છે),
૭. માલિક (દોજખનો દારોગા છે),
૮. સૈજલ (આમાલનામા, કર્મ પર મુકર્રર - નિયુક્ત છે),
૯. કઈદ (બુરાઈઓ લખવા પર મુકર્રર છે),
૧૦. જુલકરનૈન (એક ફરિશ્તાનું નામ છે),
૧૧. રૂહ એક ફરિશ્તાનું નામ છે શરીરમાં મોટા છે.
૧૨. સકીનાઃ મોમીનો, ચૂસ્ત મુસલમાનોનાં દિલોને તસ્કીન, વહેચણી, ડિસ્ટ્રીબ્યુશન અને અમલ, વ્યવહાર, આચરણ, કર્મ, કામ, સત્તા અતા કરે છે.

* પવિત્ર કુરાનમાં ૭ કબીલા, સંગઠનોના નામ આવેલ છે.

૧. યાજૂજ,
૨. આદ,
૩. મધ્યન,
૪. રોમ,
૫. માજૂજ,
૬. સમૂદ અને
૭. કુરૈશ.

* કુરાને પાકમાં આવેલ કૌમના નામઃ કૌમે નૂહ, કૌમે તબા, કૌમે ઈબ્રાહીમ,, અસ્હાબુલ અઈક, (કૌમ મધ્યન) અસ્હાબુર્રસ્સ (કૌમે સમુદ) અસ્હાબુલ ઉખદૂદ.

* કુરાને પાકમાં આવેલ બૂતોના નામ વદદ્, સવાઅ, યગૂસ, યઉક, નસર, લાત, ઉજ્જા, મનાત, અલરજજ, અલ જબત, તાગૂત, અર્રશાદ, બઅલ અને આજર.

* સૌથી પહેલાં કુરાને પાકને કિતાબી શકલ (રૂપ)માં જમા કરાવનાર હઝરત અબૂબક્ર સિદ્દિક રદ્દિયલ્લાહો અન્હો હતા.

* હઝરત ઉસ્માનેગની રદ્દિયલ્લાહો અન્હોને પાંચ અથવા સાત નુસ્ખા તૈયાર કરાવેલ.

* કુરાને પાકમાં પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં ૭ નામો આવેલ છેઃ

૧. મુહંમદ, ૨. અહમદ, ૩. યાસીન, ૪. મુઝમ્મિલ, ૫. મુદ્દસ્સિર, ૬. અબ્દુલ્લાહ અને ૭. તાહા.

* કુરાને પાકની સૂરતો (પ્રકરણો)ના હજ્જાજબિન યુસૂફે લખ્યા.

* કુરાને પાકમાં મદ (જે શબ્દોને ઉચ્ચારથી બોલાય) અને વકફ (ધર્માદા મિલકત)ની નિશાની ખલીલ ઈબ્ને અહમદ ફરાએદીએ લગાવી.

* કુરાને પાકમાં ત્રીસ પારા, ભાગ, અધ્યાય મમુન અબ્બાસીના સમયમાં અમલમાં આવ્યા. નિસ્ફ રૂબુઅ અને સુલુસ એટલે અડધો ભાગ, પા ભાગ અને પોણો ભાગ મામૂન અબ્બાસીના સમયમાં અમલમાં આવ્યું.

* કુરાને પાકમાં હઝરત ઉસ્માને ગની રદ્દિયલ્લાહુ અન્હુ રમઝાન શરીફની નમાઝે તરાવીહ (રમઝાન માસમાં પંચગાના નમાઝ ઉપરાંત વધારાની નમાઝ)માં જેવી રીતે કુરાન શરીફ પેઢીને રૂકુઅ (અર્ધનમન) ફરમાવતા તેટલા હિસ્સાને રૂકુઅ કરાર (નમાઝ વખતે ઘૂંટણ પર હાથ મૂકી ઝૂકવું) આવ્યું.

* કુરાને પાક ૨૫ ટકા સૂરએ અન્આમ, ૫૦ ટકા સૂરએ કહફના વલ યતલફ પર, ૭૫ ટકા સૂરએ જુમર ખતમ પર થાય છે અને ૧૦૦ ટકા સૂરએ નાસ પર પૂર્ણ થાય છે.

સુજ્ઞ વાચકો! કુરાને પાકની ૭ મંઝિલ કઈ કઈ છે? આખી રાતમાં એક રકાત (નમાઝનો એક હિસ્સો) આખું કુરાનનું વાંચન પૂર્ણ કરનાર ચાર વ્યક્તિઓ કોણ કોણ હતા? વગેરે માહિતી લેખના આવતા અંકના પાંચમા ને છેલ્લા ભાગમાં વાંચીશું અને અત્યંત સંશોધનપૂર્વક તૈયાર કરવામાં આવેલ આ લેખ પરથી કુરાન પાક વિશેની રસપ્રદ માહિતીથી પરિચિત થશું.

* * *

**સાપ્તાહિક સંદેશ**

- 'હે લોકો! તમારી પાસે એક એવા પયગંબર (સ.અ.વ.) તશરીફ લાવ્યા છે જે તમારી જિન્સ (માનવ)માંથી છે કે જેમને તમારા નુકસાનની વાત ઘણી ભારે લાગે છે અને તમારા કલ્યાણ માટે ઘણાં જ આતુર છે.' -અલ-કુરાન ■

## પહેલા પાનાનું ચાલુ

### લંકા પાસે

ઈમર્જન્સી સિગ્નલ મળ્યા બાદ શ્રીલંકાના નૌકાદળે બચાવ મિશન શરૂ કર્યું હતું. પ્રવક્તાએ કહ્યું હતું કે ઈરાની જહાજે શ્રીલંકાના નૌકાદળનો કોલ મળ્યા બાદ બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. નૌકાદળે ૩૨ ઘાયલોને બચાવ્યા છે અને હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

શ્રીલંકાનાં વિદેશ પ્રધાન વિજિતા હેરાથે કહ્યું હતું કે ડૂબેલા જહાજના કર્મચારીને તબીબી સારવાર દેવા કિનારા પર લાવવામાં આવી રહ્યા છે. શ્રીલંકાએ આ હુમલાનો જોરદાર જવાબ દેવાની વાત કરી છે. ■

### પશ્ચિમ એશિયાના

અમેરિકાની લશ્કરી કાર્યવાહી અને છેતરપિંડીના પરિણામે ક્ષેત્રના લશ્કરી અને આર્થિક માળખાનો સંપૂર્ણ નાશ થશે.

ઈરાનની સરકારી એજન્સીએ કહ્યું હતું કે યુદ્ધમાં ઈરાનમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૧૦૪૫ સુધી પહોંચી ગયો છે. ઈરાનના ફાઉન્ડેશન ઓફ માર્ટર્સ એન્ડ વેટરન્સ અફેર્સે આ સંખ્યા જાહેર કરતા કહ્યું કે આ અત્યાર સુધી ઓળખ કરવામાં આવી હોય અને દફનાવવા માટે તૈયાર કરાયેલા મૃતદેહોની સંખ્યા છે. અમેરિકા અને ઈઝરાયલે કરેલા હુમલાનો બદલો લેવા ઈરાન મધ્ય-પૂર્વમાં આવેલા અમેરિકાનાં ઠેકાણાં પર હુમાલો કરી રહ્યું છે. અહેવાલ મુજબ મંગળવારે મોડી રાત્રે દુબઈમાંના અમેરિકાના દૂતાલય પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડ્રોન હુમલાને કારણે દૂતાલયની બિલ્ડીંગ પાસે આગ લાગી હતી, જેનો વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે.

અમેરિકા મીડિયા અહેવાલ મુજબ એક ડ્રોન કોન્સ્યુલેટની બિલ્ડિંગની બાજુમાં આવેલા પાર્કિંગ લોટ પર પડ્યું હતું, ડ્રોન પાડવાને કારણે આગ ફાટી નીકળી હતી. એક વિડીયોમાં જોવા મળે છે કે યુએસ કોન્સ્યુલેટ બિલ્ડિંગની પાછળથી ધુમાડાના ગોટા નીકળી રહ્યા છે. ઈઝરાયલના લશ્કરે કહ્યું હતું કે તેના એક એફ-૩૫ જેટે ઈરાન ઍર ફોર્સના યાક-૧૩૦ ફાઈટરને પાડી નાખ્યું હતું. ઈઝરાયલે વધુમાં કહ્યું હતું કે દેશમાં ઈરાને છોડેલી મિસાઈલોને આંતરવા ઈઝરાયલના ઍર ડિફેન્સને સક્રિય કરવામાં આવ્યું હતું. જેરુસલેમમાં ધડાકાના અવાજ સંભળાયા હતા. ઈઝરાયલ-અમેરિકાની યુદ્ધનો ઈરાન પણ આક્રમક જવાબ આપી રહ્યું છે ત્યારે ઈરાને કતારસ્થિત અમેરિકન એએન-એફપીએસ ૧૩૨ રડાર પર મિસાઈલથી ઘાતક હુમલો કર્યો છે. ઈરાન ખાડી દેશસ્થિત અમેરિકાના મિલિટરી બેઝને નિશાન બનાવી રહ્યું છે. (એજન્સી) ■

### ગુજરાતમાં ધુળેટીને

બહાર કાઢ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સીતાપુર ગામ નજીક આવેલા ઝોલાસર તળાવમાં ધુળેટી રમ્યા બાદ નાહવા પડેલા પાંચ બાળકો ડૂબી રહ્યા હતા, જેમાંથી બેને બચાવી લેવાયા હતા, પરંતુ ત્રણના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાંસલપુર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

જ્યારે સુરતના માંગરોળ તાલુકાના પાનસરા ગામ પાસે કીમ નદીમાં નાહવા પડેલા ત્રણ મિત્ર પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મૃતકોની ઓળખ સંજય ધનજી માંગુકિયા, ચંદ્રભૂષણ સિંહ અને હેપ્પી સિંહ તરીકે થઈ હતી. સ્થાનિક લોકો અને ફાયર બ્રિગેડે તેમના મૃતદેહ બહાર કાઢ્યા હતા. ત્યારબાદ તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. બીજી ઘટનામાં સુરતના બારડોલીના ઇસરોલી ગામની નદીમાં પાંચ યુવક ડૂબ્યા હતા. ધુળેટી રમ્યા બાદ નદીમાં નાહવા પડેલા પાંચમાંથી ચાર યુવક ડૂબી ગયા હતા અને એકનો બચાવ શક્ય બન્યો હતો, તેવી માહિતી સ્થાનિક સૂત્રોએ આપી હતી. અમદાવાદના કોતરપુરમાં સાબરમતી નદીમાં નાહવા પડેલા ચાર યુવક ડૂબ્યા હતા. મળતી માહિતી અનુસાર ત્રણ યુવકના પાણીમાં જ ડૂબી જતાં મોત થયા હતા અને એક યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ચારેય યુવક શહેરના કુબેરનગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

આવી જ દુઃખદ ઘટના મહીસાગરના કોઠંબા નજીક આવેલા મુવાડા ગામે પણ બની હતી. અહીં રંગોથી રમી તળાવમાં નાહવા પડેલા ચાર યુવાન ડૂબી ગયા હતા. લુણાવાડાની બચાવ ટીમે ચારેય યુવાનના મૃતદેહ કલાકો બાદ બહાર કાઢ્યા હતા. અમિતકુમાર વિનોદભાઈ બારીયા, તુષારકુમાર રુદ્રનાથ બારીયા, જયેશકુમાર જશવંતભાઈ બારીયા, વિપુલકુમાર જશવંતભાઈ બારીયા મૃત્યુ પામ્યા હતા, જેમાં બે સગા ભાઈનો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ સાથે મહેસાણાના કડીના થોળ રોડ પર આવેલી નર્મદા કેનાલમાં ડૂબી જતા એક યુવકનું મોત નિપજ્યું હતું. બીજી આવી ઘટના પણ મહેસાણામાં બની હોવાનું જાણવા મળ્યું હતું. અહીંની મોટી દઉ કેનાલમાં ચાર યુવક નાહવા પડ્યા હતા, જેમાંથી ડૂબી જતાં બેના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધનસુરાના જાલમપુરા અને બુટાલ ગામના બે યુવાન માઝુમ નદીમાં ડૂબી ગયા હતા. સ્થાનિકોની મદદથી બન્ને યુવાનના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ■

### રૂપિયો ૫૬ પૈસા

૧૮,૫૦૧ ઘટીને રૂ. ૨,૭૧,૩૪૭ અને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦૩ ઘટીને રૂ. ૧,૬૧,૮૯૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૯૨૩ ઘટીને રૂ. ૧,૬૨,૫૪૮ના મથાળે રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના ૯૧.૪૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૩૫ અને ઉપરમાં ૯૧.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૫૬ પૈસા પટકાઈને ૯૨.૦૫ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા વધીને ૯૮.૮૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૯ ટકા ઉછળીને બેરલદીઠ ૮૨.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

### સેન્સેક્સમાં કડાકો

રૂપિયાના ઘટાડા સાથે ૪૪૭.૧૮ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચ્યું હતું. હોર્મુઝ સ્ટ્રેઇટમાં પુરવઠો અવરોધાવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ત્રણેક ટકાથી મોટો ઉછાળો આવ્યો હતો અને તેને કારણે અમેરિકન ચલણ સામે રૂપિયો મોટા કડાકા સાથે વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. આ પરિબળોને કારણે બોન્ડ યિલ્ડમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો.

ઇઝરાયલ અને યુએસ દ્વારા તેના પર સંયુક્ત હુમલાના બદલામાં ઇરાને ઘણા ગલ્ફ દેશો પર હુમલો કરવાનું ચાલુ રાખતા પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. અમેરિકા અને ઇઝરાયલે પણ ઇરાન પર નવાં નવાં લક્ષ્યાંકો પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. એશિયન બજારોમાં પણ મિડલ ઇસ્ટના યુદ્ધની વધી રહેલી તીવ્રતા અને તે લાંબું ચાલવાની શક્યતાને કારણે મોટા કડાકા નોંધાયા હતા. દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૧૨ ટકાનો કડાકો બોલાયો હતો. એ જ સાથે જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ પણ નોંધપાત્ર રીતે નીચે ધકેલાયો હતો. જોકે, યુરોપિયન બજારો હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ કરી રહ્યા હતા. ■

### ખામનાઈનો દીકરાને

ધર્મગુરુ છે. લાંબા સમયથી પડદા પાછળ પ્રભાવશાળી ભૂમિકા ભજવતા આવ્યા છે. તેઓ આઈઆરજીસી અને બસિજ મિલિશિયા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. મોજતબાની ધાર્મિક માન્યતાને પણ સર્વોચ્ચ નેતાના પદ માટે અપૂરતી માનવામાં આવે છે, પરંતુ આઈઆરજીસીના સમર્થને તને શક્ય બનાવી દીધું હતું.

જોકે તેમની નિમણૂક પર વિવાદ છે. કારણકે ઈસ્લામી ક્રાંતિની મૂળ ભાવનમાં ઉત્તરાધિકારીને પસંદ કરવામાં આવતા નથી. અનેક કટ્ટરપંથી પણ તેને રાજાશાહી માનીને વિરોધ કરી શકે છે.

ટીકાકારોનું કહેવું છે કે મોજતબા પાસે સર્વોચ્ચ નેતા બનવા માટે જરૂરી ધાર્મિક લાયકાત નથી. તેમનો 'હોજાતોલેસ્લામ'નો હોદ્દો 'આયાતોલ્લાહ'ના હોદ્દા કરતા એક ક્રમ નીચે છેજે હોદ્દો તેમના પિતા અને ઈસ્લામિક રિપબ્લિકના સ્થાપક રુહોલ્લાહ ખામનેઈ ધરાવતા હતા. ■

### ખામનેઈના અનુગામીને

થઈ રહી છે. ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન કેત્ઝે બુધવારે એવી ધમકી આપી હતી કે શિયા નેતા ખામેનેઈના અનુગામીની પણ અમે હત્યા કરીશું. કેત્ઝે એક્સ પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે ઈરાનના આતંકવાદી શાસક જે પણ નેતાને પસંદ કરશે અને તે ઈરાનના લોકોનું દમન કરીને ઈઝરાયલના વિનાશ અને અમેરિકાને ધમકી આપવાનું ચાલુ રાખશે તેની ઈઝરાયલ હત્યા કરશે. ■

### બેઈજિંગ પર

પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે અને જે પણ જહાજ ત્યાંથી પસાર થશે તો મિસાઈલો અને ડ્રોનથી તેના પર હુમલો કરાશે. હોર્મુઝ સામુદ્રધુની સંયુક્ત આરબ અમીરાત અને કતાર જેવા દેશોને ખુલ્લા સમુદ્ર સુધી પ્રવેશ પૂરો પાડે છે. ■

### હવે બિહારનો

થઈ છે. નીતીશ કુમારને રાજ્યસભામાં મોકલવામાં આવે તો પણ બિહારનો તાજ કોને આપી શકાય. બિહારમાં જો નીતીશ કુમાર હટે તો ભાજપ પોતાનો દાવો મજબૂતાઈપૂર્વક રજૂ કરી શકે છે.

નીતીશ કુમાર લગભગ ૨૦ વર્ષ સુધી બિહારના રાજકારણનું સુકાન સંભાળ્યું છે. જો જિતન રામ માંઝીના થોડા મહિનાના કાર્યકાળને બાકાત રાખવામાં આવે તો તેઓ લાંબા સમયગાળા સુધી સીએમ બન્યા હતા. ■

# વૉટ્સઍપ ચેટના આધારે ક્રૂરતાનો હવાલો આપીને છૂટાછેડા આપી શકાય નહીંઃ હાઈ કોર્ટ

મુંબઈઃ ફક્ત વોટ્સએપ ચેટ પરથી કથિત ક્રૂરતાના આધારે પત્નીને રજૂઆતની તક આપ્યા વિના છૂટાછેડા આપી શકાતા નથી એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે ન્યાયાધીશ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેની બેન્ચે નાશિક જિલ્લા ફેમિલી કોર્ટ દ્વારા ક્રૂરતાના આધારે પત્નીથી છૂટાછેડા માંગતી એક પુરુષ દ્વારા દાખલ કરાયેલી અરજીને મંજૂરી આપતા આદેશને રદ કર્યો હતો.

ફેમિલી કોર્ટે મે ૨૦૨૫ ના તેના આદેશમાં, પુરુષ દ્વારા રજૂ કરાયેલ વોટ્સએપ ચેટનો આધાર લીધો હતો જેમાં મહિલાએ નાશિકથી પુણે સ્થળાંતર કરવાની માંગ કરી હતી, અને જેમાં તેણે કથિત રીતે તેની સાસુ અને નણંદ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. ફેમિલી કોર્ટે નોંધ્યું હતું કે પત્નીએ વોટ્સએપ ચેટમાં યુક્તિઓ, ભાવનાત્મક બ્લેકમેલ અને અસંયમી ભાષાનો ઉપયોગ કર્યો હતો અને પતિ સામે ક્રૂરતા આચરવામાં આવી હતી અને તેથી તે છૂટાછેડા માટે હકદાર હતો. ત્યારબાદ મહિલાએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફેમિલી કોર્ટે એકતરફી રીતે અને તેને વિરોધ કરવાની કે તેની દલીલો રજૂ કરવાની તક આપ્યા વિના આદેશ પસાર કર્યો હતો.

હાઈ કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે ફેમિલી કોર્ટે પત્નીને પતિ દ્વારા રજૂ કરાયેલા પુરાવા (વોટ્સએપ ચેટ્સ)નું ખંડન કરવાની તક આપી નહોતી. તેથી, છૂટાછેડાનો આદેશ રદ કરવાની જરૂર છે અને આ મામલો ફેમિલી કોર્ટમાં પાછો મોકલવાની જરૂર છે જેથી પત્નીને પોતાની બાજુ રજૂ કરવાની તક મળે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે વધુમાં કહ્યું હતું કે, જ્યારે ફેમિલી કોર્ટ આ મામલાનો નવેસરથી નિર્ણય લે, ત્યારે અલગ થયેલા દંપતી મધ્યસ્થી દ્વારા સમાધાન કરી શકે છે. (પીટીઆઈ) ■

# બાળ ઠાકરેની ધરપકડઃ ભુજબળે કહ્યું કે ફાઈલ પોલીસ તરફથી આવી હતી

મુંબઈઃ મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન છગન ભુજબળે પૂર્વ આઈપીએસ અધિકારી કે પી રઘુવંશીના દાવાને ફગાવી દીધો છે કે તેમણે (છગન ભુજબળે) બાળ ઠાકરેની ધરપકડ કરવા માટે દબાણ કર્યું હતું. એ અંગેની ફાઈલ તો પોલીસ તરફથી જ આવી હતી એવો દાવો ભૂજબળે કર્યો હતો. શિવસેનાના દિવંગત સંસ્થાપક ઠાકરેની ૧૯૯૩ના મુંબઈમાં કોમી રમખાણોને ભડકાવવામાં કથિત ભૂમિકા બદલ ૨૦૦૦માં ધરપકડ કરવામાં આવી હતી.

ગયા અઠવાડિયે પ્રકાશિત થયેલા રઘુવંશીના જીવનચરિત્રમાં તેમને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે શિવસેના પ્રમુખની ધરપકડ કરવા માટે ભુજબળ દ્વારા તેમના પર દબાણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ - એનસીપીના વરિષ્ઠ નેતાએ મંગળવારે વધુમાં જણાવ્યું હતું કે 'હું રઘુવંશીને પૂછવા માગું છું કે મને ફાઈલ કોણે મોકલી? પોલીસ કમિશનર પાસેથી ફાઇલ મળ્યા બાદ અમે તેને પરત મોકલી શક્યા નહીં, કારણ કે અમે શ્રીકૃષ્ણ આયોગના અહેવાલને (મુંબઈ રમખાણો પર) લાગુ કરવાનું વચન આપ્યું હતું.'

ભુજબળે એમ પણ કહ્યું હતું કે તેમણે વરિષ્ઠ પોલીસ અધિકારી એમ એન સિંહને કહ્યું હતું કે ઠાકરેને જામીન મળવા જોઈએ અને જો તેઓ જામીન ન આપે તો ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી'ને જેલમાં ફેરવી નાખવું જોઈએ.

રમખાણો દરમિયાન શિવસેનાના મુખપત્ર 'સામના'માં ઉશ્કેરણીજનક લખાણો લખવા બદલ મુંબઈ પોલીસે ૨૫ જુલાઈ ૨૦૦૦ના દિવસે બાળ ઠાકરેની ધરપકડ કરી હતી. ઠાકરેને અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ કેસ ફગાવી તેમને છોડી મુકવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723

# પોલીસના સ્વાંગમાં લૂંટઃ આઠ પકડાયા

થાણેઃ પાંચ લાખ રૂપિયાના બદલામાં ચલણમાંથી પાછી ખેંચાયેલી સાત લાખની રોકડ આપવાની લાલચમાં સપડાવ્યા બાદ પુણેના વેપારીને કલ્યાણ બોલાવી પોલીસના સ્વાંગમાં લૂંટ ચલાવનારા આઠ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર કલ્યાણજી ગીતેએ જણાવ્યું હતું કે ઘટના ગયા સપ્તાહમાં બની હતી. પુણેથી આવેલા ફરિયાદીની મુલાકાત કલ્યાણમાં આરોપી સાથે થઈ હતી. ભારતીય ચલણમાંથી પાછી ખેંચવામાં આવેલી સાત લાખની રોકડ માત્ર પાંચ લાખ રૂપિયામાં આપીને બે લાખ રૂપિયાનો નફો કરાવવાની ખાતરી આપી આરોપીએ ફરિયાદીને લલચાવ્યો હતો.

નક્કી થયા મુજબ ફરિયાદી પાંચ લાખ રૂપિયા લઈને વિઠ્ઠલવાડી રેલવે સ્ટેશન નજીક પહોંચ્યો હતો. બાદમાં આરોપીના સાથી એસયુવીમાં ત્યાં પહોંચ્યા હતા. પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને આરોપીઓ ફરિયાદીની રોકડ લૂંટી ફરાર થઈ ગયા હતા, એમ ગીતેએ જણાવ્યું હતું.

આ પ્રકરણે ફરિયાદને આધારે કોલસેવાડી પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ૨૭ ફેબ્રુઆરીએ ગુનો નોંધ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપીઓની એસયુવીને ટ્રેસ કરી હતી. ઑલ્ડ મુંબઈ-પુણે હાઈવે પરના સોમાટણે ફાટા ટોલનાકા નજીક એસયુવીને આંતરી પાંચ કલાકમાં જ ચાર આરોપીને તાબામાં લીધા હતા. (પીટીઆઈ) ■

# પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા વાંસની ખેતીને રાજ્યમાં પ્રોત્સાહન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યભરમાં વાંસની ખેતીને પ્રોત્સાહન આપવા માટે પ્રયત્નશીલ છે, જે ગ્રામીણ રોજગાર પેદા કરવા, પરંપરાગત કારીગર કૌશલ્યને જાળવવા અને પ્લાસ્ટિક પર નિર્ભરતા ઘટાડવાની તેની ક્ષમતા વધારે છે એમ વન પ્રધાન ગણેશ નાઈકે બુધવારે જણાવી ઉમેર્યું હતું કે બજારોને સ્થિર કરવા અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વાંસનાં ઉત્પાદનો માટે સરકારી ખરીદી દર પર વિચાર કરવામાં આવશે.

વિધાનસભામાં ચર્ચા દરમિયાન જવાબ આપતા નાઈકે જણાવ્યું હતું કે વાંસની ખેતી હવે રાજ્યના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા કોંકણ, પશ્ચિમ મહારાષ્ટ્ર, વિદર્ભ, મરાઠવાડા અને ખાનદેશમાં કરી શકાય છે. સરકાર ખાસ કરીને કોંકણમાં જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવાની યોજના ધરાવે છે, જેથી વધુ ખેડૂતો વાંસની ખેતી અપનાવવા માટે તૈયાર થાય. રાજ્યએ 'અટલ વાંસ સમૃદ્ધિ યોજના' અમલમાં મૂકી છે, જે ખેડૂતોને એક થી ત્રણ વર્ષ સુધી વાંસ ઉગાડવા માટે નાણાકીય સહાય પૂરી પાડે છે. આ યોજના હેઠળ, ખેડૂતો પ્રતિ ૧.૫ હેક્ટર દીઠ ૭ લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકે છે, જેમાં હવે ટીશ્યુ-કલ્ચર પદ્ધતિઓ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા રોપાઓ ઉપલબ્ધ છે. (પીટીઆઈ) ■

# મહિલાઓના કૉચ વચ્ચેના પાર્ટિશનનો લાભ ઉઠાવી મંગળસૂત્ર ચોરનારો ઝડપાયો

મુંબઇઃ સેન્ટ્રલ રેલવેમાં દિવ્યાંગ અને મહિલાઓના કૉચ વચ્ચેના પાર્ટીશનમાંના ગૅપમાં હાથ નાખીને મહિલાનું મંગળસૂત્ર આંચક્યા બાદ ચાલતી ટ્રેનમાંથી કૂદી ફરાર થનારા ૨૯ વર્ષના આરોપીને રેલવે પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. રેલવે પોલીસની ક્રાઇમ બ્રાન્ચ (દાદર યુનિટ-૧)ની ટીમે ધરપકડ કરેલા આરોપીની ઓળખ પરવેઝ અબ્દુલ અહાદ ખાન (૨૯) તરીકે થઇ હોઇ તે મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને વડાલા પૂર્વમાં રહે છે. આરોપી વિરુદ્ધ દાદર, વાશી, ડોંબિવલી અને થાણે રેલવે પોલીસ સ્ટેશનમાં આવા ગુના દાખલ હોઇ તેની પાસેથી ૭.૯૦ લાખ રૂપિયાના દાગીના જપ્ત કરાયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર કીર્તિમાલા વરાડકર (૬૦) નામની વૃદ્ધા ૨૯ જાન્યુઆરીએ તેના પતિ સાથે સીએસએમટી સ્લો લોકલના દિવ્યાંગ કૉચમાં પ્રવાસ કરી રહી હતી ત્યારે પરેલ-કરી રોડ રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેન ધીમી થતાં કીર્તિમાલાની બાજુમાં બેઠેલા ચોરે તેનું મંગળસૂત્ર આંચક્યું હતું અને ટ્રેનમાંથી કૂદીને પલાયન થઇ ગયો હતો. આ પ્રકરણે દાદર રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને જે કોચમાં ઘટના બની હતી. ■

# અન્ડરકન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાંથી ગયા અઠવાડિયે છ મજૂરો પડી ગયા હતા

## ચેમ્બુર દુર્ઘટનાનો મૃત્યુ આંક ત્રણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેમ્બુરમાં ગયા અઠવાડિયા અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગમાંથી કામ કરતા સમયે છ મજૂરો નીચે પડી ગયા હતા. આ દુર્ઘટનામાં બુધવારે વધુ એક મજૂરનું સારવાર દરમ્યાન મૃત્યુ થતા અત્યાર સુધીનો મૃત્યુઆંક ત્રણ થઈ ગયો છે. એકની હાલત હજી પણ ગંભીર હોઈ તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. બાકીના બેની હાલત સ્થિર છે.

ચેમ્બુરના સુભાષ નગરમાં ૨૮ ફેબ્રુઆરીના એક અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગના છઠ્ઠા માળેથી છ મજૂર નીચે પડી ગયા હતા, તેમાંથી પંચાવન વર્ષના રામતુલ્લા હૉસ્પિટલમાં સારવાર મળે એ અગાઉ જ મૃત્યુ થયું હતું. આ દુર્ઘટના બાદ કન્સ્ટ્રકશન સ્થળ પર મજૂરોની સલામતી માટે યોગ્ય પગલાં લીધાં ન હોવાને કારણે કૉન્ટ્રેક્ટર સામે ગુનો પણ નોંધવામાં આવ્યો હતો.

આ દુર્ઘટનામાં રવિવાર, પહેલી માર્ચના સારવાર દરમ્યાન ૩૫ વર્ષના વિજય મોર્યાનું સાયન હૉસ્પિટલમાં રાતના મૃત્યુ થયું હતું. ડોકટરના કહેવા મુજબ ડાબા હાથને ઈજાની સાથે જ તેના આંતરડા અને કિડનીને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. તો તેને જાંઘમાં પણ હાડકું તૂટી ગયું હતું.આ દરમ્યાન ૨૨ વર્ષના ગંગાધર રાયનું પણ બુધવારે સાયન હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન બપોરના મૃત્યુ થયું હતું. શરીર પર અનેક જગ્યાએ ફ્રેક્ચરની સાથે જ ઉપરથી નીચે પડવાને કારણે તેના મગજને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.■

# બોઈસરમાં પ્રેમલગ્નના વિરોધમાં ઘરમાં ઘૂસીને ગોળીબાર કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રેમલગ્નનો વિરોધ કરનારા શખસે ઘરમાં ઘૂસીને યુવકના પિતા પર ગોળીબાર કર્યો હોવાની બોઈસરમાં બનેલી ઘટનામાં પોલીસે આરોપીને યવતમાળમાં પકડી પાડ્યો હતો. બોઈસર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ઉમેશ ઉર્ફે પ્રહ્લાદ મોતીરામ ઘરત (૫૨) તરીકે થઈ હતી. ઘરતને વર્ણી પોલીસની મદદથી યવતમાળ જિલ્લામાંથી તાબામાં લેવાયો હતો.

પાલઘર જિલ્લાના મહાગાંવમાં રહેતા અને કરિયાણાની દુકાન ધરાવતા પ્રીતેશ સુરેશ વરખંડે (૨૨)એ પ્રેમલગ્ન કર્યાં હતાં. કહેવાય છે કે આંતરજ્ઞાતીય લગ્નને કારણે ઘરતે તેનો વિરોધ કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૨૩ ફેબ્રુઆરીની મધરાતે ઘરત પિસ્તોલ સાથે વરખંડેના ઘરમાં ઘૂસ્યો હતો. ફરિયાદી પ્રીતેશ અને તેની પત્ની સાથે ઝઘડો કરી ઘરતે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. ઝપાઝપી અને મારપીટ પછી આરોપીએ પિસ્તોલમાંથી એક રાઉન્ડ ફાયર કર્યું હતું. ગોળી વરખંડેના પિતા સુરેશ (૫૨)ના માથામાં વાગી હતી. ■

# ધુળેટીની ઉજવણીમાં થયો ઝઘડોઃ મધ્યસ્થી કરનારાએ જીવ ગુમાવ્યો

થાણેઃ ભિવંડીની એક સોસાયટીમાં ધુળેટીની ઉજવણી વખતે થયેલા ઝઘડામાં મધ્યસ્થી કરનારા રહેવાસીએ જીવ ગુમાવવો પડ્યો હતો. ઝઘડો છોડાવવા આવેલા રહેવાસીને આરોપીઓએ લાકડાના પાટિયાથી ફટકારતાં તેનું મૃત્યુ થયું હતું.

નારપોલી પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સવારે કશેળી પરિસરમાં આવેલી એક રહેણાક સોસાયટીમાં બની હતી. મૃતકની ઓળખ ઉમેશ બિરા સાવ (૪૪) તરીકે થઈ હતી.

ઉમેશ સોસાયટીના રહેવાસીઓ સાથે ધુળેટી રમતો હતો ત્યારે ચંદન પ્રકાશ હરિરામ સાવ, કારુકુમાર હરિરામ સાવ અને અન્ય એક વ્યક્તિ વચ્ચે નજીવી બાબતે ઝઘડો થયો હતો. ઉમેશે મધ્યસ્થી કરી ઝઘડો શાંત પાડવાનો પ્રયાસ કરતાં સાવ ભાઈઓ રોષે ભરાયા હતા.

કહેવાય છે કે આરોપી સાવ ભાઈઓએ મારપીટ પછી લાકડાના પાટિયાથી ઉમેશને ફટકાર્યો હતો. માથું, આંખ, હાથ અને પગ પર ગંભીર ઇજા સાથે તેને હૉસ્પિટલે લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ પ્રકરણે નારપોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બુધવારની મોડી સાંજ સુધી આ કેસમાં કોઈની ધરપકડ કરાઈ ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટેમ્પોમાં આગઃ ડ્રાઈવરનું મોત, ક્લીનર ઘાયલ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર રાતના ટેમ્પોમાં આગ લાગતાં ૨૮ વર્ષના પંજાબના ડ્રાઇવરનું મોત થયું હતું, જ્યારે ક્લીનર ગંભીર રીતે ઘવાયો હતો.

હાઇવે પર સોમતા નજીક મંગળવારે રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેને કારણે ટ્રાફિકને અસર થઇ હતી. પાલઘર ગ્રામીણ પોલીસના જણાવ્યા અનુસાર પૂરપાટ વેગે જનારા ટેમ્પોમાં અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આખો ટેમ્પો આગની લપેટમાં આવી ગયો હતો.

આગ એટલી ભીષણ હતી કે ટેમ્પોના ડ્રાઇવર જવાન સિંહનું મોત થયું હતું, જ્યારે ટેમ્પો લઇ જવાઇ રહેલું મટિરિયલ બળીને ખાખ થઇ ગયું હતું. ટેમ્પોનો ક્લીનર અને પંજાબનો રહેવાસી ગુરુસેવક સિંહ (૩૮) સળગતા ટેમ્પોમાંથી બહાર કૂદી પડ્યો હતો અને બચી ગયો હતો, પણ તે ગંભીર રીતે દાઝી ગયો હતો.

ઘાયલ ક્લીનરને સારવાર માટે સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો, જ્યારે ડ્રાઇવરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ઘોડબંદર રોડ પર પાર્ક કરાયેલા બે વાહનમાં આગ

થાણેઃ ઘોડબંદર રોડ પર મેદાનમાં પાર્ક કરાયેલી કાર અચાનક સળગી ઊઠતાં બાજુમાં ઊભેલી સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ (એસયુવી)ને પણ આગને કારણે નુકસાન થયું હતું.

થાણે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની સવારે ૧૧ વાગ્યાની આસપાસ નેપ્રો ગ્રાઉન્ડ પર બની હતી. આ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી.

મેદાનમાં પાર્ક બે વાહનમાં અચાનક આગ લાગી હતી. સ્થાનિક રહેવાસીએ ઘટનાની જાણ કન્ટ્રોલ રૂમને કરી હતી. આગની માહિતી મળતાં જ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારી પિકઅપ વેહિકલ સાથે અને ફાયર બ્રિગેડના જવાનો ફાયર એન્જિન સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, એમ તડવીએ જણાવ્યું હતું.

આગમાં એક કાર પૂર્ણપણે બળી ગઈ હતી, જ્યારે એસયુવીને આંશિક નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. જોકે સખત તાપને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ફાયર બ્રિગેડના જવાનોએ ગણતરીના કલાકમાં જ આગ પર કાબૂ મેળવ્યો હતો. પરિસ્થિતિ કાબૂમાં હોઈ કોઈ જખમી ન હોવાનું તડવીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

# શાળાની વિદ્યાર્થિનીનો કર્યો વિનયભંગ, પચાસ હજાર પડાવ્યાઃ યુવક ઝડપાયો

થાણેઃ થાણેમાં છેલ્લા છ મહિનાથી શાળાની પંદર વર્ષની વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવા અને તેની પાસેથી પચાસ હજાર રૂપિયા પડાવવા બદલ ૨૩ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીની ઓળખ પ્રથમેશ દેસાઇ તરીકે થઇ હોઇ તે લોકમાન્ય નગર વિસ્તારનો રહેવાસી છે અને વિદ્યાર્થિનીનાં માતા-પિતાએ ૧ માર્ચે ફરિયાદ નોંધ્યા બાદ પ્રથમેશ દેસાઇને કસ્ટડીમાં લેવાયો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

વર્તકનગર પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ સપ્ટેમ્બર, ૨૦૨૫થી ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન આરોપી દેસાઇએ વિદ્યાર્થિનીને નિશાન બનાવી હતી. આરોપી દેસાઇ ઘણી વાર તેને એકાંત સ્થળોએ લઇ જતો અને તેનો વિનયભંગ કરતો હતો.

આરોપીએ વિદ્યાર્થિનીને તેમના કથિત સંબંધની જાણ માતા-પિતાને કરી દેવાની ધમકી આપી હતી અને તેની પાસેથી પચાસ હજાર રૂપિયા પડાવ્યા હતા.

આરોપીની સતત ધમકી અને વારંવારની પૈસાની માગણીથી કંટાળીને વિદ્યાર્થિનીએ હિંમત કરીને તેનાં માતા-પિતાને તમામ હકીકત જણાવી હતી, જેને પગલે તેમણે વર્તકનગ પોલીસ સ્ટેશનમાં જઇ ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■

# વેપારીના પરિવારને ૨૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૫માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વેપારીના પરિવારને ૨૪.૪૯ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ટ્રિબ્યુનલનાં સભ્ય આર.વી. મોહિતેએ પચીસમી ફેબ્રુઆરીએ આપેલા આ આદેશની નકલ બુધવારે પ્રાપ્ત થઇ હતી.

રામધર ગિરિજા શર્મા (એ સમયે ૪૭ વર્ષની વય)નું ૨૧ જૂન, ૨૦૧૫ના રોજ મૃત્યુ થયું હતું, જ્યારે ભાયંદર પૂર્વમાં મારુતિ કારે તેને અડફેટમાં લીધો હતો. પોલીસે આ પ્રકરણે ભારતીય દંડસંહિતા અને મોટર વેહિકલ એક્ટ હેઠળ ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે ડ્રાઇવર દ્વારા 'પૂરપાટ વેગે અને બેદરકારીપૂર્વક' વાહન હંકારવાને કારણે અકસ્માત થયો હતો.

ઇન્કમ ટેક્સ રિટર્નનો ઉલ્લેખ કરતા ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે આયુર્વેદિક દવાઓનો વેપાર કરનારા રામધર શર્માની વાર્ષિક આવક ૨.૧૮ લાખ રૂપિયા હતી. (પીટીઆઇ) ■

# દિવ્યાંગતાના ખોટા પ્રમાણપત્રો રજૂ કરવા બદલ ૩૧૬ અધિકારીઓ સસ્પેન્ડ

મુંબઈઃ રાજ્ય સરકારે બોગસ અપંગતા પ્રમાણપત્રો રજૂ કરીને સરકારી નોકરીઓમાં રહેલા અધિકારીઓ અને કર્મચારીઓને મોટો ઝટકો આપ્યો છે. રાજ્યની ૨૮ જિલ્લા પરિષદોમાં ચકાસણી બાદ, પ્રમાણપત્ર વિના, નકલી અપંગતા પ્રમાણપત્રો ધરાવતા અને ૪૦ ટકાથી ઓછી અપંગતા ધરાવતા ૩૧૬ અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભાજપના ધારાસભ્ય શ્રીકાંત ભારતીયએ પૂછેલા લેખિત પ્રશ્નના પ્રધાન અતુલ સેવે દ્વારા આપવામાં આવેલા લેખિત જવાબમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ૨૮ જિલ્લા પરિષદોના વચગાળાના અહેવાલોમાં ૧૦, ૯૨૨ અપંગ અધિકારીઓ નોંધાયેલા છે. અત્યારસુધી ૬૨૧૮ કર્મચારીઓની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે, જેમાંથી ૩૧૬ અધિકારીઓને પ્રમાણપત્ર ન હોવા, ખોટા અપંગતા પ્રમાણપત્રો હોવા અને ૪૦ ટકાથી ઓછા અપંગતા ધરાવતા હોવાના કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હજુ પણ લગભગ ૫,૦૦૦ અધિકારીઓની ચકાસણી બાકી છે. તેથી, બોગસ પ્રમાણપત્રો રજૂ કરનારા બોગસ અપંગ અધિકારીઓ સામે કાર્યવાહીની લટકતી તલવાર છે. ■




# પુરુષ

## ઉનાળાની આકરી ઋતુમાં સ્વાસ્થ્ય ને જીવનશૈલીનું સંતુલન કઈ રીતે રાખવું ...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

ઉનાળાનો આરંભ થતાં જ આકાશમાંથી અગનગોળા વરસવા લાગે છે . પ્રકૃતિ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. આ ઋતુમાં દરેક જીવમાત્ર પરેશાન હોય છે, પરંતુ પુરુષો માટે ઉનાળો એક વિશેષ પ્રકારનો પડકાર લઈને આવે છે. મોટાભાગના પુરુષોનું કાર્યક્ષેત્ર ઘરની બહાર હોય છે, જેને કારણે તેમણે સીધો સૂર્યપ્રકાશ, ધૂળ, પ્રદૂષણ અને અસહ્ય ગરમીનો સામનો કરવો પડે છે. સવારથી સાંજ સુધી ભાગદોડ ભરેલી જિંદગીમાં પુરુષો અવારનવાર પોતાના સ્વાસ્થ્યની અવગણના કરતા હોય છે, જે લાંબા ગાળે ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.





ઉનાળાની આ ઋતુમાં પુરુષ માટે પોતાની ત્વચા, આહાર અને માનસિક શાંતિ પર ધ્યાન આપવું અનિવાર્ય બની જાય છે. ગરમીની સીધી અસર શરીરના તાપમાન નિયમન તંત્ર પર પડે છે, જેનાથી ડિહાઈડ્રેશન, લૂ લાગવી અને શારીરિક થાક જેવાં લક્ષણ જોવા મળે છે. ખાસ કરીને જે પુરુષો બાઈક પર મુસાફરી કરે છે અથવા ફિલ્ડ વર્ક સાથે જોડાયેલા છે તેમના માટે સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચાને ગંભીર નુકસાન પહોંચાડે છે.

ત્વચાની સંભાળની વાત કરીએ તો, સામાન્ય રીતે પુરુષોમાં એવી માન્યતા હોય છે કે સ્કીન કેર માત્ર મહિલાઓ માટે છે, પરંતુ આ એક મોટી ભૂલ છે. પુરુષોની ત્વચા મહિલાઓની સરખામણીએ વધુ તેલીય અને જાડી હોય છે, જે ગરમીમાં પરસેવા અને ધૂળને કારણે જલ્દી ગંદી થાય છે. ઉનાળામાં ટેનિંગ, ખીલ અને રેશિઝની સમસ્યા સામાન્ય છે. આથી જ, બહાર નીકળતા પહેલા સારા સનસ્ક્રીનનો ઉપયોગ અને દિવસમાં બે વાર ચહેરો સાફ કરવો અત્યંત જરૂરી છે. માત્ર સાબુથી મોઢું ધોઈ લેવાથી ત્વચાના ઊંડા છિદ્રો સાફ થતા નથી, જેના કારણે ત્વચા નિસ્તેજ દેખાવા લાગે છે. કપડાંની પસંદગીમાં પણ પુરુષોએ જાગૃત રહેવાની જરૂર છે. સિન્થેટિક કે ટાઈટ કપડાંને બદલે સુતરાઉ અને આછા રંગનાં વસ્ત્રો પહેરવાથી શરીરને શ્વાસ લેવાની જગ્યા મળે છે અને પરસેવો જલ્દી સુકાય છે, જે ચામડીના રોગો અને દુર્ગંધથી બચાવે છે.

ખાનપાન એ ઉનાળામાં ટકી રહેવા માટેનો સૌથી મહત્ત્વનો સ્તંભ છે. પુરુષ ઘણીવાર કામની વ્યસ્તતામાં પાણી પીવાનું ભૂલી જાય છે અથવા તો ઠંડા પીણાં અને વધુ પડતી ચા-કોફીનો સહારો લે છે. હકીકતમાં, કેફીન અને ખાંડયુક્ત પીણાં શરીરને અંદરથી વધુ ડિહાઈડ્રેટ કરે છે. ઉનાળામાં કુદરતી ઠંડક આપતા પદાર્થો જેવા કે છાશ, લીંબુ શરબત, નારિયેળ પાણી અને પુષ્કળ પ્રમાણમાં સાદું પાણી અમૃત સમાન છે. બપોરના ભોજનમાં હળવો ખોરાક, કાકડી, ડુંગળી અને દહીંનો સમાવેશ કરવાથી શરીરનું તાપમાન જળવાઈ રહે છે. ખાસ કરીને ડુંગળીનું સેવન લૂ સામે રક્ષણ આપવા માટે જાણીતું છે. તળેલું અને મસાલેદાર ભોજન પાચનતંત્ર પર ભાર વધારે છે, જે ગરમીમાં એસિડિટી અને અસ્વસ્થતા પેદા કરે છે. જો તમે ઓફિસમાં હોવ કે રસ્તા પર, તમારી સાથે પાણીની બોટલ રાખવી એ પ્રાથમિકતા હોવી જોઈએ.

શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્થિતિ પર પણ ઉનાળાની નકારાત્મક અસર જોવા મળે છે. અસહ્ય ગરમી અને પરસેવાને કારણે સ્વભાવમાં ચીડિયાપણું આવવું સ્વાભાવિક છે. ટ્રાફિક અને કામના ટેન્શનમાં જ્યારે ગરમી ભળે છે ત્યારે બ્લડ પ્રેશર વધવાની શક્યતા રહે છે. આ સમયગાળામાં પુરુષ માટે પૂરતી ઊંઘ ખૂબ જરૂરી છે. રાત્રે વહેલા સૂઈ જવાથી અને સવારે વહેલા ઊઠીને કસરત કે પ્રાણાયામ કરવાથી શરીરની ગરમી સહન કરવાની ક્ષમતા વધે છે. કસરત કરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે વધુ પડતો શ્રમ ન પડે, કારણ કે ઉનાળામાં હૃદય પર દબાણ વધતું હોય છે. ઠંડા પાણીએ સ્નાન કરવાથી સ્નાયુઓને આરામ મળે છે અને દિવસભરનો થાક ઊતરી જાય છે.

વ્યક્તિગત સ્વચ્છતા એટલે કે પર્સનલ હાઈજીન એ ઉનાળામાં પુરુષ માટે સૌથી મોટો પડકાર છે. જનનાંગોની આસપાસ પરસેવો જમા થવાથી ફંગલ ઈન્ફેક્શન થવાનું જોખમ રહે છે, જે પુરુષોમાં ખૂબ સામાન્ય છે. આ માટે હવાની અવરજવર થઈ શકે તેવા આંતરવસ્ત્રો અને એન્ટી-ફંગલ પાવડરનો ઉપયોગ હિતકારી છે. સાથે જ, વાળ અને દાઢીની સફાઈ પણ એટલી જ મહત્ત્વની છે. ઉનાળામાં લાંબી દાઢીમાં પરસેવો ભરાઈ રહેવાથી ખંજવાળ અને ત્વચાની એલર્જી થઈ શકે છે, તેથી તેને નિયમિત ટ્રીમ કરવી કે સાફ રાખવી સલાહભર્યું છે. પગની સ્વચ્છતા પણ ભૂલવી જોઈએ નહીં. લાંબો સમય મોજા અને શૂઝ પહેરી રાખવાથી પગમાં દુર્ગંધ અને ઈન્ફેક્શન થઈ શકે છે.

ઉનાળાની બપોરે જો શક્ય હોય તો બહાર નીકળવાનું ટાળવું , પરંતુ વ્યવસાયિક જવાબદારીઓને કારણે તે હંમેશાં શક્ય હોતું નથી. આવા સમયે સૂર્યના સીધા તાપથી બચવા માટે ટોપી, ચશ્મા (સનગ્લાસ) અને રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ. આંખોનું રક્ષણ પણ ખૂબ જરૂરી છે, કારણ કે લૂની અસરથી આંખોમાં બળતરા અને લાલાશ આવી શકે છે. દિવસના અંતે, ઘરે પરત ફર્યા પછી તરત જ ઠંડું પાણી પીવાને બદલે થોડી વાર શરીરને સામાન્ય તાપમાન પર આવવા દેવું જોઈએ. ઉનાળો માત્ર એક ઋતુ નથી, પણ પોતાની જાત પ્રત્યે વધુ સભાન બનવાની તક છે. જો પુરુષો આવી અનેક નાની નાની વાતનું ધ્યાન રાખે, જેમ કે નિયમિત પાણી પીવું, યોગ્ય આહાર લેવો અને ત્વચાનું રક્ષણ કરવું તો તે આ આકરી ઋતુમાં પણ પોતાની કાર્યક્ષમતા અને સ્ફૂર્તિ જાળવી શકે છે. અંતે, સ્વસ્થ શરીર જ ગમે તેવા કપરા વાતાવરણ સામે લડવાની શક્તિ આપે છે માટે પોતાની સંભાળ રાખવી એ જવાબદારી છે, માત્ર પસંદગી નહીં. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## યે મેરા પ્રેમપત્ર...

*ડિયર હની,*

*અચાનક મારી બધી સિદ્ધિઓ, સંઘર્ષો, ખુશીઓ, દુ:ખ, ખુશીઓ, જીવન... બધું જ હવે ખૂબ જ અર્થપૂર્ણ બને છે, કારણ કે મારી પાસે તું છે. હું બધું જોઈ રહી છું. તું આ બધાનો સૌથી મોટો ભાગ છે. હું તારી પત્ની બનવા માટે ખૂબ જ, ખૂબ જ, ખૂબ જ ઉત્સાહિત છું. તારી પત્ની બનવા માટે! તારી પત્ની કહેવા માટે. હવે પાર્ટીનો ખરો સમય આવી ગયો છે. ચાલો, સાથે મળીને શ્રેષ્ઠ જીવન જીવીએ. હું તને પ્રેમ કરું છું...ખરેખર!'*

*આવું કોઈ કહે કે લખે ... એવું નસીબ કેટલા લોકોનું હશે!*

*એ બંને કલાકાર પરણી ગયા પણ પરણતી વેળાએ એમણે એકબીજાને જે પત્રો લખ્યા એ બહુ મજાના છે. હૃદયને સ્પર્શી જનારા છે.*

*આ પત્ર વાંચીને તો મને તારી સાથે ફરી પરણવાનું મન થઇ આવ્યું છે. રશ્મિકા-વિજયે જે પત્રો લખ્યા એવા પત્રો આપણે એકબીજાને ક્યાં લખ્યા હતા? એટલે જ મેં હવે તને આ પત્રો લખવાનું શરૂ કર્યું છે.*

*રશ્મિકાએ પત્રની શરૂઆત જ બહુ મજાની કરી છે.*

*'ચાલો, હું તમને મારા પતિ સાથે પરિચય કરાવું. શ્રી વિજય દેવરકોંડા! આ માણસ જેણે મને શીખવ્યું કે સાચો પ્રેમ કેવો દેખાય છે! તે માણસ જેણે મને બતાવ્યું કે શાંતિથી જીવવું કેવું હોય છે! તે માણસ જેણે મને દરરોજ કહ્યું કે મોટાં સપનાં જોવામાં કોઈ વાંધો નથી અને સતત મને કહેતો હતો કે હું કલ્પના કરી શકું તેના કરતાં વધુ પ્રાપ્ત કરી શકું છું.'*

*તને ખબર છે, અચાનક મારી બધી સિદ્ધિઓ, સંઘર્ષો, ખુશીઓ, દુ:ખ, ખુશીઓ, જીવન... બધું જ હવે ખૂબ જ અર્થપૂર્ણ બને છે, કારણ કે મારી પાસે તું છે. હું બધું જોઈ રહી છું. તું આ બધાનો સૌથી મોટો ભાગ છે. હું તારી પત્ની બનવા માટે ખૂબ જ, ઉત્સાહિત છું. તારી પત્ની બનવા માટે! તારી પત્ની કહેવા માટે. હવે આખી પાર્ટીનો સમય આવી ગયો છે. ચાલો સાથે મળીને શ્રેષ્ઠ જીવન જીવીએ. હું તને પ્રેમ કરું છું.' અને વિજય દેવરકોન્ડાએ પણ લખ્યું:*

*'એક દિવસ, મને તેની ખૂબ જ યાદ આવતી. મને તેની ખૂબ જ યાદ આવતી કે મને લાગ્યું કે જો તે આસપાસ હોત તો મારો દિવસ ખૂબ જ ખુશ હોત, જેમ કે જો તે મારી સામે બેઠી હોત, તો મારા ભોજનનો સ્વાદ ખૂબ જ સારો હોત... જેમ કે જો તે મારી સાથે કસરત કરતી હોત, તો મારો વર્કઆઉટ ખૂબ જ સારો અને ઓછો ત્રાસદાયક હોત. એવું લાગતું હતું કે મને તેની ખૂબ જ જરૂર હતી. આ બધું ફક્ત ઘરે અને શાંતિનો અનુભવ કરવા માટે હતું, ભલે હું ગમે ત્યાં હોઉં. તેથી મેં મારી શ્રેષ્ઠ મિત્રને મારી જીવનસાથી બનાવી.*

*ડિજિટલ મીડિયાની બોલબાલા છે એ ખરું, પણ પત્રની એક મોજ હોય છે. કલાકારો કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ લગ્ન કર્યા ત્યારે સોશ્યલ મીડિયા પર તેમના ફોટા સાથે એક નાનકડો પણ ખૂબ જ સુંદર સંદેશ લખ્યો હતો:*

*'અબ હમારી પરમેનન્ટ બુકિંગ હો ગઈ હૈ...'*

*પ્રિયંકા ચોપરા અને નિક જોનસને લગ્ન સમયે નિક માટે લાંબા પત્ર લખ્યા છે. એક પત્રમાં તેણે લખ્યું હતું;*

*'મારી સાથે ચાલવા બદલ આભાર. તેં મને જે રીતે પ્રેમ કર્યો છે, તેણે મને દુનિયાની સૌથી ભાગ્યશાળી સ્ત્રી બનાવી છે...'*

*જોકે આ બધા વચ્ચે મને સૌથી વધુ ગમતા પત્રની વાત કરું તો એ છે પ્રખ્યાત લેખિકા અમૃતા પ્રીતમ અને ઈમરોઝ વચ્ચેના પત્રો. બન્નેનો સાથ ૪૦ વર્ષ સુધી રહ્યો, છતાં તેમણે ક્યારેય લગ્ન કર્યા નહોતા. અમૃતા ઇમરોઝને પ્રેમથી 'જીત' કહેતા. એમને એક પત્રમાં લખેલું :*

*'મેરે પાસ એક હી 'જીત હૈ...' એમ પણ લખેલું કે, 'મારું ભાગ્ય તે દિવસે જ લખાઈ ગયું હતું જ્યારે મેં તને પહેલીવાર જોયો. લોકો કહે છે કે આપણે એકબીજાને પસંદ કરીએ છીએ, પણ હું કહું છું કે આપણે એકબીજાને પૂરા કરીએ છીએ...' અને એમની બહુ જાણીતી કવિતા ...*

***'મૈં તુઝે ફિર મિલુંગી...***
***કહાં? કૈસે? પતા નહીં...***
***શાયદ તેરે તખય્યુલ (કલ્પના) કી છીંટ બનકર,***
***તેરે કેનવાસ પર ઉતરૂંગી...***
***યા શાયદ તેરે કેનવાસ પર***
***એક ખામોશ લકીર બનકર,***
***તુઝે તકતી રહૂંગી.. '***

*-અને ઇમરોઝે અમૃતા માટે લખ્યું હતું:*

*'અમૃતા, તેં મને જે આપ્યું છે તે શબ્દોમાં નથી સમાતું. તેં મને બનાવ્યો છે...'*

*પ્રેમની અભિવ્યક્તિ જ્યારે કાગળ પર ઊતરે છે ત્યારે તે અમર બની જાય છે. વિશ્વના ઇતિહાસમાં એવા કેટલાક મહાનુભાવો થયા છે, જેમના પ્રેમપત્રો આજે પણ સાહિત્યની અમૂલ્ય વિરાસત ગણાય છે. કઠોર શાસક નેપોલિયન બોનાપાર્ટે એની પ્રેમિકા અને છેલ્લે છેલ્લે પત્ની બનેલી જોસેફાઈનને પત્રમાં લખેલું;*

***'જ્યારથી હું તારાથી દૂર ગયો છું, ત્યારથી હું સતત ઉદાસીમાં છું. મારું સુખ તારી પાસે હોવામાં છે. તારા હોઠ, તારું હૃદય અને તારી જ્વાળાઓએ મને અગ્નિમાં લપેટ્યો છે.. '***

*ફ્રાન્ઝ કાફકાના મિલેના પર પત્રમાં સાવ અલગજ અભિવ્યક્તિ કરી છે. આ મહાન લેખક અંતર્મુખી હતા પણ તેમના પત્રોમાં તેમની સંવેદનશીલતા છલકાય છે. એમણે લખેલું કે,*

***'તું એ ચપ્પુ છે જે મેં મારી અંદર ફેરવ્યું છે, એ જ પ્રેમ છે..'***

*આજના ઇન્સ્ટન્ટ મેસેજિંગના જમાનામાં પ્રેમપત્રો એટલા માટે ખાસ છે. કારણ કે તેમાં ધીરજ હોય છે. લખનારના હસ્તાક્ષર તેની હાજરીનો અનુભવ કરાવે છે. પત્રને વર્ષો પછી પણ સ્પર્શી શકાય છે અને ફરી વાંચી શકાય છે. તું પણ આવો પત્ર મને લખને....*

**તારો બન્ની**

# સંધ્યા છાયા

## પેલી સિરિયલના આ એપિસોડ જોયા?

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

આપણે સામાન્ય રીતે ટીવી સિરિયલને વખોડતા રહીએ છીએ. એમાં કંઈ ખોટું નથી, જેને જે લાગે તે કહેવાનો હક્ક લોકશાહીમાં છે જ , પણ ક્યારેક એ લોકો મહત્ત્વનો સંદેશ આપી જાય છે. ઘણીવાર સમાજમાં ચાલતી ગેરરીતિઓનો પર્દાફાશ આ લોકો દૂર કરે છે. મનોરંજન સાથે સામાજિક સમસ્યાનું સમાધાન પણ સૂચવી જાય છે.

મારી વાત કરું તો હું ટીવી નથી જોતી , હા, રાતના સમયે એક કે બે શો જોઈ પણ લઉં છું. આખા દિવસના કામ પછી મને એકાદ કલાક મનોરંજન માટે ફાળવવો ગમે છે. ઘણાં લોકો મને કહેતા હોય છે, 'તમે આવી બકવાસ સિરિયલ્સ જુઓ છો?' હા, જોઉં છું- મને ગમે છે. થોડો સમય જ્યાંથી મનોરંજન થાય ત્યાંથી કરી લઉં છું. 'અનુપમા' હું જોઉં છું. આ કોઈ 'શો'નું વિવેચન નથી લખતી. પણ ગયા અઠવાડિયે આ 'શો'માં સિનિયર સિટીજનનો મુદ્દો ઉઠાવ્યો તે મને ગમી ગયો. એ લોકોએ ૩-૪ એપિસોડ સિનિયર્સ માટે ફાળવ્યા. કદાચ ઘણાં બધાં વાચકોએ એ જોયા હશે. એના પરથી સરસ બોધપાઠ લેવાનો છે.

એક વાત માતા-પિતાએ ગાંઠે બાંધી લેવાની છે કે જેટલો પ્રેમ માતા-પિતા સંતાનને કરે છે, જેટલી ફિકર માતા-પિતાને સંતાનની હોય છે તેટલો પ્રેમ સંતાન માતા-પિતાને નથી કરતા, એટલી ફિકર સંતાનને માતા-પિતાની નથી હોતી. સિરિયલમાં પણ બતાવ્યું છે કે માતા- પિતાની સંપત્તિ લઈ લીધા પછી એમની હાલત પુત્ર-પુત્રવધૂ ખરાબ કરી નાખે છે. માતાને નોકરાણી બનાવી દીધી છે. મા પાસે ઢસરડા કરાવે છે, વહુ ઓર્ડર છોડે છે, અપશબ્દો કહે છે અને ખાવામાં સુખી-સુખી રોટલી આપે છે. કદાચ આપણને આ બધું વધારે પડતું લાગે, કારણ કે આપણે સાવ આવું જોયું નથી, પણ માતા-પિતા પાસે બધું પડાવી લીધા પછી તેમને હડહડ કરવાના બનાવો બને જ છે. આ તો મા- બાપ છે જે પોતાનાં સંતાનોની વાત ઘરની બહાર કરતા નથી, તેમનું ખરાબ બોલતા નથી. સંતાનોના ખરાબ વર્તન પર ઢાંકપિછોડો કરે છે એટલે વધારે ખબર નથી પડતી.



આ 'શો'માં દર્શાવે છે કે ઘરના પેપર સાઈન કરાવવા માટે દીકરો બાપનું ગળું દાબે છે અને વહુ સાસુનું મોઢું જોરથી દબાવે છે. પાછા બન્ને એટલા નાટકબાજ છે કે અનુપમા તેમને પોલસને સોંપવાની વાત કરે છે ત્યારે મા- બાપના પગ પકડી લે છે અને માફી માગી લે છે અને મા-બાપનું દિલ પીગળી જાય છે તેમને લાગે છે કે દીકરો-વહુ સુધરી ગયા છે અને માફ કરી દે છે, પણ એક-બે દિવસમાં જ દીકરો-વહુ પોતાનું અસલી સ્વરૂપ બનાવે છે. જે મા-બાપે મોટા કર્યા, ભણાવ્યા-પરણાવ્યા, માલમિલકત આપી તેમની સાથે ગેરવર્તન કરતા દીકરાને જરાય શરમ આવતી નથી. વહુનું તો શું કહેવું એ તો પારકી છે, એને શું લેવાદેવા? પણ દીકરાને જરાય મા-બાપનું પેટમાં બળતુ નથી. આના પરથી શીખવાનું છે કે એક વાર તમે તમારા સંતાનની નિયત પારખી લીધી, એના અપમાન સહન કરી લીધા પછી ગરજ પડે ત્યારે આ સંતાન માફી માગતા આવે તો પીગળી નહીં જતા, કારણ કે 'કૂતરાની પૂંછડી જમીનમાં દાટો તોયે વાંકીને વાંકી જ રહે છે.' એને માફ કરી દેવાની ભૂલ ના કરતા.

આ સિરિયલે બીજી જે વાત કરી તે પણ મને ગમી. પુત્ર-પુત્રવધૂ માતાપિતા પર અત્યાચાર કરે તો માત-પિતા તો સામનો કરી શકતા નથી. એ અશક્ત છે. સામે પક્ષે યુવાન દીકરા-વહુની તાકાત ઘણી છે. એટલે પહોંચી શકવાના નથી મા-બાપ એમને. મા-બાપનો અવાજ પણ ઢીલો થઈ ગયો છે તેથી બૂમ મારીને કોઈને બોલાવી શકવાના નથી. તેથી તક મળતા જ પોતાની ઉપર થતા અત્યાચારનો ફોટો પાડી લેવાનો અને સોશ્યલ મીડિયા પર અપલોડ કરી દેવાનો વીડિયો પણ ઉતારી શકાય. સોશ્યલ મીડિયા પર એ ફોટો કે વીડિયો વાઈરલ થશે એટલે લોકો, પોલીસ, પાડોશી, વગેરે તરત જ તમારી મદદ માટે દોડી આવશે. દીકરો-વહુ સમાજ સામે ખુલ્લા પડશે અને કોઇને મોઢું દેખાડવા લાયક નહીં રહે.

જોકે મોટા ભાગના વૃદ્ધ આવું પસંદ નથી કરતા. ઘરની વાતના ધજાગરા બહાર કરવા કોઇને ગમે નહીં. સાચી વાત ત્યાં સુધી ઠીક છે જ્યાં સુધી ઘરમાં નાની નાના કચકચ થતી હોય. એવી વાતની અવગણના કરી શકાય, પણ 'પાની જબ સર સે ઉપર ચઢ જાયે,' ત્યારે આવી વાત ન ચાલે. એ વખતે લોકોની- કાયદાની-સામાજિક સંસ્થાની મદદ લેવી જ પડે.. ટેક્નોલોજીના આ યુગમાં મોબાઇલ તો હાથવગો છે જ, એનો ઉપયોગ કરવાનો અને જરૂરી મદદ મેળવવાની. અન્યાય કે અત્યાચાર સહન કરનાર, અન્યાય કે અત્યાચાર કરનાર જેટલો જ ગુનેગાર છે. ખોટું સહન નહીં કરવાનું આખી જિંદગી મહેનત કરીને બે પૈસા ભેગા કર્યા છે તે તમારે વાપરવા માટે છે. સંતાનો એમનું જોશે. એમની માટેની તમારી ફરજ તમે પૂર્ણ કરી છે. હવે વયસ્ક સંતાનોની ચિંતા કરવાની જરૂર નથી.

આ કોલમ દ્વારા વારંવાર જે વાત કરી છે તે ફરીથી અહીં રિપીટ કરીશ કે જીવતેજીવ બાળકોને પોતાની માલમિલકત આપી દેવાની ભૂલ ન કરતા. એક વાર મિલકત હાથમાં આવી જશે તો તમને ધક્કા મારી વૃદ્ધાશ્રમમાં ધકેલી દેશે. આ કાંઇ બધાં સંતાનોની વાત નથી. કેટલાંક સંતાનો માતા-પિતાને પ્રેમથી સાચવે પણ છે, પણ આ કળિયુગ છે. 'ચેતતા નર (નારી પણ) સદા સુખી' સૂત્ર યાદ રાખવાનું. વધતા જતા વૃદ્ધાશ્રમો અને વૃદ્ધાશ્રમોમાં દાખલ થવા માટેનું વેઇટિંગ લિસ્ટ સમાજમાં વૃદ્ધોની કેવી દશા છે તે દર્શાવતો આયનો છે.

વૃદ્ધો અનુભવી છે, હોશિયાર પણ છે છતાં ભોળવાઇ જાય છે. ઇમોશનલ ફૂલ નહીં બનવાનું. બુદ્ધિથી કામ લેવાનું, દિલને સાઇડ પર રાખવું પડે ક્યારેક. યુવા પેઢી પ્રેક્ટિકલ થઇ છે તો આપણે પણ પ્રેક્ટિકલ થવું પડે.

જરૂર પડે થશોને પ્રેક્ટિકલ? ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# અમે બધાં જ બાળકોને સાથે લઈને અનેક દેશોનો પ્રવાસ કર્યો...

(ભાગ: ૪)

નામ: એન્જેલિના જોલી
સમય: ૨૦૨૬
સ્થળ: લોસ ફેલિઝ, લોસ એન્જલિસ, કેલિફોર્નિયા
ઉંમર: ૫૦ વર્ષ

એક બોયફ્રેન્ડ, બે લગ્ન, ડ્રગ્સ, પિતા સાથેના સંબંધોનો વિવાદ અને બંને લગ્નોમાં મળેલી નિષ્ફળતાએ મને જીવનથી વિમુખ કરી નાખી હતી. ‘મિસ્ટર એન્ડ મિસિસ સ્મિથ’ના સેટ પર હું પહેલીવાર બ્રાડ પીટને મળી ત્યારે એમના વ્યક્તિત્વથી અંજાઈ ગઈ એ મારે સ્વીકારવું પડે. કોલેજમાં જર્નાલિઝમ ભણવા ગયેલા વિલિયમ બ્રાડલી પીટને અભિનયમાં રસ પડી ગયો, એટલે ડિગ્રી પૂરી થાય એ પહેલાં એ લોસ એન્જલિસ આવી ગયા. અત્યાર સુધીમાં હોલિવૂડના સૌથી હેન્ડસમ કહી શકાય એવા અભિનેતાઓમાં એમનું નામ ટોપ પર છે. શરૂઆતમાં એમણે નાની-મોટી ફિલ્મો કરી પરંતુ એમની પહેલી સફળ ફિલ્મ ‘થેલ્મા એન્ડ લુઈસ’થી અચાનક સ્ટાર થઈ ગયા. એ પછીની એમની ફિલ્મો ‘ફાઈટ ક્લબ’, ‘ટ્રોય’ અને ‘વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ’ જેમાં એમણે ડબલ રોલ કરીને લોકોને ચોંકાવી દીધા. ૨૦૦૩માં હું જ્યારે એમને મળી ત્યારે એ બહુ મોટા સ્ટાર હતા. એમના લગ્ન જેનીફર એનિસ્ટન સાથે થયાં હતાં. એ વખતે એમના લગ્ન પણ સમસ્યામાંથી પસાર થઈ રહ્યા હતા. જોકે, બ્રેડ એ લગ્નને ટકાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા એવું એ કહેતા રહ્યા. એનિસ્ટન સાથેના લગ્નમાં કદાચ સમજદારી ખતમ થઈ ગઈ હતી. જેને કારણે બંને જણાએ એક-બે વાર જાહેરમાં તમાશો ઊભો કર્યો. બ્રેડ કદાચ થાક્યા હતા, પરંતુ એમનો ઉછેર અને લગ્ન પરત્વેનું કમિટમેન્ટ મજબૂત હતું, એટલે એ ઝડપથી આ લગ્ન તોડવા તૈયાર નહોતા, પરંતુ અમે જે ક્ષણે મળ્યા એ જ ક્ષણે જાણે એકબીજા તરફ આકર્ષાઈ ગયા. એ ફિલ્મમાં અમારી કેમેસ્ટ્રી લોકોને ખૂબ ગમી. ૨૦૦૫ની સૌથી હીટ ફિલ્મોમાંની એક ‘મિસ્ટર એન્ડ મિસિસ સ્મિથે’ લગભગ ૫૦૦ મિલિયનનો બિઝનેસ કર્યો.

એ ફિલ્મ પછી બ્રેડ સાથેના મારા સંબંધો વિશે મીડિયામાં અવાર-નવાર સમાચાર છપાવા લાગ્યા. એ ગાળામાં બ્રેડ કદાચ એનિસ્ટન સાથેના સંબંધોને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરી ચૂક્યા હતા. એમની ડિવોર્સ થયા એ પછી અમે અમારા સંબંધને મીડિયા અને પ્રશંસકો સામે સ્વીકારી લીધો. લોકોએ અમને ‘બ્રેન્જેલિના’ નામથી એક કપલ તરીકે વધાવી લીધા. જોકે, અમે લગ્ન કરવાનો નિર્ણય તો પછી કર્યો. લગભગ નવ વર્ષ સાથે રહ્યા પછી અમે લગ્ન કરવાનું નક્કી કર્યું. ૨૦૦૫થી ૨૦૧૪ સુધી અમારો સંબંધ ખૂબ સારી રીતે ચાલ્યો. અમે સાથે મળીને સામાજિક અને માનવીય કાર્યો કરતાં રહ્યાં. હું જ્યારે કમ્બોડિયામાં ટોમ રાઈડરનું શૂટિંગ કરતી હતી ત્યારે મને પહેલી વાર આ વિશ્વવ્યાપી માનવીય સંકટની જાણ થઈ. એક દેશમાંથી બીજા દેશમાં શરણ અને આશ્રય શોધી રહેલા હજ્જારો લોકોની સ્થિતિ શું છે, એ જ્યારે જાણ્યું ત્યારે મને માનવીય જીવનનું મૂલ્ય સમજાયું. આ પ્રકારના શરણાર્થીઓની સાચી સ્થિતિ જાણવા માટે મેં અનેક શરણાર્થી શિબિરની મુલાકાત લીધી. કમ્બોડિયા, અફઘાન અને બાંગ્લાદેશી શરણાર્થીઓ માટે એક મિલિયન દાનની જાહેરાત કરીને યુએનએચસીઆર સાથે જીવનભર કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરી. ૨૦૦૧માં મને યુએનએચસીઆરની સદભાવના રાજદૂત તરીકે પસંદ કરવામાં આવી. એ વર્ષે કોઈ ફિલ્મ ન કરતાં મેં ૨૦થી વધારે દેશોમાં શરણાર્થીઓ અને વિસ્થાપિત લોકોની મુલાકાત કરી. એમને પુનઃસ્થાપિત કરવાની એક ઝુંબેશ શરૂ કરી. ૨૦૦૨માં થાઈલેન્ડ, ઈક્વાડોર, કોલમ્બિયા, કોસોબો, નામિબિયા જેવા દેશોમાં જઈને મેં કામ કર્યું. ૨૦૦૩માં તાન્ઝાનિયામાં આફ્રિકન દીકરીઓને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે મેં એક મહિનો એમની વચ્ચે રહીને કામ કર્યું. આ બધા સમય દરમિયાન મને સમજાયું કે મારા જીવનનું મિશન ગ્લેમર કે સિનેમા નથી, પરંતુ માનવીય જીવનને બહેતર બનાવવાનું કામ સોંપીને મને અહીં મોકલવામાં આવી છે.

ક્યારેક વિચારું તો સમજાય કે જોલી વોઈટમાંથી મેં મારું નામ કાયદેસર રીતે ‘એન્જેલિના જોલી’ કર્યું, ત્યારે મને કલ્પના પણ નહોતી કે મારે આ દુનિયાના અનેક પીડિત, નિરાશ્રિત લોકો માટે એક ‘એન્જલ’ (ફરિશ્તા) બનીને કામ કરવાનું છે. આનંદની વાત એ છે કે બ્રેડ પણ મારા આ માનવીય કાર્યમાં પૂરેપૂરા સહયોગથી કાર્ય કરવા તૈયાર હતા. એમને પણ આ વિશ્વના તરછોડાયેલા માણસો માટે એટલી જ સહાનુભૂતિ અને સ્નેહ હતા. ૨૦૦૧માં જ્યારે હું કમ્બોડિયામાં શૂટિંગ કરતી હતી ત્યારે એક તરછોડાયેલા બાળક મેડોક્સને દત્તક લીધો. ૨૦૦૨માં મેડોક્સ મારા જીવનમાં આવ્યો. ત્યારે મને સમજાયું કે મા બનવાની મારી ઝંખના કેટલી તીવ્ર હતી. એક પછી એક તૂટતા ને બંધાતા સંબંધો લગ્નો કે પુરુષો સાથેના પ્રણય સંબંધોમાં મને કદીયે સ્થિરતા કેમ નહોતી મળતી એનું કારણ કદાચ એ હતું કે હું માતૃત્વ ઝંખતી હતી. ૨૦૦૨માં જ્યારે હું મેડોક્સને લઈને ઘરે આવી ત્યારે મને લાગ્યું કે, મને મારું સાચું સરનામું મળી ગયું છે! ૨૦૦૩માં જ્યારે હું બ્રેડને મળી ત્યારે મેડોક્સ વિશે મીડિયામાં જાણકારી પ્રસરી ચૂકી હતી. બ્રેડ સાથેનો પ્રણય સંબંધ શરૂ થાય એ પહેલાં જ મેં એને કહ્યું હતું, મેડોક્સ મારા જીવનનો અનિવાર્ય હિસ્સો છે. મને નવાઈ લાગી, જ્યારે બ્રેડે કહ્યું કે, એ મારા જીવનનો પણ અનિવાર્ય હિસ્સો રહેશે. પહેલાં મેં એને સિંગલ મધર તરીકે દત્તક લીધો હતો, પરંતુ બ્રેડ સાથે જોડાયા પછી એણે પણ મેડોક્સની જવાબદારી પૂરેપૂરી સ્વીકારી અને એના કાયદેસર પિતા તરીકે પોતાનું નામ જોડ્યું. એ પછી ઝહારાને મેં ઈથોપિયાથી દત્તક લીધી. ૨૦૦૫માં જન્મેલી નાનકડી ઝહારાના માતા-પિતાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. શરણાર્થીઓના કેમ્પમાં બાળકોના અનાથ આશ્રમમાં મેં એને જોઈ ત્યારે મારા મનમાંથી અવાજ આવ્યો, આ મારી દીકરી છે. મેડોક્સને એક બહેનની જરૂર હતી, એટલે અમે ઝહારાને દત્તક લીધી. બ્રેડ પીટ પણ કાયદેસર પિતા તરીકે ઝહારાને દત્તક લેવામાં સહાયરૂપ રહ્યા. ૨૦૦૭માં વિયેતનામથી પેક્સને દત્તક લીધો. અમારા લગ્ન નહોતા થયા, એટલે વિયેતનામના કાયદા મુજબ બ્રેડ એ વખતે એના પિતા તરીકે નામ લખાવી શકે એમ નહોતા. મેં પેક્સને સિંગલ મધર તરીકે દત્તક લીધો, પરંતુ અમેરિકન નાગરિકત્વ મળ્યા પછી બ્રેડે એને પણ કાયદેસર રીતે સ્વીકાર્યો અને પેક્સના પિતા તરીકે પોતાનું નામ જોડ્યું.



એન્જેલિના જોલી તેના બાળકો સાથે

૨૦૦૭ સુધીમાં અમારો સંબંધ ખૂબ જ નિકટનો અને ગાઢ બની ગયો હતો. અમે એકમેકને પ્રેમ કરીએ છીએ અને એકબીજા સાથે જીવવા માટે જ સર્જાયા છીએ એવું અમને સમજાવા લાગ્યું હતું. મારા પહેલાં બે લગ્નોમાં મેં સંતાનનો વિચાર નહોતો કર્યો એનું એક કારણ કદાચ એ પણ હતું કે મને મારા બંને પતિઓ સાથે પ્રેમ હતો, પરંતુ મને એ બંને સંબંધ આત્માના સંબંધ નહોતા લાગતા. બ્રેડમાં મને એક ‘સોલ મેટ’ દેખાયો. એને પણ જાણે મારી સાથેના સંબંધમાં એક સ્થિરતા અને અધ્યાત્મિક શાંતિનો અનુભવ થયો. મારા ત્રણેય દત્તક બાળકોનો કાયદેસર પિતા બનીને એણે મારું મન જીતી લીધું. મારા માનવીય અને સામાજિક કાર્યોમાં એ સતત મારી સાથે રહ્યો. જેનાથી મને લાગ્યું કે એ જ મારા જીવનનો સાચો ‘સાથી’ બની શકશે. બ્રેડને પિતા બનવાની ઝંખના તીવ્ર હતી. અંતે, અમે અમારા જૈવિક (બાયોલોજિકલ) સંતાનને જન્મ આપવાનું નક્કી કર્યું. અમારું પહેલું સંતાન શિલોહ ૨૦૦૬માં જન્મ્યું.

એ સમયે અમારી લોકપ્રિયતા ચરમસીમા પર હતી. અમેરિકાના કોઈપણ શહેરમાં કે યુરોપમાં પાપારાઝીઓ સતત અમારો પીછો કરતા હતા. હું અને બ્રેડ આ પ્રેગનેન્સીને માણવા માગતા હતા. એકમેક સાથે સમય વિતાવવા માગતા હતા. નામિબિયાના સ્વાકોમુંડ નામના એક દરિયાકિનારાના શહેરમાં અમે વિલા ભાડે લીધું. નામિબિયા સરકાર સાથે કરાર કર્યો કે અમને સંપૂર્ણ સુરક્ષા અને ગોપનિયતા આપવામાં આવશે. એ વખતે અમે શિલોહને જન્મ આપવા માટે થોડો સમય નામિબિયા રહ્યાં અને એનો જન્મ ત્યાં જ થયો. અમે બંને જણા અમેરિકન નાગરિક હતા, એટલે શિલોહને નાગરિકત્વ મળશે જ એ વિશે કોઈ શંકા નહોતી. માટે દુનિયાના કોઈપણ દેશમાં એને જન્મ આપી શકાયો હોત, પરંતુ અમે નાના અને શાંત દેશમાં રહેવા માગતા હતાં, જ્યાં ફોટોગ્રાફર્સથી બચવું ન પડે!

શિલોહના જન્મ પછી એના ફર્સ્ટ ફોટોગ્રાફ્સ પીપલ નામના મેગેઝિનને વેચ્યા અને એમાંથી મળેલા કરોડો મિલિયન ડૉલર્સ અમે શરણાર્થીઓના દાનમાં આપી દીધા. બ્રેડ અને હું હંમેશાં પબ્લિસિટીથી દૂર રહ્યાં છીએ. અમે માનવતાવાદી, શાંત અને એકાંદ પસંદ કરતા લોકો છીએ, માટે જ કદાચ અમને એકમેક સાથે આટલો લાંબો સમય વિતાવવાનું અઘરું ન લાગ્યું. શિલોહના જન્મ પછી તરત જ એક વર્ષમાં હું ફરીથી પ્રેગનેન્ટ થઈ અને અમે નોક્સ અને વિવિયનને જન્મ આપ્યો. આ ટવીન્સ બાળકો હતા. એમના ફોટા પણ અમે કરોડો રૂપિયામાં વેચ્યા અને એની આવક યુદ્ધમાં અનાથ થયેલાં અનેક બાળકોના ભવિષ્ય માટે દાનમાં આપી દીધી.

અમે બધાં જ બાળકોને લઈને અનેક દેશોનો પ્રવાસ કર્યો... ભારત પણ આવ્યાં. હજી અમે લગ્ન નહોતા કર્યાં અને છ બાળકોનાં માતા-પિતા હતાં.

(ક્રમશઃ) ■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# કટકી ખાનારા કારભારીઓની કૌતુકભરી કારીગરી



કટકી ખાવાની અનેક રીત હોય છે અને એના વિશે આ દેશના લોકોને બધી જ ખબર છે. આ દેશનાં બાળકોથી લઈ વૃદ્ધો સુધીનાને કટકી ખાવાની રમત જન્મજાત (ઇન બિલ્ટ) મળી હોય છે. બાળકના પેઢી દર પેઢી વડવાઓ આના ખૂબ માહિર હોવા જોઈએ. તો જ આજની હિંદુસ્તાનની ફસલ ‘કટકી... કટકી’ નામની રમત રમવામાં આટલાં પાવરધાં પેદાં થાય છે.

સિઝેરિયન નામની કટકી પ્રથા કે પછી વારેવારે બ્લડ અને એક્સ- રેથી લઈને જાતજાતનાં ચેકિંગ, એક ડોક્ટર જે ડોક્ટર પાસે કે લેબમાં મોકલે અને જે દવાની દુકાને કહે ત્યાંથી જ દવા લેવા જવાની રમતને ‘કટકી... કટકી’ રમત કહેવામાં આવે છે. આ રમતમાં અનેક લોકોનાં અનેક સંગઠનો ચૂપચાપ કાર્યરત છે. ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ બધા આંખ, કાન, મોં બંધ રાખીને એમનો આ ધંધાને ધમધોકાર ચલાવી રહ્યા છે અને એની શાખા - પ્રશાખાઓ દિન પ્રતિદિન ચારે દિશામાં ફેલાવી રહ્યા છે. કોરોનાકાળમાં પણ ‘કટકી... કટકી’ વાળી રમત કેટલી ફૂલી ફાલી હતી! જેની પાસે સ્ટેથોસ્કોપ લેવાના પૈસા નહોતા તેમણે ફાઇવસ્ટાર જેવી હોસ્પિટલો બાંધી. વગર સ્ટેથોસ્કોપ ગળામાં લટકાવ્યે નવોદિત ડોક્ટરોનેમ ‘કટકી... કટકી’ પાર્ટનર બનાવે છે અને પછી રાતોરાત હોસ્પિટલની શાખા - પ્રશાખાઓ ખોલતાં જાય છે. કુકરી ફટકારતા આવડે એ ફાવે. જેવાં જેનાં નસીબ!

આમ તો કટકીવાળી રમત ક્યાં નથી રમાતી તે તમે કહો. પાસ થઈને આ વરસે બતાવી દઈશ, પણ પહેલાં આઇફોન લઈ આપ તો મહેનત કરવાની શરૂ કરું ... ’ ચાર વાર દસમીમાં ફેલ થતાં બાળકને કારણે શરમથી ઘરની બહાર જવાનું બંધ કરી દીધેલ મા - બાપે આઇફોન લઈ આપ્યો અને બાપાએ સામે શરત મૂકી કે ‘આ ફોન લઈ તો લીધો, પણ મારી કસ્ટડીમાં રહેશે. રોજ એક કલાક માટે મળશે અને જ્યારે તું પાસ થશે ત્યારે કાયમ માટે તને અર્પણ કરવામાં આવશે.’ બાપ - દીકરા વચ્ચે પણ આ કેવી રમત?

રોજ રોજ મહેમાન આવે કે મમ્મી મુન્નાને મહેમાન આગળ ટ્વિંકલ... ટ્વિંકલ ગાવા કહે.

પણ પછી મુન્નો પણ એ... એ... એ... કરી રોતલ મુદ્રા શરૂ કરે. એટલે મમ્મી કેડબરીની કટકી આપવા (ફ્રીજમાંથી લાવે પછી જ) હાથ આગળ કરે કે ટ્વિંકલ.. ટ્વિંકલ શરૂ થાય. દીકરો મારો સુપર છે એ બતાવવા માટે કેટલીય વાર કટકી આપી હતી, એટલે મોટા થયા પછી મોબાઇલ, કાર, ફાઇવસ્ટાર, યુરોપની ટૂર જેવી કટકીઓનો ઉદભવ થયો અને આ કટકી દાવના આકાઓ દ્વારા ઠેઠ સ્વીસ બેંકમાં સંતાડવી પડે એવો...

પહેલાંના જમાનામાં કેટલીક જ્ઞાતિઓમાં પણ કારભારીઓને વચમાં રાખીને કન્યાપક્ષે વરપક્ષનું તરભાણું ભરવાનું, અને એમાં પણ ભાવતાલ કરવામાં કારભારીનું તરભાણું પણ ભરાતું. ઘણીવાર લાકડે માંકડું જોડવામાં ઉસ્તાદોં કે ઉસ્તાદ એવા સુપર કારભારીઓની પણ બોલબાલા હતી. એમના તો ભારે માનપાન હતાં. કેટલાક ગોર મહારાજો પણ કારભારીની ભૂમિકા ભજવવામાં વિશારદ થયા હતા. વેવાઈ કરતાં પણ વધારે માન એ ભૂદેવને મળતું હતું.

જો કે દરેકે પોતપોતાનાં ઘર ચલાવવાનો ઉદ્યમ તો કરવો જ પડે ને! પછી ચાહે રમત ગમે તેવી હોય. કુકરી ફરકાવતાં આવડે તે જીતે. એમાં આપણે હું!. ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com


# આ સમજણનો સેતુ કોણ બાંધશે...?

રેવા એ છોકરીઓમાંની નહોતી, જેને લોકો સરળતાથી સમજી શકે. સોળ વર્ષની રેવા મેટ્રો શહેરના એક સાધારણ એવા ઘરમાં પોતાના પેરેન્ટ્સ તેમજ મોટાભાઈ સાથે રહેતી. અહીં જિંદગીના નિયમો એકદમ સાફ હતાં. ધ્યાનથી ભણો, મર્યાદામાં રહો અને તમારી હદ ક્યારેય વળોટો નહીં. બહારથી જોતાં રેવાની જિંદગી બિલકુલ સામાન્ય લાગતી. સ્કૂલ- ટ્યુશન-ઘર... બસ. આ ત્રિકોણીયામાં સમાય એટલું આકાશ રેવાનું. એનું મન અંદરથી એકાદ એવું તોફાન ઝંખી રહ્યું હતું , જેનો ખ્યાલ કોઈનેય નહોતો.

રેવા પાસે અનેક સવાલ હતાઃ હું કેમ મારા મિત્ર સાથે સાત વાગ્યા પછી બહાર ના જઈ શકું? ભાઈ તો ગમે ત્યારે બહાર રહે છે ને તો હું કેમ નહીં? મારી જ પસંદગી હંમેશાં ખોટી કેમ હોય? પેરેન્ટ્સ પાસે જવાબો નહોતા. હતાં તો માત્ર નિયમો. ‘તું છોકરી છો. અમને ખબર છે તારા માટે શું સાચું ને શું ખોટું. કારણ કે, સમાજમાં છોકરી એ કેમ રહેવાય એ તને નથી ખબર.’

ધીમે ધીમે રેવાને ખ્યાલ ના રહે એ રીતે એના મનમાં એક વિચાર દ્રઢ બનતો ગયો કે એ પોતાના ઘરમાં ‘મિસફીટ’ છે. પરિણામ સ્વરૂપ રેવા બગાવત પર ઊતરી આવી. એ આધુનિકતાના આંચળાને ઓઢવાં કટીબદ્ધ બની. મોડર્ન કપડાં, ચાલચલગત, અવનવાં મિત્રો. એણે દિલ ખોલીને જીવવાનું શરૂ કર્યું. સ્કૂલમાં એ ખુલેથી હસતી, છોકરાઓ સાથે દોસ્તી કરતી. આસપાસના લોકને રેવાનો આ બદલાવ ઊડીને આંખે વળગ્યો. ‘ અરે, રેવા તો ભારે બદલાઈ ગઈ છે. હવે એ સારી છોકરી નથી રહી. બહુ મોડર્ન થઈ ગઈ છે. એને તો ખૂબ બધા ફ્રેન્ડ્સ છે.’

આ ગણગણાટ એની પીઠ પાછળ ચાલ્યા કરતો. અંતે ખૂબ સહજતાપૂર્વક રેવાને લલાટે ‘બેડ ગર્લ’ નું ટેગ લાગી ગયું. રેવા સમજી નહોતી શકતી કે લોકોએ આટલી આસાનીથી એને ખરાબ કઈ રીતે માની લીધી? ક્લાસનો કોઈ છોકરો જો એની સાથે વાતો કરે તો એ વાત નોર્મલ ગણાય, પરંતુ જો રેવા સામેથી કોઈ છોકરા સાથે વાત કરવાની પહેલ કરે તો તુરંત એના ચારિત્ર્ય પર આંગળી ઉઠાવવામાં આવતી. વાત એક જ, પણ એ તરફ લોકોનો દ્રષ્ટિકોણ અલગ-અલગ.



રેવાની મનમરજીથી જીવવાની ચાહ ચોરે ને ચૌટે ચર્ચાવા લાગી. મમ્મી હવે ગમે ત્યારે એનો ફોન ચેક કરતી. પપ્પા એને ક્યાંય એકલી જવાં ના દેતા. ઘર હવે એના માટે પૂછપરછ કેન્દ્ર બની ગયેલું. ‘ક્યાં હતી.. કોની સાથે હતી.. ફોન કેમ ન ઉપાડ્યો... અમારી સાથે ખોટું બોલે છે’ વગેરે વગેરે.

રેવાને કહેવાની ઈચ્છા થઈ આવતી કે, હું જૂઠું નથી બોલતી, બસ તમે લોકો સાચું કહેવાની કોઈ જગ્યા મને નથી આપતાં, પણ જવાબમાં મોટાભાગે એ ચૂપ રહેતી. એક સાંજે સ્કૂલ ટ્રીપમાં જવાં માટે એણે મમ્મી-પપ્પાની મંજૂરી માગી. જવાબમાં આવી મનાઈ. એ દિવસે એ તૂટી પડી :

‘મારો શ્વાસ રૂંધાઇ રહ્યો છે, તમે મારા પર ભરોસો નથી કરતાં, મને સમજવાની કોશિશ નથી કરતાં, તમે મારા પેરન્ટ્સ નથી. દુશ્મનો છો.’

સામે પિતાનો ચહેરો કડક થઈ ગયો, ‘અમે તને પ્રોટેક્ટ કરીએ છીએ.’

‘આ પ્રોટેક્શન નથી, કંટ્રોલ છે.’ આટલું બોલતાં રેવા ગુસ્સામાં થરથર કાંપી રહી.

‘શું કીધું તે? આ કંટ્રોલ છે?’ આટલું બોલતાં પિતાએ એક જોરદાર તમાચો રેવાના મુલાયમ ગાલ પર જડી દીધો. એ દિવસે રેવાને પોતાના જ ઘરમાં અજાણ્યા જેવી લાગણી થઈ આવી.

આ ઘટના બાદ રેવાએ સમજવાનું સદંતર બંધ કરી દીધું. એ હવે રજા માગવાની પણ દરકાર ના કરતી. સાચું કહેવાનું તો જાણે એ ભૂલી જ ગયેલી. એ હવે ‘આઝાદ પંછી’ હતી - ‘અ ફ્રી બર્ડ’. જોકે આ પરાણે ખૂંચવેલી આઝાદીની સાથે દગો, વિશ્વાસઘાત, ભૂલભરેલા નિર્ણયો, મૂંઝવણો, બધું જ નફામાં સાથે આવ્યું.

ક્યારેક અરીસાને એ પ્રશ્ન કરતી :

‘શું સાચે હું કોઈ ખરાબ છોકરી છું?’ શું સ્વતંત્રતા પસંદ કરનાર દરેક છોકરી, યુવતી, સ્ત્રી મારી જેમ ખરાબ ગણાતી હશે? અને લોકોની હા એ હા કરતી, પરતંત્રતા ભોગવતી, ત્યાગની દેવી થઈ ઉઠતી છોકરીઓ સારી!’

રેવાની અંદર જિજ્ઞાસા છે, આકર્ષણ છે અને સૌથી વધારે તો સ્વીકૃતિની ચાહ છે. એ ભૂલો કરે છે. સમાજે દોરેલી સીમાઓને લાંઘી દે છે. એમાં વિદ્રોહથી વધુ તરુણાવસ્થાને જાણવાની કોશિશ છે. આ ઉંમરે એ ભટકી ગઈ છે એનાથી પણ વધુ તકલીફદાયક વાત તો એ છે કે, પોતાના મનનો ઊભરો ઠાલવવા એની પાસે કોઈ સુરક્ષિત જગ્યા નથી. તરુણાવસ્થાએ હોર્મોન્સ તમારા વિચારો, લાગણીઓ, પ્રતિક્રિયા તેમજ ભાવનાઓને બદલી નાખે છે. જલ્દીથી ગુસ્સો આવવો, એકલતા અનુભવવી, આકર્ષણ થવું, વિદ્રોહી બનવું. આ બધું ખરાબ વર્તન એ બદલતી ઉંમરે હોર્મોન્સના ઘોડાપૂર આવ્યાની નિશાની છે.

રેવા પણ આ બધી મૂંઝવણોનો સામનો કરી રહી છે. આ તકલીફોને સમજાવવાની ભાષા એને નથી આવડતી. લોકોને જે દેખાય રહ્યું છે એ એનો બાહ્ય બદલાવ અને સ્વભાવની કડવાશ છે. અંદરથી એનામાં જે ઊથલપાથલ મચી છે એનો કોઈ તોડ નથી.

રેવાને ખ્યાલ નથી કે એ અત્યારે હોર્મોન્સના ઉતાર-ચડાવમાંથી પસાર થનારી ઉંમરમાં પહોંચી છે. આ સમયે મન પોતે શું છે એ વિચારે સાચી ઓળખની તલાશમાં ભટકતું ફરે અને શરીર કુદરતી રીતે ઉત્પન્ન થઈ રહેલા આવેગોને શમાવવા અધીરું થાય.

બીજા શબ્દોમાંઃ આ એક એવી ઉંમર છે, જ્યાં વિહરવાનું અને વિખેરાય જવાનું સાથે થઈ રહ્યું છે ત્યારે સમજણનો સેતુ સાંધવાની પહેલ કોણ કરે? સમાજ કે ખુદ યુવતી? ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# ‘કરુણામયી રાણી’ નું બિરુદ પામનારી માછીમારની દીકરી રસમણિ



સાવ સાધારણ માછીમારોના પરિવારમાંથી આવવા છતાં, ‘કોલકાતાની રાણી’ તરીકે ઓળખાતી રસમણિ (બંગાળી ઉચ્ચાર: રોશમોણી) કોણ હતી, જાણો છો?

એક મહિલા જો નિર્ધાર કરે તો શું કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે આ રાણી રસમણિ...

રસમણિનો જન્મ ૧૭૯૩માં કુમારહટ્ટા-કંચનપલ્લી (હાલના નાદિયા-ઉત્તર ૨૪ પરગણા સરહદ) ખાતે એક માછીમારોના પરિવારમાં થયો હતો. પિતા ખૂબ ઓછું ભણેલા હતા, પણ એટલું ચોક્કસ ગણેલા કે તેમને કૃતિવાસી રામાયણ અને કાશીદાસી મહાભારત વાંચી શકતા- એનું બહુ સારું પઠન પણ કરી જાણતા. તેથી સમુદાયમાં એ આદરણીય હતા. એ ઘર બાંધકામમાં પણ ખૂબ કુશળ હતા. આ કારણે રસમણિના પિતા હાલીસર અને નજીકના ગામડાઓમાં જાણીતા હતા.

રસમણિ સાત વર્ષની હતી ત્યારે તેની માતાનું અવસાન થયું. ૧૧ વર્ષની થઇ ત્યારે તો તેના લગ્ન પણ થઇ ગયા!

તેના લગ્ન જાનબજાર, કોલકાતાના બાબુ રાજચંદ્ર દાસ (માર્હ) સાથે થયાં હતાં, જે ‘જાનબજાર રાજ’ તરીકે ઓળખાતા. એ જમીનદાર પરિવારના હતા. એક સમૃદ્ધ જમીનદાર પરિવારમાં લગ્ન કરનારી અગિયાર વર્ષની રસમણિ માટે આશ્ર્વાસન એ વાતનું હતું કે તેના જમીનદાર શ્ર્વસુરગૃહે લોકો પ્રગતિશીલ વિચારધારા ધરાવતા હતા. પરિણામે તેને તેના પતિ રાજચંદ્ર દાસે એને આગળ ભણવા માટે પ્રોત્સાહન પણ આપ્યું અને સહાય પણ કરી.




રસમણિમાં શીખવાની અસાધારણ ક્ષમતા હતી અને ખૂબ જ કુશળ બુદ્ધિમત્તા ધરાવતી હતી. તેથી તે ઝડપથી શિક્ષણ મેળવી શકી. સાથે પતિના સહયોગથી તે તેમણે વ્યવસાયમાં પણ મદદ કરવા લાગી. આ બધી વાત તે સમયના રૂઢિચુસ્ત વાતાવરણમાં અસાધારણ હતી, પણ જમીનદાર પરિવારનો વિરોધ કોણ કરે?

આપણે ફિલ્મોમાં જોયું છે કે જમીનદાર એટલે ગરીબોનું શોષણ કરીને પોતાની તિજોરી ભરનાર વ્યક્તિ, પણ સદનસીબે રસમણિનો પરિવાર લોકસેવાની ભાવના ધરાવતો હતો. તેમની આવકનો મોટાભાગનો ભાગ ગરીબ વ્યક્તિઓને સહાય પૂરી પાડવા, સામુદાયિક રસોડા સ્થાપવા અને જરૂરિયાતમંદ લોકો માટે પાણી વિતરણ સુવિધાઓ બનાવવા માટે ફાળવવામાં આવતો હતો.

બધું સમુંસૂતરું ચાલતું હતું, ત્યારે જ કાળ ત્રાટક્યો. રસમણિ હજી ૩૭ વર્ષની જ હતી, ત્યાં તેના પતિનું અકાળે અવસાન થયું. પતિ પડખે ઊભા હતા ત્યાં સુધી બધું ઠીક હતું, પણ તેમનો સહારો જતાં જ સમાજને એક સ્ત્રી વ્યવસાયમાં આગળ પડતી હોય તે આજુબાજુવાળાને સહન થાય તેમ નહોતું. તેમ છતાં ચાર સંતાનો એકલે હાથે ઉછેર કરવાની સાથે પતિના વ્યવસાયનું સમગ્ર સંચાલન રસમણિએ પોતાના હાથમાં લીધું. સમાજની કે લોકોની પરવા કર્યા વિના તેણે સફળતાપૂર્વક વ્યવસાય સંભાળી લીધો. કદાચ વિધિએ આ કારણથી જ રસમણિના પતિને પ્રેરણા આપી હશે કે તે પત્નીને શિક્ષણ આપે અને વ્યવસાયમાં સામેલ કરે.

સ્ત્રી એક શક્તિ છે તે વાતનો પુરાવો આવી કઠણ પરિસ્થિતિઓમાં સહેજે પ્રાપ્ત થાય છે. તે સમયે બંગાળમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું રાજ હતું. ઇસ્ટ ઇન્ડિયા કંપની અને તેમના પતિની હરીફોએ એની કંપની પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કર્યો, જેનું મુખ્ય કારણ તેમની સંપત્તિ અને પુરુષ ઉત્તરાધિકારીનો અભાવ હતો.

આ બધા વચ્ચે સમણિએ તેમના જમાઈ મથુરા નાથ બિશ્વાસની મદદથી કંપનીના કામકાજનું સંચાલન કરતી. એ વખતે જે ચતુરાઈ અને વ્યવહારિકતા દર્શાવી તેનાથી એના હરીફો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

માત્ર વ્યવસાયમાં જ નહિ, બંગાળમાં સામાજિક સુધારણા ચળવળોમાં રસમણિ એક અગ્રણી વ્યક્તિ તરીકે ઊભરી આવ્યાં.

તેમણે બહુપત્નીત્વની પ્રથા સામે ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં ઔપચારિક અરજી કરીને તેને નાબૂદ કરવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવી. સતી પ્રથા, બાળ લગ્ન અને જાતિ આધારિત અન્યાય સામે સક્રિયપણે તેમણે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો, વિદ્વાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના વિધવા પુનર્લગ્નના અભિયાનને સમર્થન આપ્યું.

તે સમયે જમીનદારો કરતાં વધુ શોષણ ઇસ્ટ ઇન્ડિયા કંપની કરતી હતી. બંગાળમાં માછીમારી કરવા પર કંપનીએ ભારે કર લગાવ્યો હતો. આ અન્યાય સામે પણ રસમણિએ ઇસ્ટ ઇન્ડિયા કંપની વિરુદ્ધ બાંયો ચઢાવી. રસમણિએ ગંગાના એક ભાગમાં બ્રિટિશ કંપનીના શિપિંગ વેપારમાં અવરોધ ઊભો કરીને બ્રિટિશ સરકારને નદીમાં માછીમારી પર લાદવામાં આવતા કરને નાબૂદ કરવા દબાણ કર્યું. જેની સામે સરકારે ઝૂકવું પડ્યું. બંગાળની પ્રસિદ્ધ દુર્ગા પૂજાના અવસરે બ્રિટિશ સરકારે દેવીની શોભાયાત્રા પર એમ કહીને પ્રતિબંધ મૂકી દીધો કે તેનાથી શાંતિ જોખમાય છે. રસમણિએ આ પ્રતિબંધને અવગણીને લોકો સાથે શોભાયાત્રા કાઢી. સરકારે તેના પર દંડ લગાવ્યો. તે આપવાનો પણ રસમણિએ ઇનકાર કરી દીધો. અહીં પણ બ્રિટિશ સરકારને આખરે ઝૂકવું પડ્યું. રસમણિની આ લોકસેવાને કારણે તેઓ લોકોનો ખૂબ પ્રેમ અને આદર પામ્યાં. લોકોએ સ્નેહથી તેમને ‘રાણી’ કહેવાનું શરૂ કર્યું.

આ રીતે રસમણિ સત્તાના સિંહાસન પર નહિ પણ લોકહૃદય પર રાજ કરનારાં કરુણામય ‘રાણી રસમણિ’ બન્યાં.

ઇડન ગાર્ડન્સ (તે સમયે માર બાગાન) પણ તેમના જમીનદારી વિસ્તારનો એક ભાગ હતો, જે તેમણે પાછળથી ભારતના તત્કાલીન ગવર્નર-જનરલ લોર્ડ ઓકલેન્ડની ઇડન બહેનોને ભેટમાં આપ્યો હતો, કારણ કે તેમણે પોતાની એક ત્રીજી પુત્રીને જીવલેણ રોગથી ઉગારવામાં મદદ કરી હતી. તેમણે બંગાળમાં ગંગા નદીના કિનારે યાત્રાળુઓને સ્નાનની સુવિધાઓ માટે કેટલાક ઘાટનું નિર્માણ કરાવ્યું, જેમાંથી એકને પોતાના પતિની યાદમાં બાબુઘાટ નામ આપ્યું. રસમણિએ તત્કાલીન ઇમ્પિરિયલ લાઇબ્રેરી (હવે નેશનલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયા) અને હિન્દુ કોલેજ (હવે પ્રેસિડેન્સી યુનિવર્સિટી) ને પણ દાન આપ્યું હતું.

આ બધાં સખાવતી કાર્યોની વચ્ચે તેમને સતત એક સ્વપ્ન આવતું હતું, તે હતું દેવી મહાકાળીનું એક મંદિર બનાવવાનું. સતત આવી રહેલા એક જ સ્વપ્નને પ્રેરણા સમજીને રાણીએ દક્ષિણેશ્ર્વર ગામમાં ૩૦,૦૦૦ એકરનો પ્લોટ ખરીદ્યો. ત્યાં ૧૮૪૭ અને ૧૮૫૫ની વચ્ચે વિશાળ મંદિર સંકુલનું નિર્માણ કરાવ્યું. આજથી પોણા બસ્સો વર્ષ પહેલાં આ મંદિર માટે તેમણે નવ લાખ રૂપિયાનો અધધધ કહેવાય એવો ખર્ચ કર્યો હતો!!

રામકુમાર ચટ્ટોપાધ્યાયની મુખ્ય પૂજારી તરીકે નિમણૂંક કરવામાં આવી. રામકુમારના નાના ભાઈ, જેમને પાછળથી વિશ્વ શ્રી રામકૃષ્ણ પરમહંસ તરીકે ઓળખતું થયું.

દેવી કાલીના પ્રખર ભક્ત હોવાથી, તેમની જાગીરની સત્તાવાર મહોર પર શબ્દો અંકિત રહેતા : ‘શ્રી રાસમણિ દાસી, કાલીના ચરણોની ઝંખના ‘ભારત સરકારે આવી નીડર , સેવાભાવી અને પ્રગતિશીલ મહિલાનાં કાર્યોને ઉચિત આદર આપવા, ભારતીય કોસ્ટ ગાર્ડના ફાસ્ટ પેટ્રોલ વેસેલ્સમાંથી એકનું નામ રાણી રસમણિના નામ પર રાખ્યું છે. તેમના નામની ટપાલ ટિકિટ પણ ભારત સરકારે બહાર પાડી છે.■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ઉનાળામાં કોટન પેન્ટ્સ બેસ્ટ ઑપ્શન

કોટન પેન્ટ્સ એ સૌથી વધુ આરામદાયક અને વર્સેટાઇલ બોટમ વેર છે. કોટન ફેબ્રિક શ્ર્વાસ લેવા યોગ્ય, હલકું અને ત્વચા પર નરમ હોય છે, જેથી મુંબઈ જેવા ગરમ અને ભેજવાળા વાતાવરણમાં પણ તમે આખો દિવસ કમ્ફર્ટેબલ રહી શકો છો. કોટનના પેન્ટ્સને ઓફિસ વેર અને કેઝ્યુઅલ વેર બંનેમાં સરળતાથી સ્ટાઇલ કરી શકાય છે. અહીં આપણે બંને પ્રકારની સ્ટાઇલ વિશે વિગતવાર જાણીશું, જેથી તમે તમારા વોર્ડરોબમાં નવા આઇડિયા ઉમેરી શકો.

**ઓફિસ વેરમાં કોટનના પેન્ટ્સ કેવી રીતે પહેરવા?**

ઓફિસમાં પ્રોફેશનલ લૂક માટે કોટનના પેન્ટ્સ તમને સ્માર્ટ અને પૉલિશ્ડ લૂક આપી શકે. સૌથી પહેલા સ્ટ્રેટ લેગ અથવા સ્લિમ ફિટ કોટન ટ્રાઉઝર પસંદ કરવા. જેમાં પ્લીટ્સ અથવા બેલ્ટ લુપ્સ હોય. જેમનું શરીર ભરેલું છે તેમણે પ્લીટ્સ વાળા પેન્ટ્સ ન પહેરવા. તેનાથી કમરનો ભાગ દેખાવમાં વધારે લાગશે. તેઓ કોટન હોઝિયરીના સ્ટ્રેચેબલ પેન્ટ્સ પહેરી શકે, અથવા ટમી ટક્કર વાળા પેન્ટ્સ પહેરી શકાય. તેનાથી પેટનો ભાગ થોડો ઓછો લાગશે. જેનું શરીર સુડોળ છે તેઓ પ્લીટ્સ વાળા પેન્ટ્સ પહેરી શકે. જો તમે ફોર્મલી આ પંત પહેરવાના હોવ તો ખાસ ધ્યાન એ રાખવું કે, પેન્ટમાં બેલ્ટ લુપ્સ હોય. તમે તમારી બોડી ટાઈપ પ્રમાણે બેલ્ટની સાઈઝ પસંદ કરી શકો.જો તમારી હાઈટ સારી હોય તો તમે બેલ બોટમ પેન્ટ્સ પહેરી શકો. હાઈટ હશે તો જ પેન્ટની પેટર્ન દેખાશે. બેલ બોટમ પેન્ટ્સ સાથે સિલ્ક શર્ટ કે પછી ફેન્સી ટોપ્સ પહેરીને એક ફોર્મલ લૂક આપી શકાય.

હેવી શરીરવાળી યુવતીઓએ પેન્ટના કલર પસંદ કરવામાં ખાસ ધ્યાન રાખવું જેમકે, ડાર્ક કલર્સ જેવા કે રોયલ બ્લુ, બ્લેક, ઓલિવ ગ્રીન કે બ્રાઉન. ડાર્ક કલર્સ તમારી બોડી ફ્રેમને કટ કરે છે. જો તમારું સુડોળ શરીર હોય તો તમે બધી જ જાતના કલર્સ પહેરી શકો. જો કોટન પેન્ટ્સને ઈન્ટક કરીને પહેરવામાં આવશે તો વધારે સ્માર્ટ લુક આવશે. જો તમે હાઈ વેસ્ટેડ કોટન ટ્રાઉઝર પહેરવા માગતા હોવ તો, તેની સાથે પ્રિન્ટેડ ફેબ્રિકવાળું જેકેટ કે પછી લિનનનું શર્ટ કે જેકેટ પહેરી શકાય. જેમનું શરીર ભરેલું હોય તેમણે તો ખાસ હાઈ વેસ્ટ ટ્રાઉઝર પહેરવા જોઈએ જેથી કરી પેટ અને કમરનો ભાગ વધારે ન દેખાય.

આ લૂકમાં કોટનના પેન્ટ્સનો ફાયદો એ છે કે તે રિંકલ ફ્રી હોવાને કારણે આખો દિવસ ફ્રેશ લૂક આવે છે..

**કેઝ્યુઅલ વેરમાં કોટનના પેન્ટ્સ કેવી રીતે સ્ટાઇલ કરવા?**

કોટન પેન્ટ્સ તમે કેઝ્યુઅલી પણ પહેરી શકો.જેમકે, પ્લાઝો પેન્ટ્સ, સ્ટ્રેટ પેન્ટ્સ કે પછી બેલ બોટમ પેન્ટ્સ. કોટન પેન્ટ્સ સાથે કેઝ્યુઅલ લૂક આપવા માટે તમે ક્રોપ ટોપ્સ, ઓફ શોલ્ડર ટોપ્સ કે પછી કોઈ ફેન્સી ટોપ્સ પહેરી શકાય.જેમકે, વાઈટ કોટન પેન્ટ સાથે બ્લેક ટેંક ટોપ અને કોઈ સ્ટેટમેન્ટ જ્વેલેરી પહેરી શકાય. જો તમે કોફી ડેટ માટે જાવ છો તો, કોટન પેન્ટ સાથે કાફતાન કે ઓવર સાઈઝ ટોપ પહેરી શકાય. જો તમે કોટન પેન્ટ સાથે ઇન્ડિયન લૂક જોઈએ છે તો તમે કુર્તી પહેરી શકો. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં પણ કોટન પેન્ટ આવે છે, તેની સાથે તમે પ્લેન ટી શર્ટ પહેરી શકો કે પછી હોલ્ટર ટોપ કે સ્પેગેટી ટોપ પણ પહેરી શકાય.

કોમન ટિપ્સ -પેન્ટની સાઈઝ તમારા બોડી ટાઇપ અનુસાર લેવી. ખાસ કરીને પેન્ટ હાઈ વેસ્ટ પસંદ કરવા જેથી પહેરવામાં કમ્ફર્ટેબલ રહે. વોશેબલ અને ક્વિક ડ્રાઈ હોવાને કારણે કોટન પેન્ટ પહેરવામાં આરામદાયક લાગે છ. કોટન પેન્ટ્સ બજેટ ફ્રેન્ડલી હોવાને કારણે તમે અલગ અલગ સ્ટાઇલના વાસવવા ભારે નથી પડતા. કોટન પેન્ટ્સ તમારા વોર્ડરોબમાં હોવા જ જોઈએ. કોટન પેન્ટ્સ ઓફિસમાં પ્રોફેશનલ અને કેઝ્યુઅલી એફર્ટલેસ લૂક આપે છે. કોટન પેન્ટ્સ હંમેશાં એન્કલ લેન્થના સારા લાગશે. જો વાઈડ લેગ્સ પેન્ટ હશે તો તેની લેન્થ થોડી લાંબી હોવી જોઈએ. તમારા બોડી અને હાઈટને અનુસાર પેન્ટની સ્ટાઇલ નક્કી કરી શકાય.

કોટન પેન્ટ સાથે ફોર્મલ લૂક માટે પગમાં હિલ્સ અથવા બેલીસ પહેરી શકાય અને કેઝ્યુઅલ લૂક માટે લોફર્સ કે સ્નીકર્સ પહેરી શકાય. ■



# ઘડો લેવા જેવી વાતઃ દીકરી ને વહુ એ બેમાં મોટું અંતર શું?

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com





એક વખત હું મારે ગામ ચીત્રાવડ, ગીર ગઈ હતી. વળતી વખતે વેરાવળથી મુંબઈ આવવા હું રેલવેમાં મુસાફરી કરતી હતી. વેકેશનનો સમય હતો અને ઉનાળાના દિવસો! મારી સામેની સીટ પર એક વૃદ્ધ માજી બેઠાં હતાં. એમના ખોળામાં માથું રાખીને એક તરુણી સૂતી હતી.

- રાતની મુસાફરી. એમાંય ઉનાળાનો તાપ.

- તરુણીને ઊંઘ આવતાં જ ડોશીના ખોળામાં માથું નાખીને સૂઈ ગઈ.

- ડોશીએ તેને હળવેથી પંખો નાખવા માંડ્યો અને બીજા હાથે તેનું માથું દાબવા માંડ્યું. તેમની મમતાએ મને પૂછવા પ્રેરીઃ

- ‘માજી આ કોણ છે?’

* ‘મારી દીકરી છે!’ વૃદ્ધાએ ટૂંકો જવાબ વાળ્યો.

- આ દૃશ્ય જોતાં જ મને વિચાર સ્ફૂર્યો કે

* આ દીકરી જ્યારે સાસરે જશે ત્યારે આ મમતામયી માના હૃદયમાં કેવો આઘાત થશે!

* આ ઘરડાં મા આવી પ્રેમાળ દીકરીનો વિયોગ શી રીતે સહન કરી શકશે?

- રાતના ત્રણેક વાગ્યા એટલે તરુણીએ જાગીને માના હાથમાંથી પંખો લઈ લેતાં કહ્યું:

* બા, હવે તમે સૂઈ જાવ. તમે તો જરાય આડે પડખે થયાં જ નથી. હવે આરામ કરો...!

- ‘વહુ! અમને ઘરડાંને આમેય ઊંઘ ઓછી હોય. તું તારે આરામ કર...!’

- વહુએ લાડભર્યા સ્વરમાં કહ્યું,

* ‘ના બા. હવે તમે સૂઈ જાઓ. ઊંઘ ન આવે તો કંઈ નહીં, જરા આડાં તો પડો...!’

- વહુએ આગ્રહ કરતાં કહ્યું અને વૃદ્ધાએ તરુણીના ખોળામાં માથું મૂક્યું.

* તરુણીએ પોતાની વૃદ્ધ સાસુનું માથું દબાવતાં પંખો નાખવા માંડ્યો.

- બંને વચ્ચેનો વાર્તાલાપ સાંભળીને હું ચમક્યો.

* આ મા-દીકરી નથી.

* આ તો સાસુ-વહુ છે.

* વાહ... વાહ... જે ઘરમાં સાસુ-વહુ વચ્ચે આવો નિર્મળ પ્રેમ હોય તે ઘરમાં જગતભરનું સુખ આવીને વસ્યું હશે!

- મારાથી રહેવાયું નહીં એટલે મેં પૂછ્યું:

* ‘મા તમે તો કહેતાં હતાં કે આ મારી દીકરી છે, પણ તમે તો એને વહુનું સંબોધન કરો છો!’

- જવાબમાં વૃદ્ધાએ હસતાં ચહેરે જે કહ્યું તે દરેક સાસુએ સ્મરણમાં રાખવા જેવું છેઃ

* ‘ભાઈ! દીકરી અને વહુ એ બેમાં મોટું અંતર શું છે એજ મને સમજાતું નથી...!

- ‘દીકરીને આપણે પાળી-પોષીને મોટી કરીએ છીએ અને ઉંમર લાયક થતાં તેને પારકે ઘરે વળાવી દઈએ છીએ. એ દીકરીના બદલામાં આપણે બીજાના ઘરમાંથી કોઈની દીકરી લાવીએ છીએ!’

- ‘હવે તો જ્યારે મારી દીકરી સાસરેથી આવે છે ત્યારે મારે ત્યાં મહેમાન બનીને આવે છે. પણ સદાય મારી સાથે આ મારી વહુ દીકરી જ રહે છે...!’

- ‘મને તો મારી વહુમાં જ મારી દીકરીનાં દર્શન થાય છે.

- ‘પહેલાં હું મારી દીકરીઓની સારસંભાળ લેતી હતી. હવે હું વહુની સંભાળ લઉં છું. એના સુખમાં મને મારું સુખ દેખાય છે. એને પ્રસન્ન જોઈને મારું મન મલકાઈ ઊઠે છે.

* ‘ચાર દિવસના ચાંદરણા જેવી આ જિંદગીમાં મારે શા માટે કોઈનું દિલ દુભવવું જોઈએ...?’

- વૃદ્ધાનો જવાબ સાંભળીને મને એમ થઈ ગયું કે,

* દરેક સાસુના દિલમાં આવી સમજણ પ્રગટે તો?

* ‘આંતરે દિવસે ઘરઘરમાં જે હોળી સળગે છે એને બદલે દિવાળીના દહાડા જેવો આનંદ થાય ને!’

- સાસુ સમતાવાન હતાં. * તેમના હૈયે પુત્રી અને વહુ વચ્ચે કોઈ અંતર ન હતું અને તેથી જ વહુમાં તેને પોતાની દીકરીનું દર્શન થયું...!

- થાકને લઈને વહુને તેમના ખોળામાં નીંદર આવી ગઈ ત્યારે તેમને પહેલાં પોતાની પુત્રી યાદ આવી ગઈ. * તેમને વિચાર આવ્યો કે મારી પુત્રી યાદ આવી ગઈ. * તેમને વિચાર આવ્યો કે મારી પુત્રી આ જગ્યાએ હોય તો હું શું કરત? * પોતાના આત્માએ જે જવાબ આપ્યો તે પ્રમાણે જ તેઓએ વહુ સાથે વ્યવહાર કર્યો અને પરિણામે વહુ તેમના માટે સગી દીકરી બની રહી.

- ‘લાડકી પૂર્તિ’ની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

* ગીતામાં ભગવાને કહેલો બોધ- ‘સમત્વં યોગ ઉચ્ચયતે.’

...સમતા એ પરમાત્માને પામવાનો માર્ગ છે.

- પરમાત્મા અર્થાત્ પરમ આનંદ-આ કથાનકના સંદર્ભમાં શત પ્રતિશત યથાર્થ લાગે છે. ■

# ભારતની રશિયન ઑઈલ સપ્લાય વધશે અને ૧૫ લાખ બૅરલ પ્રતિદિને પહોંચશે

મોસ્કોઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારતની રશિયન ક્રૂડ ઓઇલની માગમાં વધારો થઇ શકે છે. જે દરરોજ ૧૫ લાખ બેરલ પ્રતિ દિવસના સ્તરે પહોંચી શકે છે અને જે ૨૦૨૪-૨૦૨૫થી પણ વધુ હોઇ શકે છે. વૈશ્વિક તેલ વેપારના એક જાણીતા નિષ્ણાંતે આ મત વ્યક્ત કર્યો હતો.

નાયબ વડા પ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે બુધવારે સરકારી ટીવીને જણાવ્યું હતું કે રશિયાનું માનવું છે કે પછીથી રિફાઇનિંગ માટે ભારતમાંથી તેના તેલની માગ વધી શકે છે. ગ્લોબલ હાઇડ્રોકાર્બન વેપારના જાણીતા નિષ્ણાંત મેક્સિમ માલ્કોવે બુધવારે સરકારી સમાચાર એજન્સી તાશને જણાવ્યું કે પશ્ચિમ એશિયા યુદ્ધથી ભારતની રશિયા પાસેથી તેલની આયાતમાં વધારો થશે.

એજન્સીએ માલ્કોવને ટાંકીને જણાવ્યું કે સપ્લાઇ વોલ્યુમ ૨૦૨૪-૨૦૨૫માં ટોચના સ્તરે પહોંચી શકે છે એટલે કે લગભગ ૧૫ લાખ બેરલ પ્રતિ દિવસ અને જો રશિયન તેલ કંપનીઓ વધેલી માંગને પહોંચી વળવા માટે ઝડપથી ડ્રિલિંગ વધારી શકે તો તેનાથી પણ વધુ વધી શકે છે. માલ્કોવના મતાનુસાર બે કારણોસર ભારત દ્વારા રશિયન તેલની ખરીદીમાં વધારો થવાની શક્યતા વધુ બની રહી છે. પહેલું- ભારત ઊર્જા આયાતના ભાવને લઇને સંવેદનશીલ છે. બીજા નિષ્ણાંતોનું માનવું છે કે જો પશ્ચિમ એશિયામાં સંઘર્ષ લાંબો ચાલશે અને હોર્મુઝ સામુદ્રધુની દ્વારા સપ્લાઇમાં વિક્ષેપ વધશે તો અમેરિકા ભાવમાં અતિશય વધારો ટાળવા માટે ભારત અને એકંદરે વૈશ્વિક બજારમાં વધુ રશિયન તેલની મંજૂરી આપવામાં રસ ધરાવી શકે છે. ■

# વધુ ૫૮ ફલાઈટ દ્વારા ભારતીયોને પાછા લવાયા

નવી દિલ્હીઃ અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વણસતી જતી સ્થિતિને કારણે મધ્યપૂર્વનું આકાશ અત્યારે યુદ્ધનાં વિમાનો, મિસાઈલ અને ડ્રોનથી ભરેલા છે. સુરક્ષાના કારણોસર મોટા ભાગના હવાઈ ક્ષેત્રો બંધ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે લાખો ભારતીય નાગરિકો ખાડી દેશમાં ફસાયા છે. આ કટોકટીની પળોમાં ભારત સરકારે સક્રિયપણે ભૂમિકા ભજવી છે અને ફસાયેલા નાગરિકોને સુરક્ષિત રીતે વતન પરત લાવવા માટે યુદ્ધનાં ધોરણે ઓપરેશન શરૂ કર્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વિશેષ ફલાઈટ મારફત ભારતીયોને પરત લાવવાનો નિર્ણય લીધો છે. સરકારી આંકડા મુજબ આજથી ભારતીયોને પરત લાવવા માટે કુલ ૫૮ વિશેષ ફલાઈટ્સ ઓપરેટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઈન્ડિગો દ્વારા ૩૦ અને એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા ૨૩ ઉડાન ભરવામાં આવશે. ઉપરાંત, સ્પાઈસ જેટ અને અકાસા એર જેવી કંપનીઓ પણ દુબઈ અને ફુજૈરાહ જેવા શહેરોમાંથી દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, અમદાવાદ અને કોચી જેવા ભારતીય એરપોર્ટ પર મુસાફરોને લાવશે. ■

# ભારત-ચીનને સુપરપાવર બનતા રોકવા અમેરિકાએ જંગ છેડીઃ ઈરાન

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કરીને પશ્ચિમ એશિયામાં યુદ્ધ છેડ્યું છે, આ હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામનેઈની હત્યા કરવામાં આવી હતી. અમેરિકા અને ઇઝરાયલના હુમલાની માઠી અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી શકે છે. એવામાં ઈરાન અધિકારી એ જણાવ્યું છે કે ઈરાન સાથે નજીકના સંબંધો ધરાવતા ભારત અને ચીન જેવા દેશોના વધતા પ્રભુત્વને નુકશાન પહોંચાડવા અમેરિકાએ યુદ્ધ શરૂ કર્યું છે.

ઈરાનના સર્વોચ્ચ નેતાના કાર્યાલયના ભારતમાં ખાસ પ્રતિનિધિ અબ્દુલ મજીદ હકીમ ઇલાહીએ એક ન્યુઝ એજન્સી સાથેના ઈન્ટરવ્યું દરમિયાન જણાવ્યું કે અમેરિકા દુનિયામાં શક્તિશાળી દેશ તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખવા માટે વૈશ્વિક સંઘર્ષો ભડકાવી રહ્યું છે. ભારત અને ચીન મહાશક્તિ બનીને ઉભરી રહ્યા છે, ત્યારે બંને દેશોને નુકશાન પહોંચાડવાના ઈરાદે અમેરિકા ઈરાન સાથે યુદ્ધ છેડ્યું છે, જેથી અમેરિકા પોતાનું વર્ચસ્વ જાળવી શકે છે. અબ્દુલ મજીદ હકીમ ઇલાહીએ કહ્યું હતું કે ભવિષ્યમાં ભારત, ચીન, રશિયા અને અમેરિકા વિશ્વના સૌથી શક્તિશાળી દેશો હશે, જો કે અમેરિકા નથી ઇચ્છતું કે કોઈ તેની સાથે ઉભું રહે. અમેરિકા નથી ઇચ્છતું કે ભારત કે ચીનને મહાશક્તિ તરીકે ઉભરી આવે. પરિણામે, અમેરિકા આ આવા યુદ્ધો શરુ કરે છે.

તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે યુદ્ધની શરૂઆત અમેરિકા અને ઈઝરાયલે કરી હતી, ઈરાને નહીં.

તેમણે કહ્યું હતું કે, તેઓ અમારા નાગરિકો પર બોમ્બમારો કરી રહ્યા છે, અમે માત્ર પોતાનો બચાવ કરી રહ્યા છીએ. તેઓ હુમલા અટકાવશે તો, અમે પણ હુમલા બંધ કરીશું. અબ્દુલ મજીદ હકીમ ઇલાહીએ એમ પણ કહ્યું કે તેઓ અમેરિકા અને ઇઝરાયલ સાથેના યુદ્ધ ઉપરાંત ફેક ન્યૂઝ સામે પણ યુદ્ધ લડી રહ્યા છે. ■

# વધુ પાંચ રશિયન એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદશે ભારત

નવી દિલ્હીઃ વૈશ્વિક અશાંતિ વચ્ચે ભારત સંરક્ષણ મજબૂત કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. ફ્રાન્સ સાથે ૧૧૪ રાફેલ ફાઈટર જેટની મેગા ડીલ બાદ ડિફેન્સ પ્રોક્યોરમેન્ટ બોર્ડ (ડીપીબી)એ સોમવારે એર ફોર્સ માટે રશિયા પાસેથી પાંચ વધુ એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી.

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની અધ્યક્ષતા હેઠળના ડીપીબીએ હવાઈ દળ દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તને મંજૂરી આપી છે, આ અરજીને હવે આગળની મંજુરી માટે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતા હેઠળની બાદ ડિફેન્સ એક્વિઝિશન કમિટી (ડીએસી) પાસે મોકલવામાં આવશે.

ડીએસી આ વધુ પાંચ એસ-૪૦૦ એર ડિફેન્સ ખરીદવાની મંજૂરી આપે પછી, નવી ખરીદીની કિંમત નક્કી કરવા માટે કોસ્ટ નિગોશિએશન કમિટીની રચના કરવામાં આવશે. ત્યાર બાદ નાણા મંત્રાલય મારફતે કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (સીસીએસ) દ્વારા આ ખરીદીને અંતિમ મંજૂરી આપવામાં આવશે. નોંધનીય છે કે હાલ ભારત પાસે ત્રણ એસ-૪૦૦ સિસ્ટમ છે, આ વર્ષે વધુ બે ત્રણ એસ-૪૦૦ સિસ્ટમને ઇન્ડિયન સિક્યોરિટી ફોર્સિઝમાં સામેલ થઇ શકે છે. ગત વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન એસ-૪૦૦ સિસ્ટમે શાનદાર કામગીરી કરી હતી.

અહેવાલ મુજબ સંરક્ષણ મંત્રાલય હવે ૧૩ રશિયન પેન્ટસિર એસ-૧ સેલ્ફ-પ્રોપેલ્ડ મિસાઇલ સિસ્ટમ ખરીદવા માટે હવાઈ દળ અને ભારતીય સેનાના પ્રસ્તાવની રાહ જોઈ રહ્યું છે. પેન્ટસિર એસ-વન મધ્યમ અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલો છે. ■

# વેપાર બંધ કરવાની ટ્રમ્પની ધમકી છતાં સ્પેનના પીએમે ઈરાન પરના હુમલાને વખોડ્યો

મૅડ્રિડઃ સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાન્ચેઝે ફરી એકવાર ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલી લશ્કરી કાર્યવાહીની ટીકા કરી હતી અને ચેતવણી આપી હતી કે ઈરાન યુદ્ધ લાખો લોકોના જીવનને જોખમમાં મુકવા માટે રશિયન રૂલેટ ગેમ રમવામાં આવી રહી છે. નોંધનીય છે કે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે સ્પેન સાથે અમેરિકાનો વેપારને સમાપ્ત કરવાની ધમકી આપી હતી કારણ કે સ્પેને ઈરાન પર હુમલામાં અમેરિકાને સંયુક્ત લશ્કરી બૅઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો.

પેડ્રો સાન્ચેઝે એક ટીવી સંબોધનમાં કહ્યું હતું કે અમે કોઈ બદલાના ડરથી એવી કોઈ બાબતમાં ભાગ લેવા નથી માંગતા જે વિશ્વ માટે ખરાબ હોય અને અમારા મૂલ્યો અને હિતોની વિરુદ્ધ હોય. સાન્ચેઝે ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓને અન્યાયી અને ખતરનાક લશ્કરી હસ્તક્ષેપ ગણાવ્યો છે. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે ટ્રમ્પ સ્પેન સાથે વેપાર કેવી રીતે સમાપ્ત કરશે તે સ્પષ્ટ નથી, જે યુરોપિયન યુનિયનનો સભ્ય છે. ઈયુ તેના તમામ ૨૭ સભ્ય દેશો તરફથી વેપારની વાટાઘાટો કરે છે. કૅનેડાના વડાપ્રધાને માર્ક કાર્નીએ બુધવારે જણાવ્યું હતું કે તેમને દુઃખ છે કે ઈરાન યુદ્ધ એ બગડતા વર્લ્ડ ઓર્ડરનું એક મોટું ઉદાહરણ છે. ■

# અમેરિકાએ કરાચી અને લાહોર દૂતાવાસમાંથી સ્ટાફને પાછો બોલાવ્યો

ઈસ્લામાબાદઃ અમેરિકાએ બુધવારે સુરક્ષા ચિંતાઓને લઇને પાકિસ્તાનના કરાચી અને લાહોર શહેરમાં આવેલા તેના દૂતાવાસમાંથી નોન-ઇમરજન્સી સ્ટાફને પાછા બોલાવવાની જાહેરાત કરી હતી.

અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હવાઇ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામનેઇના મૃત્યુ બાદ વિરોધીઓએ અમેરિકન કોન્સ્યુલેટ અને દૂતાવાસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યાના થોડા દિવસો બાદ જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં યુએસ મિશને એક નિવેદનમાં જણાવ્યું કે વિદેશ વિભાગે યુએસ કોન્સ્યુલેટ લાહોર અને કરાચીમાંથી નોન-ઇમર્જન્સી યુએસ સરકારી કર્મચારીઓ અને યુએસ સરકારી કર્મચારીઓના પરિવારોને સુરક્ષા જોખમોને કારણે પાકિસ્તાન છોડવાનો આદેશ આપ્યો છે. ઈસ્લામાબાદમાં તેના દૂતાવાસની સ્થિતિમાં કોઇ ફેરફાર થયો ન હોવાનું જણાવ્યું હતું.

એડવાઇઝરીમાં જણાવ્યા અનુસાર પ્રદેશમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈરાન તરફથી ડ્રોન અને મિસાઇલ હુમલાનો ખતરો તોળાઇ રહ્યો છે અને કમર્શિયલ ફ્લાઇટ્સમાં મોટો વિક્ષેપ પડી શકે છે. ■

# આજે નેપાળમાં સામાન્ય ચૂંટણી માટે મતદાન

કાઠમંડુઃ નેપાળમાં આજે સામાન્ય ચૂંટણી માટે મતદાન થશે. અત્રે એ નોંધનીય છે કે ગત વર્ષે નેપાળમાં જેન-ઝીના વિરોધે કે. પી. શર્મા ઓલીની સરકારને ઉથલાવી નાખી હતી. ત્યારબાદ આ પહેલી ચૂંટણી યોજાવા જઇ રહી છે. આજે ૨૭૫ સભ્યોના પ્રતિનિધિ ગૃહ(એચઓઆર)ને ચૂંટવા માટે ૧.૮૯ કરોડથી વધુ નેપાળી મતદારો મતદાન કરશે. પ્રતિનિધિ ગૃહમાં ૩,૪૦૬ ઉમેદવારો ૧૬૫ બેઠકો માટે ડાયરેક્ટ વોટિંગ દ્વારા અને ૩,૧૩૫ ઉમેદવારો ૧૧૦ બેઠકો માટે પ્રપોર્શનલ વોટિંગ દ્વારા ચૂંટણી લડવા જઇ રહ્યા છે. ચૂંટણી પ્રચાર બીજી માર્ચને સોમવારના રોજ મધરાતે સમાપ્ત થયો હતો. જ્યારે મતદાન પાંચ માર્ચને ગુરૂવાર એટલે કે આજે સવારે સાત વાગ્યે શરૂ થશે અને સાંજે પાંચ વાગ્યે પૂર્ણ થશે. કાર્યકારી મુખ્ય ચૂંટણી કમિશ્નર રામ પ્રસાદ ભંડારીએ બુધવારે મીડિયાને જણાવ્યું હતું કે આ વખતે મતદાનની ટકાવારી વધશે અને પંચ દ્વારા શરૂ કરવામાં આવેલા ઉત્તમ વોટર એજ્યુકેશનને કારણે ઇનવેલિડ બેલેટ પેપર્સની ટકાવારી પણ ઘટશે.

ગત વર્ષે યુવાઓએ આઠ અને નવ સપ્ટેમ્બરના રોજ બે દિવસના ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરીને કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ(યુનિફાઇડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ)-સીપીએન-યુએમએલના અધ્યક્ષ, વડા પ્રધાન ઓલીને પદભ્રષ્ટ કર્યા હતા. ■

# અફઘાનિસ્તાનના બગ્રામ ઍરબેઝ પર પાકનો હુમલો

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને અફઘાન તાલિબાન વિરુદ્ધ ઓપરેશનના ભાગરૂપે અફઘાનિસ્તાનમાં જાણીતા બગ્રામ એરબેઝને નિશાન બનાવ્યું હતું. આ માહિતી બુધવારે મીડિયા અહેવાલોમાં આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને ૨,૬૦૦ કિલોમીટરથી વધુ લાંબી સરહદ પર ૫૩ સ્થળોએ કથિત અફઘાન તાલિબાન હુમલાઓ બાદ ૨૬ ફેબ્રુઆરીની રાત્રે ઓપરેશન ગઝબ લિલ હક શરૂ કર્યું હતું. સરકારી પીટીવીએ એક્સ પર જણાવ્યું કે પાકિસ્તાને બગ્રામ ઍરબૅઝ પર એક મોટો હુમલો કર્યો હતો, કારણ કે તે અફઘાન તાલિબાન હુમલાનો યોગ્ય જવાબ આપી રહ્યું હતું.

એક્સ પર જણાવ્યા અનુસાર પાકિસ્તાન અફઘાન તાલિબાન દ્વારા ઉશ્કેરણી વિના કરવામાં આવેલા હુમલાઓ વિરુદ્ધ શક્તિશાળી જમીની અને હવાઇ ઓપરેશન ચલાવી રહ્યું છે. પીટીવી અવારનવાર અફઘાનિસ્તાન હુમલા અંગેના અહેવાલો માટે અનામી સુરક્ષા સૂત્રોનો હવાલો આપતું આવ્યું છે, પરંતુ બગ્રામ હુમલા માટે તેણે ધ ન્યૂયોર્ક ટાઇમ્સનો ઉલ્લેખ કર્યો છે.

પીટીવીએ જણાવ્યું હતું કે પાકિસ્તાની હુમલામાં બગ્રામ ઍરબૅઝ પર એક ઍરક્રાફ્ટ હૅંગર અને બે વેરહાઉસ નાશ પામ્યા હતા. જેની સેટેલાઇટ તસ્વીરો પણ સામે આવી છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે પણ પાકિસ્તાની હવાઇ હુમલાની પુષ્ટિ કરી હોવાનું તેમાં જણાવાયું છે. તેમજ પાકિસ્તાને છેલ્લા અઠવાડિયામાં અફઘાનિસ્તાનમાં લશ્કરી ઠેકાણાંઓ પર ૫૦થી વધુ હવાઈ હુમલા કર્યા હોવાનું પણ જણાવ્યું હતું.

ચેનલે સંરક્ષણ નિષ્ણાંતોને ટાંકીને જણાવ્યું કે બગ્રામ ઍરબૅઝ પર પાકિસ્તાનના સફળ ઓપરેશનથી અફઘાન તાલિબાન શાસનને ભારે નુકસાન થયું છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| જવળ | જોડકું |
| જાંભઈ | નજીક |
| જાજ્વલ્ય | વધારે |
| જાવળે | દેદીપ્યમાન |
| જાસ્ત | બગાસું |

## જાણવા જેવું

ગૃહસ્થધર્મની ક્રિયાઓનું અનુષ્ઠાન કરનાર ગૃહસ્થ પણ સાધુ કહેવાય છે. જંગલમાં અથવા ગામની બહાર રહીને તપ કરનાર વાનપ્રસ્થાશ્રમીને પણ સાધુ કહેવાય છે તથા ચતુર્થાશ્રમમાં રહીને પરમાત્માની પ્રાપ્તિના સાધનરૂપ યોગસાધન આદિ યત્ન કરનાર યતિને પણ સાધુ કહેવાય છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના મોટાભાઈની સાસુની એકમાત્ર દીકરી પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી　બ) ભાભી
ક) સાળી　ડ) ફોઈ

## નોંધી રાખો

શિક્ષણ એક ચાવી છે જેનામાં દરેક તાળું ખોલવાનું સામર્થ્ય છે. શિક્ષણ મેળવશો તો બળુકા બનશો એ વાત યાદ રાખજો.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | ■ |
| | ■ | ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ |
| ■ | ૧૭ | | | ■ | | ■ | | ■ | |
| ૧૮ | ■ | | ■ | ૧૯ | ■ | ૨૦ | | | ■ |
| | ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| ■ | ૨૫ | | | ■ | ૨૬ | | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ૨૯ | | | ■ | ૩૦ | | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. પાવાગઢ પાસેનું એક ગામ (૪)
૪. લવાદ સમક્ષ કરેલી કોઈ તપાસણીની નોંધ (૪)
૭. પ્રવાહીરૂપ બનાવેલું હોય તે (૩)
૮. પીઠ, વાંસો (૩)
૯. ભેંસનું માદા બચ્ચું (૨)
૧૦. સાધુ (૨)
૧૧. બધાં (૨)
૧૨. મુસાફર (૩)
૧૪. રસ્તે (૨)
૧૫. ઘેટું (૩)
૧૭. અક્કલ, ડહાપણ (૩)
૨૦. કબૂલાત, ઠરાવ (૩)
૨૧. નગદ નાણું (નોટ નહીં (૩)
૨૩. સ્લેટ (૨)
૨૫. આકરી પરીક્ષા (૩)
૨૬. માછલાં પકડવાનો આંકડો (૨)
૨૭. કાગડો (૨)
૨૮. આ તરફ, અહીં (૨)
૨૯. નદી કે દરિયાકિનારે આવેલું વહાણોની આવજા થઈ શકે તેવું સ્થાન (૩)
૩૦. ભેળની મુખ્ય ચીજ (૩)
૩૧. દેવનાગરી લિપિ (૪)
૩૨. પ્રખ્યાત, નામીચું (૪)

### ઊભી ચાવી

૧. ચંદ્રની કળાની વધઘટ પ્રમાણે રોજ ખાવાનો કોળિયો વધારતા ઘટાડતા જવાનું એક વ્રત (૪)
૨. પહોંચ, રસીદ (૩)
૩. નયન (૨)
૪. જાતે જ (૪)
૫. અપવિત્ર (૩)
૬. મનમાં ભાવે ને --- હલાવે (૨)
૮. ખૂબ (૨)
૧૧. થોડું, અલ્પ (૩)
૧૩. કંપ (૫)
૧૪. ઈશ્વરનો આધાર, ઈશ્વરમાં શ્રદ્ધા (૫) (જો.છૂ.)
૧૫. તમાચો મારીને પણ જેને લાલ રાખી શકાય (૨)
૧૬. રાવણની સોનાની નગરી (૨)
૧૮. સો વર્ષનો સમય (૨)
૧૯. લંગડું (૨)
૨૦. ભાલ (૩)
૨૨. કંદોરો (૪)
૨૪. બક્ષિસ (૪)
૨૫. એક ફૂલ (૩)
૨૬. ફળમાંનો માવો (૨)
૨૭. ઈચ્છા, અભિલાષા (૩)
૨૮. પિતા (૨)
૩૦. અભિપ્રાય (૨)

### ગયા વખતનો ઉકેલ

## ઓળખાણ પડી?



૨૦૧૧માં પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન બનેલાં મમતા બેનરજી કયા વિષયમાં ડિગ્રી ધરાવે છે એ જાણો છો?

અ) Physics
બ) Law
ક) Sociology
ડ) Psychology

## ચતુર આપો જવાબ　અર્થ જણાવો

આપેલા વાક્યમાં ફરિયાદનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો.

ભાઈ, જરા વહેલા આવ્યા હોત તો ઘણું સારું થાત.

## માઈન્ડ ગેમ

છેલ્લાં કેટલાક મહિનાથી રાજકીય મુદ્દો બની ગયેલું 'વંદે માતરમ' રાષ્ટ્ર ગીત કઈ નવલકથામાં સામેલ કરવામાં આવ્યું છે એ જાણો છો?
અ) દેવદાસ　૨) આનંદમઠ　૩) મૃણાલિની　૪) દુર્ગેશ નંદિની

## સુડોકુ-૯૨૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૩ | | ૬ | | | ૫ |
| ૪ | | | ૫ | | ૧ | | | ૯ |
| | ૩ | | ૮ | | ૭ | | ૬ | |
| | ૫ | ૮ | | | | ૭ | ૪ | |
| ૧ | | | | | | | | ૬ |
| | ૪ | ૬ | | | | ૨ | ૯ | |
| | ૧ | | ૭ | | ૯ | | ૫ | |
| ૮ | | | ૬ | | ૪ | | | ૩ |
| ૬ | | | ૨ | | ૩ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૩ | ૨ | ૮ | ૭ | ૫ | ૬ | ૯ |
| ૨ | ૮ | ૬ | ૯ | ૧ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૫ | ૭ | ૯ | ૬ | ૩ | ૪ | ૧ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૪ | ૮ | ૬ | ૧ | ૯ | ૫ | ૨ |
| ૬ | ૯ | ૨ | ૪ | ૫ | ૩ | ૮ | ૧ | ૭ |
| ૮ | ૧ | ૫ | ૭ | ૨ | ૯ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૨ | ૮ | ૫ | ૯ | ૬ | ૩ | ૭ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ | ૮ | ૫ |
| ૩ | ૫ | ૭ | ૧ | ૪ | ૮ | ૨ | ૯ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| જગ | દુનિયા |
| જટિલ | અટપટું |
| જપમાળા | કરમાળા |
| જરઠ | વૃદ્ધ |
| જલદ | વેગવાન |

ગુજરાત મોરી મોરી રેઃ
ભત્રીજી

ઓળખાણ પડી?
Ursula von der Leyen

માઈન્ડ ગેમ :
વિષ્ણુ પંડ્યા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
દર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ભારતી બુચ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) પુષ્પા પટેલ (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) ચેતના છેડા (૨૧) મહેશ સંઘવી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતિલાલ બજરિયા (૩૭) વિજય આસર (૩૮) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૩૯) અલકા વાણી (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી

# ઉનાળાના પ્રારંભે કચ્છના ૨૦ ડેમમાં માત્ર ૩૯ ટકા પાણી, પાંચ ડેમ તળિયાઝાટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે અને ઉનાળામાં પાણીનો ઉપયોગ વધારે થતો હોય છે, પરંતુ કચ્છના ડેમમાં પાણીના સ્તરની સ્થિતિ ચર્ચાનો વિષય બની છે. ગરમીનો પારો વધવાની સાથે જ કચ્છના મધ્યમ સિંચાઈના ડેમોમાં પાણીનું સ્તર નીચે ઉતરી રહ્યું છે.

હાલની સ્થિતિએ જિલ્લાના મહત્ત્વના ૨૦ ડેમમાં સરેરાશ માત્ર ૩૯.૮૧ ટકા જેટલો જ જથ્થો બચ્યો છે, જે રાજ્યના અન્ય ઝોનની સરખામણીએ સૌથી ઓછો છે.

વર્ષાઋતુને હજુ ચાર મહિના જેટલી વાર છે ત્યારે માર્ચની શરૂઆતમાં જ જળસંગ્રહમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લાના ૨૦ ડેમની કુલ સંગ્રહ ક્ષમતા ૩૨૫.૨૬ મિલિયન ક્યુબિક મીટર છે, જેની સામે અત્યારે માત્ર ૧૨૯.૫૦ મિલિયન ક્યુબિક મીટર પાણી ઉપલબ્ધ છે. તેમાં પણ પાંચ મહત્ત્વના ડેમ કાલિયા, રુદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ લગભગ તળિયાઝાટક થઈ ગયા છે. આ ડેમોમાં જીવંત જળરાશિ ૨૦ ટકાથી પણ ઓછી રહી છે, જે સૂચવે છે કે ખેતી અને પશુપાલન પર નભતા કચ્છ માટે આગામી દિવસો કપરા સાબિત થઈ શકે છે.

નોંધનીય છે કે, કચ્છમાં છેલ્લા કેટલાક વર્ષોથી સારો વરસાદ વરસી રહ્યો છે અને ડેમો પણ છલકાય છે, પરંતુ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ અને બાષ્પીભવનના ઊંચા દરને કારણે પાણીનું સ્તર ઝડપથી ઘટે છે.

આ સંજોગોમાં, નિષ્ણાતોનું માનવું છે કે માત્ર વરસાદ પર નિર્ભર રહેવાને બદલે નર્મદાના વધારાના પાણીનો મહત્તમ ઉપયોગ કરી ડેમોને બારેમાસ ભરાયેલા રાખવા માટે નક્કર આયોજન અનિવાર્ય છે.

નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓની ક્ષમતા વધારવામાં નહીં આવે, તો દર વર્ષે ઉનાળામાં કચ્છે આ જ રીતે પાણીની તંગીનો સામનો કરવો પડશે. જો સમયસર જળ વ્યવસ્થાપન કરવામાં ન આવ્યું તો મે અને જૂન મહિનામાં સ્થિતિ વધુ વિકટ બની શકે છે, તેવું નિષ્ણાતો જણાવી રહ્યા છે. ■

## કેરીના રસિયાઓ ચેતી જજો

# ગીર-સોમનાથમાં બે વર્ષ જૂનો ૧૬,૦૦૦ લિટર રસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેરીની સિઝન આવી રહી છે, પરંતુ કેરીનો રેડીમેઈડ રસ ખાતા પહેલા ચેતી જવાની જરૂર છે. કેસર કેરીના મુખ્ય કેન્દ્ર એવા ગીર સોમનાથ જિલ્લાના તાલાળાના હડમતિયા ગામમાંથી તંત્રએ અખાદ્ય અને ભેળસેળવાળો ૧૬,૦૦૦ લિટર કેસર કેરીનો રસ જપ્ત કર્યો હતો. ગીર સોમનાથ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) અને ફૂડ સેફ્ટી અધિકારીઓએ સંયુક્ત કાર્યવાહીમાં હડમતિયા ગીર ગામની બહાર સ્થિત રુચિલ એગ્રો ફૂડ પ્રોડક્ટ પ્લાન્ટ પર દરોડો પાડ્યો હતો. અહીં વેરહાઉસની તપાસ દરમિયાન, અધિકારીઓને આશરે ૧૬,૦૦૦ લિટર કેરીનો રસ મળી આવ્યો અને જપ્ત કરવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલો જથ્થો લગભગ બે વર્ષ જૂનો હતો. રસમાં ભેળસેળ કરવામાં આવી હતી અને તે ખાવા યોગ્ય ન હતો. હાલમાં લગ્ન સિઝન ચાલી રહી છે અને આ સાથે ઉનાળામાં કેરીના રસ અને જ્યૂસની ડિમાન્ડ વધારે હોવાથી સંગ્રહ કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓનું માનવું છે. જોકે, રસ બજાર સુધી પહોંચે તે પહેલા જ એજન્સીઓએ પકડી પાડ્યો હતો. આ જથ્થો હાલમાં ખોરાક સુરક્ષા વિભાગને આપવામાં આવ્યો છે, જે આગળની તપાસ હાથ ધરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાત તપ્યું મોટાભાગનાં શહેરોમાં તાપમાન ૩૭ ડિગ્રીથી વધારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હજુ તો માર્ચ મહિનાનું પહેલું અઠવાડિયું ચાલી રહ્યું છે ત્યાં ગુજરાતમાં સખત તાપ અને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે નલિયાને બાદ કરતા લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી કે તેના કરતા વધારે રહ્યું હતું. આથી હવે વહેલી સવારે અને મોડી રાત્રે પણ ઠંડકનો ખાસ અનુભવ થતો નથી. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૪ માર્ચથી ૬ માર્ચ દરમિયાન દરિયાકાંઠાના ગુજરાત તેમ જ સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં ભેજવાળી હવાને કારણે ઉકળાટ રહેશે, જ્યારે રાજ્યના બાકીના ભાગોમાં શુષ્ક હવામાન રહેવાની ધારણા છે. હવામાન વિભાગ અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્યથી નોંધપાત્ર રીતે વધુ રહ્યું હતું. રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન ડિસામાં ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે નલિયામાં સૌથી ઓછું ૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. માર્ચની શરૂઆતમાં ઘણા મોટા શહેરોમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. અમદાવાદ અને રાજકોટ બંનેમાં ૩૮ ડિગ્રી, વડોદરામાં ૩૭.૪ ડિગ્રી અને સુરતમાં ૩૬.૪ ડિગ્રી, ભુજમાં ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે દમણ અને વેરાવળ જેવા દરિયાકાંઠાના સ્થળો દરિયાના પ્રભાવને કારણે પ્રમાણમાં ઠંડા રહ્યા હતા. આવનારા દિવસોમાં અમદાવાદમાં ગરમીનો પારો ૩૯ સુધી જવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવનારા અઠવાડિયામાં વાતાવરણમાં ખાસ કોઈ ફેરફાર નોંધાવવાની સંભાવના ઓછી છે. ■

# ૫૫૦ કરોડના મની લૉન્ડરિંગ કેસમાં રેપિડો રાઈડરનું નામ ખૂલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રૂ. ૫૫૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં ૨૮ વર્ષીય રેપિડો રાઈડર મુખ્ય કડી તરીકે ઊભરી આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આરોપ લગાવ્યો હતો કે તેના બેંક ખાતાઓનો ઉપયોગ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજીની રકમ મેળવવા અને શેરના ભાવમાં ફેરફાર કરવા માટે કરવામાં આવતો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડીએ મંગળવારે ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં કથિત લોન્ડરિંગ નેટવર્કના સંદર્ભમાં એફઆઈઆર નોંધવાની માગણી કરવામાં આવી હતી.

આ તપાસના કેન્દ્રમાં પ્રદીપ ઓડ છે, જે રેપિડો રાઇડર છે, જેના બેંક ખાતા અને માલિકીની કંપની મેસર્સ પ્રદીપ એન્ટરપ્રાઇઝિસ કથિત રીતે તેના પેનકાર્ડ અને આધારકાર્ડની વિગતોનો ઉપયોગ કરીને અન્ય લોકો દ્વારા ખોલવામાં અને ચલાવવામાં આવી રહી હતી.

પીએમએલએ હેઠળના તેમના નિવેદનમાં, ઓડે જણાવ્યું હતું કે તેને દરેક ખાતા દીઠ રૂ. ૨૫,૦૦૦ અને ચેક પર સહી કરવા માટે રૂ. ૪૦૦ ચૂકવવામાં આવ્યા હતા, અને દાવો કર્યો હતો કે વ્યવહારો પર તેમનું કોઈ નિયંત્રણ નથી.

ઈડીએ આરોપ લગાવ્યો હતો કે ૨૦૨૪ માં ત્રણ કંપનીઓ પ્રદીપ એન્ટરપ્રાઇઝ, કમલેશ ટ્રેડિંગ અને રોનક ટ્રેડર્સ બનાવવામાં આવી હતી, જેમાં નકલી કેવાયસી દસ્તાવેજો અને શંકાસ્પદ સરનામાંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસ એજન્સીના અંદાજ અનુસાર એક વર્ષમાં ખાતાઓમાં લગભગ ૫૫૦ કરોડ રૂપિયા ક્રેડિટ અને ડેબિટ નોંધાયા હતા. ■

# અમદાવાદના શેલામાં બનશે ૧૨૦ કરોડના ખર્ચે વિશાળ ગાર્ડન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરને એક ખૂબ જ વિશાળ અને મોંઘો બગીચો મળશે, તેવી માહિતી અમદાવાદ મનપાનાં સૂત્રોએ આપી હતી. આ બગીચો કમળ આકારનો હશે. જેમાં ભારતનાં અલગ અલગ રાજ્યોના ફૂલ ખીલશે. આ સાથે ફ્લાવર મ્યુઝિયમ અને ગ્લો ગાર્ડન પણ બનાવાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શરૂઆતમાં આ પ્રોજેક્ટ માટે રૂ. ૨૦ કરોડનું બજેટ ફાળવ્યું હતું જે હવે વધીને રૂ. ૧૨૦ કરોડ પર પહોંચી ગયું છે. આ બગીચો અગાઉ જાહેર કર્યા મુજબ એસ જી હાઈવે પર નહીં પરંતુ શેલામાં બનાવાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મંજૂર કરાયેલા ૨૦૨૪-૨૫ના બજેટમાં એસ.જી.હાઈવે પર બગીચા માટે રૂ.૨૦ કરોડની ફાળવણી કરી હતી. તેને લોટ્સ પાર્ક અથવા ગારલેન્ડ ઓફ ઈન્ડિયા નામ આપવાનું નક્કી થયું હતું. તેની સંકલ્પના એવી હતી કે કમળના આકારના આ બગીચામાં ભારતનાં દરેક રાજ્યનાં રાજ્ય ફૂલોને પ્રદર્શિત કરવામાં આવશે. જે બાદ ૨૦૨૫-૨૬ના બજેટમાં વધારાના રૂ.૨૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. ત્યારથી આ પ્રોજેક્ટનું સ્થળ બદલાયું છે અને ખર્ચ પણ વધીને રૂ.૧૨૦ કરોડ થઈ ગયો છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ બગીચો શેલામાં ધાતલા તલાવડી પાસે ૩૭,૦૩૩ ચોરસ મીટર જમીન પર બનશે. બાજુના પ્લોટમાં 'ગ્લો ગાર્ડન' બનાવવાનું પણ આયોજન છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આવનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ પ્રોજેક્ટ માટે બાંધકામને મંજૂરી આપવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે, તેવી સંભાવના છે. ■



**રંગોત્સવ:** નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સુરતના પીપલોદસ્થિત અંબિકા નિકેતન વૃદ્ધાશ્રમના વડીલો સાથે આનંદ, ઉલ્લાસ અને સૌહાર્દના પાવન પર્વ ધુળેટીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

# રાજકોટ મેટોડા જીઆઈડીસી પાસે ટ્રક-રિક્ષાનો અકસ્માત, બે સગાભાઈ સહિત ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ૩ પાસે પેસેન્જર રિક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં સ્થળ પર ત્રણનાં મોત થયા હતા જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માત બાદ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અકસ્માત સર્જી ટ્રક મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો.

મળતી વિગત પ્રમાણે રાજકોટ કાલાવડ રોડ હાઇવે પર આવેલી મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૩માં આવેલા યુનિવર્સલ ટેક્નોકાસ્ટ નામના કારખાના નજીક અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકે રિક્ષાને અડફેટે લેતા રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ઓટોરિક્ષામાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક મળી કુલ ૩ મુસાફરો બેઠા હતા. જે તમામ અને રિક્ષાચાલક મળી કુલ ચાર લોકોનાં મોત થયા હતા. મૃતક રિક્ષાચાલક સુનિલ અશ્વિનભાઈ વરાણીયાને સંતાનમાં બે દીકરી હોવાનું જાણવા મળ્યું હતું. જેણે પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો, જ્યારે રિક્ષામાં બેસેલા મુસાફરોમાં બે સગા ભાઈ વિશાલ સવસીભાઈ ગાંગડિયા અને વિજય સવસીભાઇ ગાંગડિયા સુરેન્દ્રનગરના વતની હતા અને પેઈન્ટર તરીકે મેટોડા અને આસપાસમાં પેઇન્ટિંગ કામ કરતા હતા. શ્રમિકની ઓળખ હજુ થઈ નથી.

પોલીસે અકસ્માત સર્જી નાસી છૂટેલા ટ્રક ડ્રાઈવરને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો. ■

# અમદાવાદના નારોલ સર્કલથી નરોડા પાટિયા સુધીનો ૧૩.૭૦ કિ.મી.નો રોડ ૨૫૦ કરોડના ખર્ચે વિકસાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સૌથી વ્યસ્ત માર્ગો પૈકીના નારોલ સર્કલથી નરોડા પાટિયા સુધીના ૧૩.૭૦ કિ.મી.ના રસ્તાને રૂ. ૨૫૦ કરોડના ખર્ચે વિકસાવવાનો નિર્ણય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને લીધો છે.. આ ઉપરાંત અન્ડરગ્રાઉન્ડ રોડ ક્રોસિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મનપાની સ્ટેન્ડિંગ કમિટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે મનપા સમગ્ર શહેરમાં રસ્તાના વિકાસ અને બ્યુટિફિકેશન પ્રોજેક્ટ્સ હાથ ધરી રહી છે. આઇકોનિક એરપોર્ટ સર્કલ-ડફનાળા સ્ટ્રેચ વિકસાવવામાં આવ્યા પછી, મનપા હવે પૂર્વ અમદાવાદમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે નરોડા પાટિયા-નારોલ સર્કલ કોરિડોરને અપગ્રેડ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

રોડ પ્રોજેક્ટ વિભાગ નારોલ સર્કલ-નરોડા પાટિયા માર્ગને રિડેવલપ કરશે જેમાં ૬૦ મીટર પહોળો રસ્તો હશે જે ટ્રાફિકની અવર-જવર સરળ બનાવશે. આ પ્રોજેક્ટમાં બંને બાજુ ૧૦.૫ મીટર પહોળા મુખ્ય કેરિએજ-વે અને સ્થાનિક ટ્રાફિકને અલગ કરવા માટે ૧૦.૫ મીટર પહોળા સર્વિસ રોડનો સમાવેશ થાય છે.

રાહદારીઓની સલામતી માટે, બંને બાજુ ૨ મીટર પહોળા ફૂટપાથ બનાવવામાં આવશે, જેમાં બેઠક સુવિધાઓનો પણ સમાવેશ થશે. ૧ મીટર પહોળો મીડિયન મુખ્ય કેરિએજ-વે અને સર્વિસ રોડને અલગ કરશે. આ પ્રોજેક્ટમાં વૃક્ષારોપણ, લેન્ડસ્કેપિંગ, ટ્રાફિક સિગ્નેજ અને મલ્ટી-યુટિલિટી ઝોનનો પણ સમાવેશ થશે.

એકવાર પૂર્ણ થયા પછી, નારોલ-નરોડા પાટિયા કોરિડોર એક મુખ્ય કનેક્ટિવિટી રૂટ બનવાની અપેક્ષા છે અને પૂર્વ અમદાવાદના ઘણા ભાગોમાં ટ્રાફિક ઘટાડવામાં મદદરૂપ થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ મનપા ૧૦૦૦ કરોડના ગ્રીન બોન્ડ જારી કરશે: સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મ્યુનિસિપલ કોર્પોરેશને (મનપા)એ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ જેવા પડકારોનો સામનો કરવા માટે એક અર્બન ગ્રીનિંગ પોલિસીને મંજૂરી આપી છે. શહેરમાં ગ્રીન કવર વધારવાના પ્રયાસોના ભાગરૂપે મનપા એક હજાર કરોડ રૂપિયાના ગ્રીન બોન્ડ ઈસ્યુ કરવાની યોજના બનાવી રહી છે. આ હેતુસર મંજૂરી માટે ટૂંક સમયમાં સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ કરાશે. આ પોલિસી અંતર્ગત નવી ટાઉન પ્લાનિંગ સ્કીમો અંતર્ગત, દરેક ટીપી સ્કીમના કુલ વિસ્તારમાંથી ઓછામાં ઓછો ૫ ટકા વિસ્તાર ગ્રીન કવર માટે અનિવાર્ય રીતે ફાળવવા અને ઓછામાં ઓછો ૧ ટકા એરિયામાં મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ તરીકે વિકસાવવા માટે અનામત રાખવો ફરજિયાત રહેશે. વર્ષ ૨૦૭૦ સુધીમાં 'નેટ ઝીરો એમિશન'ને હાંસલ કરવાના વિઝનને સાકાર કરવા અર્બન ગ્રીનિંગ એડવાઈઝરી કમિટીની રચના કરાશે. શહેરમાં ફૂટપાથ, ખુલ્લા પ્લોટ સહિતની શક્ય એટલી જગ્યામાં મહત્તમ વૃક્ષારોપણ કરવામાં આવશે. આ અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે શહેરના ગ્રીન કવરમાં વધારો કરવા માટે તૈયાર કરાયેલી પોલિસી અંતર્ગત જન ભાગીદારી થકી અર્બન ગ્રીન સ્પેસ વધારવા તથા પ્લાન્ટેશન માટે સુચારૂ મેનેજમેન્ટ કરવા મનપા દ્વારા વિવિધ પ્રોત્સાહન સ્કીમો તથા સીએસઆર-સીઈઆરને પ્રમોટ કરવા માટેનાં વિવિધ પગલાનું સૂચન કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કિચન ગાર્ડનિંગ, ટ્રી પ્લાન્ટેશન, ગ્રીન ગાર્ડન વેસ્ટ મેનેજમેન્ટ, અને કમ્પોસ્ટિંગ જેવા વિષયો પર અભિયાનો અને વર્કશોપ દ્વારા અવેરનેસ તથા ટ્રેનિંગ જેવા વિષયો પર ભાર મુકવામાં આવ્યો છે. આ માટે અર્બન ગ્રીનિંગ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીમાં મનપાના સિનિયર ઓફિસરો, અર્બન પ્લાનર્સ, અર્બન ડિઝાઈનર્સ, હોર્ટીકલ્ચર, એન્વાયર્મેન્ટ એક્સ્પર્ટ, કોમ્યુનિટી લીડર્સ, એનજીઓના રિપ્રેઝેન્ટેટિવ, સિટીઝન ગ્રૂપ, ક્રેડાઈના મેમ્બર્સ, બિલ્ડર એસોસિયેશન, જીઆઈડીસી, ચેમ્બર ઓફ કોમર્સ, એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ વિગેરેનો સમાવેશ કરવામાં આવશે. આ કમિટી, શહેરમાં ગ્રીન કવર વધારવા, તેને મેઇન્ટેઇન કરવા જરૂરી સલાહ- સૂચના આપશે તેમજ ગ્રીન પ્રોગ્રામના અમલીકરણમાં મદદ કરી શકશે. ■

# ૩૯.૪૧ કરોડના સાયબર ફ્રોડમાં મ્યુચ્યુઅલ બેંક અકાઉન્ટ ચલાવવાના આરોપમાં બે લોકો અમદાવાદથી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) એ દેશભરમાં ૩૯.૪૧ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડમાં મદદ કરવાના આરોપમાં અમદાવાદના વિંઝોલના બે લોકોની ધરપકડ કરી હતી.

આરોપીઓની ઓળખ અમિત ગંગેરા અને રિતેશકુમાર પટેલ તરીકે થઈ હતી. આ બંને આરોપી ક્રાઇમ નેટવર્ક માટે કમિશન પર મ્યુચ્યુઅલ બેંક ખાતા ચલાવતા હતા. આ મામલે તપાસ કરતા પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બંનેએ આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાયેલા વ્યક્તિઓને નિશાન બનાવ્યા હતા અને ઝડપી પૈસા રળવાની લાલચ આપી તેના બદલામાં તેમના બેંક ખાતા ભાડે આપવા માટે તેમને સમજાવ્યા હતા. ત્યારબાદ આ ખાતાઓનો ઉપયોગ પૈસા ઉપાડતા પહેલા સાયબર છેતરપિંડી દ્વારા મેળવેલા ભંડોળને રૂટ કરવા માટે કરવામાં આવતો હતો.

આ મામલે પોલીસે અત્યાર સુધીમાં ૧૧ થી વધુ લોકોની ઓળખ કરી છે. નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ચેક કરતા તેમના એકાઉન્ટ સંબંધિત ૫૯ જેટલી ફરિયાદ મળી છે. જેમાં કુલ ફ્રોડની રકમ ૩૯.૪૧ કરોડ રૂપિયા હોવાનું અનુમાન છે.

આ ફરિયાદો ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા, દિલ્હી, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ, કેરળ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, લદ્દાખ, ઓડિશા, ઝારખંડ, પંજાબ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ સહિત ૧૫ રાજ્યોમાં નોંધાઈ છે.

પોલીસે આરોપીઓ પાસેથી ૩ મોબાઈલ ફોન અને ૫ લાખ રૂપિયાની રોકડ પણ જપ્ત કરી હતી. અધિકારીઓએ આ અંગે જણાવ્યું હતું કે, ફ્રોડની રકમ, ડિજિટલ અરેસ્ટ સ્કેમ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, યુપીઆઈ ફ્રોડ, ટ્રેડિંગ સ્કેમ અને પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ જેવા અલગ-અલગ સાઈબર ક્રાઈમથી કમાયા હતા. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. ■

# ગુજરાતમાં ચાર મહિનામાં ૫૦,૦૦૦ કરતા વધુ નવા જીએસટી રજિસ્ટ્રેશન થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં જીએસટી નોંધણીમાં નોંધપાત્ર વધારો થયો છે. જીએસટી પોર્ટલના ડેટા અનુસાર, રાજ્યમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ વચ્ચે ૫૭,૦૧૮ નવા જીએસટી રજિસ્ટ્રેશન ઉમેરાયા છે, જેનાથી ટેક્સ પેયર્સની કુલ સંખ્યા ૧૩,૨૫,૩૨૪ થી વધીને ૧૩,૮૨,૩૪૧ થઈ હોવાનું જણાઈ આવે છે. જોકે માત્ર ગુજરાતમાં જ નહીં, દેશભરમાં નવેમ્બર મહિનાથી અત્યાર સુધીમાં પાંચ લાખનો વધારો જોવા મળ્યો છે. આ વધારાનું મુખ્ય કારણ જીએસટી રજિસ્ટ્રેશનમાં જોવા મળતી સરળતા હોવાનું નિષ્ણાતો જણાવે છે. ગયા વર્ષથી જીએસટીની જટિલ પ્રક્રિયાને પ્રમાણમાં સરળ કરવામાં આવી હતી. માત્ર ત્રણ દિવસમાં એસએમએસ-બેઝ્ડ રજિસ્ટ્રેશન થઈ શકે છે અને સાથે ઓછા દસ્તાવેજો રજૂ કરવાના હોવાથી અરજદારો ઉત્સાહ બતાવી રહ્યા હોવાનું પણ નિષ્ણાતો જણાવે છે. આ ઉપરાંત નવેમ્બર ૨૦૨૫ માં રજૂ કરાયેલા નાના અને ઓછા જોખમવાળા વ્યવસાયો માટે રૂ. ૨૫ લાખની નોંધણી મર્યાદામાં ઘટાડો થયો છે. આ પગલાંથી મોટી સંખ્યામાં નાના અને મધ્યમ ઉદ્યોગોને ટેક્સ સિસ્ટમમાં ઔપચારિક રીતે જોડવાનું શક્ય બન્યું છે. ઈ-ઈનવોઈસિંગ અને ઈ-વે બિલ ઈન્ટિગ્રેશન અપનાવવાથી વહીવટી પ્રક્રિયાઓ પણ સુવ્યવસ્થિત થઈ છે, આ પણ એક કારણ હોવાનું નિષ્ણાતો જણાવે છે. ■

# અમદાવાદમાં આકરી ટ્રાફિક ડ્રાઈવમાં એક અઠવાડિયામાં ૨૨,૦૦૦ વાહનચાલક દંડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં વધતા રોડ એક્સિડેન્ટ્સ અને ટ્રાફિકના નિયમોનો છડેચોક ભંગ થતો હોય, ટ્રાફિક પોલીસે એક અઠવાડિયા માટે ખાસ અભિયાન હાથ ધર્યું હતું, જેમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ વાહનચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો હતો. એક અઠવાડિયા દરમિયાન કુલ ૨૨,૮૨૩ વાહનચાલકને ટ્રાફિકના નિયમો બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ દંડની રકમ રૂ. ૧.૪૭ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે પોલીસે ૨૩૨ વાહનને પણ જપ્ત કર્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

૨૫ ફેબ્રુઆરીના રોજ શરૂ કરાયેલી આ ખાસ ઝુંબેશમાં દારૂ પીને વાહન ચલાવવા, મર્યાદાથી વધુ મુસાફરો ભરવા, ખોટી બાજુએ વાહન ચલાવવા, નંબર પ્લેટ વગરના વાહનો, બ્લેક ફિલ્મનો ઉપયોગ, હેલ્મેટ વગર વાહન ચલાવવા, ગેરકાયદે એલઈડી લાઇટ અને રસ્તાઓ પર આડેધડ પાર્કિંગ જેવા નિયમોના ભંગ બદલ દંડ વસૂલવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે લગભગ ૫૦% કેસ હેલ્મેટ વગર વાહન ચલાવવાના હતા. આ ઝુંબેશ દરમિયાન પોલીસે હેલ્મેટ ન પહેરવા બદલ ૧૦,૩૬૩ વાહનચાલક પાસેથી ૫૨.૦૯ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. ઇ-મેમો ભરવાનો ઇનકાર કરતા સાત વાહનોને જપ્ત કરી લેવામાં આવ્યા હતા.

આ ઝુંબેશમાં ગેરકાયદે પાર્કિંગના ૮,૩૧૧ કેસ સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં કુલ ૪૮.૩૩ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ખોટી બાજુએ વાહન ચલાવવા બદલ ૧,૮૪૪ વાહનચાલકને દંડ ફટકારવામાં આવ્યો હતો, જેના પરિણામે ૩૫.૧૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

પોલીસે દારૂ પીને વાહન ચલાવવાના ૭૩ કેસ નોંધ્યા હતા, ૩૨ વાહનોને જપ્ત કરવામાં આવ્યા હતા. જ્યારે વધુ મુસાફરો વહન કરવા બદલ ૪૮૮ કેસ નોંધાયા હતા. ■

# વાનખેડેમાં આજે ખેલ ખરાખરીનો

## સૂર્યકુમારના વર્લ્ડ નંબર-વન શૂરવીરો વટ પાડશે કે હૅરી બ્રૂકના વર્લ્ડ નંબર-ટૂ બળિયાઓ મેદાન મારી જશે?: સાંજે ૭.૦૦ વાગ્યાથી સેમિ ફાઇનલ જંગ





મુંબઈ: ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજે વાનખેડે સ્ટેડિયમમાં ૩૫,૦૦૦-પ્લસ પ્રેક્ષકોની હાજરીમાં ટી-૨૦ વર્લ્ડ કપની રોમાંચક સેમિ ફાઇનલ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. ટી-૨૦ના રૅન્કિંગમાં ભારત વર્લ્ડ નંબર-વન છે અને ઇંગ્લૅન્ડ બીજા ક્રમે છે. બન્ને ટીમ સ્પિનરોના જાદુથી જીતી શકે એમ છે અને બન્ને પાસે મજબૂત બૅટિંગ લાઇન-અપ પણ છે.

### હેડ-ટૂ-હેડમાં ભારત બ્રિટિશરોથી આગળ

(૧) ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચ રમાઈ છે જેમાં ભારત ૩-૨થી આગળ છે. આ પાંચમાંથી ઉપરાઉપરી બે સેમિ ફાઇનલ (૨૦૨૨ તથા ૨૦૨૪)માં બન્ને ટીમ સામસામે આવી હતી જેમાં તેઓ ૧-૧થી બરાબરીમાં હતા. ટી-૨૦માં એકંદરે પણ ભારત બ્રિટિશરોથી આગળ છે. ૧૭ ભારત અને ૧૨ ઇંગ્લૅન્ડ જીત્યું છે. ભારત ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે છેલ્લી સાતમાંથી છ ટી-૨૦ મૅચ જીત્યું છે. એમાં છેલ્લો મુકાબલો વાનખેડેમાં ફેબ્રુઆરી, ૨૦૨૫માં થયો હતો અને ભારતે અભિષેક શર્માના ૧૩૫ રનની મદદથી એમાં ૧૫૦ રનના માર્જિનથી શાનદાર વિજય મેળવ્યો હતો. અભિષેકે એમાં ૧૩ છગ્ગા ફટકાર્યા હતા. એ જોતાં ગુરુવારે બ્રિટિશરો તેને કાબૂમાં રાખવા કોઈ કસર નહીં છોડે.

### બન્ને પાસે બે-બે તાજ છે

ભારત બે વખત (૨૦૦૭માં અને ૨૦૨૪માં) ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂક્યું છે, જ્યારે ઇંગ્લૅન્ડ પણ બે વખત તાજ જીત્યું છે અને એ એને ૨૦૧૦માં તથા ૨૦૨૨માં મળ્યો હતો. ૨૦૧૦માં પૉલ કૉલિંગવૂડની ટીમે સેમિ ફાઇનલમાં શ્રીલંકાને હરાવ્યું હતું અને ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે જીતીને ટ્રોફી જીતી લીધી હતી. ૨૦૨૨માં જૉસ બટલરના સુકાનમાં ઇંગ્લૅન્ડે રોહિત શર્માના નેતૃત્વમાં રમનાર ભારતીય ટીમને પરાજિત કરીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં બ્રિટિશ ટીમને પાકિસ્તાનને પછાડ્યું હતું. વાત નીકળી છે તો કહી દેવાનું કે ભારતે ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલની હારનો બદલો ઇંગ્લૅન્ડ સામે ૨૦૨૪ની સેમિ ફાઇનલમાં લઈ જ લીધો હતો, પરંતુ હવે ફરી બન્ને ટીમ સેમિમાં સામસામે આવી છે એટલે બ્રિટિશ ટીમને ફરી એક વખત હરાવીને ટૂર્નામેન્ટની બહાર કરવાનો ભારતને મોકો મળ્યો છે. યાદ હશે જ કે ૨૦૨૪ની સેમિમાં ઇંગ્લૅન્ડને હરાવ્યા બાદ ભારતે ફાઇનલમાં સાઉથ આફ્રિકાને પરાજિત કર્યું હતું.

### બન્ને દેશની સંભવિત પ્લેઇંગ ઇલેવન

**ભારત:** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), ઇશાન કિશન/રિન્કુ સિંહ, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી.

**ઇંગ્લૅન્ડ:** હૅરી બ્રૂક (કૅપ્ટન), જૉસ બટલર (વિકેટકીપર), ફિલ સૉલ્ટ, જેકબ બેથેલ, ટૉમ બૅન્ટન, સૅમ કરૅન, વિલ જૅક્સ, જેમી ઓવર્ટન, લિઆમ ડૉસન, જોફ્રા આર્ચર, આદિલ રાશીદ.

### ભારતનો એકેએક ખેલાડી મૅચ-વિનર

આ વખતે ભારત ડિફેન્ડિંગ ચૅમ્પિયનના ટૅગ સાથે રમી રહ્યું અને વર્લ્ડ નંબર-વન પણ છે. સૂર્યકુમારનો એકેએક શૂરવીર મૅચ-વિનર છે એટલે વાનખેડેમાં ભારતને નમાવવાનું ઇંગ્લૅન્ડ માટે ખૂબ મુશ્કેલ કામ છે.

બીજી તરફ, કૅપ્ટન હૅરી બ્રૂકને બાદ કરતા ઇંગ્લૅન્ડની ટીમના ખ્યાતનામ બૅટ્સમેનો જૉસ બટલર, ફિલ સૉલ્ટ, જેકબ બેથેલ આ વર્લ્ડ કપમાં સતત સારું રમવામાં નિષ્ફળ ગયા છે જેનો ભારતીય બોલર્સ ફાયદો ઉઠાવી શકશે. ■

# અબ કી બાર... ૫૦ કરોડ પાર

## ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપની વ્યૂઅરશિપ આટલા કરોડ સુધી પહોંચી, નવો ઈતિહાસ સર્જાયો: જય શાહ બેહદ ખુશ છે





**બાપ્પા...બેડો પાર કરજો:** મુંબઈમાં આજની સેમિ ફાઇનલ માટે તેમ જ ફરી એક વખત વર્લ્ડ કપની ટ્રોફી જિતાડવા માટે ગણપતિ બાપ્પાના આશીર્વાદ લેવા ગઈ કાલે કેટલાક ભારતીય ક્રિકેટરો સિદ્ધિવિનાયકના મંદિરે ગયા હતા. અભિષેક શર્મા, ઈશાન કિશન અને અક્ષર પટેલ ઘણી વાર સુધી મંદિરમાં હતા અને પૂજા-અર્ચનામાં હાજરી આપી હતી. (પીટીઆઇ)


મુંબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના ચૅરમૅન જય શાહે બુધવારે જણાવ્યું હતું કે હાલમાં ચાલી રહેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં બ્રૉડકાસ્ટિંગને લગતા તમામ વિક્રમો તૂટ્યા છે જેમાં ખાસ કરીને ભારતમાં આ વખતની ટૂર્નામેન્ટમાં વ્યૂઅરશિપની સંખ્યા ૫૦૦ મિલિયન (૫૦ કરોડ) સુધી પહોંચી છે જે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં હાઇએસ્ટ-એવર છે.

આ ટૂર્નામેન્ટ આરંભના ઘણા દિવસ પહેલાંથી ચર્ચામાં રહી હતી અને ટૂર્નામેન્ટ શરૂ થતાં જ કરોડો દર્શકોનું ધ્યાન તમામ ૨૦ ટીમના સંખ્યાબંધ ખેલાડીઓના પર્ફોર્મન્સ પર હતું. ખાસ કરીને બાંગ્લાદેશ, પાકિસ્તાનના મુદ્દે આ ટૂર્નામેન્ટ ઘણા અઠવાડિયાઓથી ચર્ચાસ્પદ હતી.

આ વખતના વર્લ્ડ કપમાં હાઈ-પ્રોફાઇલ મૅચો તેમ જ ડિજિટલ વ્યૂઅરશિપની બાબતમાં આઇસીસીએ અગાઉથી જે યોજનાઓ ઘડી હતી, ધ્યેય નક્કી કર્યા હતા એ બધું હાંસલ થયું છે. હજી તો પૂર્ણ સેમિ ફાઇનલ રાઉન્ડ તેમ જ ફાઇનલ બાકી છે એટલે દર્શકોની સંખ્યા ઘણી વધશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ની વન-ડે ચૅમ્પિયન્સ ટ્રોફીની ટીવી વ્યૂઅરશિપની સંખ્યા ૧૨ કરોડ હતી અને વૉચ-ટાઇમ ૨૫૦ અબજ મિનિટનો હતો.

આ વખતના વર્લ્ડ કપના સમીકરણથી તેમ જ વર્લ્ડ કપનો ખેલકૂદ જગત પર જે પ્રભાવ પડ્યો છે એનાથી બેહદ ખુશ જય શાહે 'એક્સ' પર લખ્યું છે, 'ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ વ્યૂઅરશિપ અપાવવાની મહેચ્છા સાથે આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો જે આરંભ થયો હતો એ મહેચ્છા પરિપૂર્ણ થઈ છે. હું ગર્વ અનુભવું છું કે ભારતમાં આ ઇવેન્ટની વ્યૂઅરશિપ ૫૦ કરોડને પાર થઈ ગઈ છે. ટી-૨૦ ફૉર્મેટના વર્લ્ડ કપના ઇતિહાસમાં આ આંકડો સૌથી મોટો છે.' ■

# ગૌતમ ગંભીર વાનખેડેની પિચથી નારાજ, પણ ખેલાડીઓ જોશમાં



**પિતાને જીત અર્પણ કરવી છે:** રિન્કુ સિંહે વાનખેડેમાં ખૂબ પ્રૅક્ટિસ કરી. ગયા અઠવાડિયે તેના પિતાનું નિધન થયું હતું.



**મજાકમસ્તીના મૂડમાં:** ભારતીય ક્રિકેટરો વાનખેડેમાં પ્રૅક્ટિસ કરવાની સાથે થોડી હળવી પળો પણ માણી હતી. (પીટીઆઇ)



**ભાઈ, બ્રિટિશરોની પણ ખબર લેજે:** વેસ્ટ ઈન્ડિઝ સામે અણનમ ૯૭ રન કરનાર સૅમસન સાથે બુમરાહ. આજે ઈંગ્લેન્ડ સામે બંનેની આકરી કસોટી થશે.

મુંબઈ: ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતની નૉકઆઉટ મૅચ રમાવાની હોય અને વાત જો મુંબઈના વાનખેડે સ્ટેડિયમની પિચની હોય તો દુનિયાભરનું ધ્યાન એના તરફ ખેંચાય અને અહીં તો આપણે એવા એક અહેવાલ પર ચર્ચા કરવાની છે જેમાં જણાવાયું છે કે હેડ-કોચ ગૌતમ ગંભીર વાનખેડેમાં ગુરુવારની ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલ માટેની પિચ બાબતમાં પિચ ક્યૂરેટરથી થોડો નારાજ છે.

વાનખેડેની પિચ પર ઘણું ઘાસ જોવા મળ્યું જેના પરથી સ્પષ્ટ લાગે છે કે ફાસ્ટ બોલર્સને આ પિચ પર મજા પડી જશે. બીજું, અહીં બૅટ્સમેનો પર ઝડપી બોલર્સ હાવી થઈ શકે. સોશ્યલ મીડિયા પરની તસવીર જોતાં લાગ્યું કે ગૌતમ ગંભીર પિચ ક્યૂરેટર સાથે જે રીતે ચર્ચા કરી રહ્યો એના પરથી લાગતું હતું કે ગંભીર તેમનાથી નારાજ હતો. બીજી રીતે કહીએ તો ગંભીરે ધાર્યું હતું એવી પિચ નથી બની.

૨૦૨૪માં રોહિત શર્માની કૅપ્ટન્સીમાં ભારત ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યું ત્યારે રાહુલ દ્રવિડ હેડ-કોચ હતો. અત્યારે સૂર્યકુમાર યાદવ કૅપ્ટન છે એટલે તેણે તો પહેલી વાર કૅપ્ટન તરીકે વિશ્વ કપનો તાજ પોતાના નામે લખાવવાનો જ છે, ગૌતમ ગંભીર પણ દ્રવિડની માફક આ સર્વોચ્ચ ટ્રોફી પર પોતાનું નામ અંકિત કરાવવા તત્પર હશે.

ખાસ વાત એ છે કે ઇંગ્લૅન્ડના ઓપનર ફિલ સૉલ્ટ તેમ જ પીઢ બૅટ્સમૅન જૉસ બટલર આ પ્રકારની પિચ પર રમતા હોય છે એટલે તેમને માટે આવતી કાલનો દિવસ વાનખેડેમાં સ્વર્ગ બની શકે. આ પિચ પર ભારતીય બૅટ્સમેનો પણ રનનો ઢગલો કરવા કોઈ કસર બાકી નહીં રાખે, પરંતુ સવાલ એ છે કે ભારતના ફાસ્ટ બોલર્સ જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ સિરાજ, શિવમ દુબેની આકરી કસોટી થશે. એ જ રીતે, સામા પક્ષેથી જોફ્રા આર્ચર, સૅમ કરૅન, લ્યૂક વૂડ, જૅમી ઑવર્ટન વગેરેની પરીક્ષા થશે. ■

# ફિન ઍલનની ફટકાબાજીથી ન્યૂ ઝીલૅન્ડની બીજી વખત ફાઇનલમાં ફાસ્ટ એન્ટ્રી



કોલકાતા: ન્યૂ ઝીલૅન્ડે ગઈ કાલે અહીં ઈડન ગાર્ડન્સમાં સાઉથ આફ્રિકાને સેમિ ફાઇનલમાં નવ વિકેટે કચડીને રવિવારની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપની શરૂઆતથી સાઉથ આફ્રિકા ટ્રોફી જીતવા માટે ફેવરિટ હતું, પરંતુ કિવીઓએ ઈડન ગાર્ડન્સની સેમિ ફાઇનલમાં આફ્રિકનોના પ્રભાવનો કચરો કરી નાખ્યો હતો. સાઉથ આફ્રિકાએ બૅટિંગ મળ્યા બાદ આઠ વિકેટે ૧૬૯ રન કર્યા હતા. ન્યૂ ઝીલૅન્ડે ઓપનર ફિન ઍલનની અણનમ સેન્ચુરી (૧૦૦ અણનમ, ૩૩ બૉલ, આઠ સિક્સર, દસ ફોર)ની મદદથી ફક્ત ૧૨.૫ ઓવરમાં (૪૩ બૉલ બાકી રાખીને) ૧/૧૭૩ રનના સ્કોર સાથે શાનદાર વિજય મેળવી લીધો હતો.

ફિન ઍલન અને સાથી ઓપનર ટિમ

### ફેવરિટ સાઉથ આફ્રિકાના ૮/૧૬૯ બાદ કિવીઓના માત્ર ૧૨.૫ ઓવરમાં ૧/૧૭૩

સિફર્ટ (૫૮ રન, ૩૩ બૉલ, બે સિક્સર, સાત ફોર) વચ્ચે ૧૧૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. એ વિક્રમી ભાગીદારીએ જ સાઉથ આફ્રિકાની બોલિંગ લાઇન-અપને નેસ્તનાબૂદ કરી હતી. સિફર્ટની પ્રથમ વિકેટ પડ્યા બાદ ઍલને રચિન રવીન્દ્ર (૧૩ અણનમ, ૧૧ બૉલ, બે ફોર) સાથે ૫૩ રનની અતૂટ ભાગીદારી કરીને કિવીઓની નૌકા પાર પાડી હતી.

### પાંચ બોલર કિવીઓ સામે નબળા પડ્યા

સાઉથ આફ્રિકાનું પાંચ બોલર્સનું આક્રમણ સાવ બૂઠું સાબિત થયું હતું. એકમાત્ર વિકેટ કૅગિસો રબાડાને મળી હતી. બૅટિંગમાં અણનમ પંચાવન રન કરીને ઝળકેલો માર્કો યેનસેન ૫૩ રનમાં એકેય વિકેટ નહોતો લઈ શક્યો. કૉર્બિન બૉશ્ચ, લુન્ગી ઍન્ગિડી અને કેશવ મહારાજ પણ વિકેટ વિનાના રહ્યા હતા.

### યેનસેનના પંચાવન પાણીમાં

એ પહેલાં, સાઉથ આફ્રિકાએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૯ રન કર્યા હતા. માર્કો યેનસેન (પંચાવન રન, ૩૦ બૉલ, પાંચ સિક્સર, બે ફોર) આ ઇનિંગ્સનો સૂત્રધાર હતો. જોકે તેના પંચાવન રન છેવટે પાણીમાં ગયા. તેની ફટકાબાજીએ જ ૨૦૨૪ની રનર-અપ ટીમને ૧૫૦-પ્લસનો સન્માનજનક સ્કોર અપાવ્યો. સામા છેડે કિવીઓની ટીમના સ્પિનર અને પેસ બોલર્સ બન્નેએ સાઉથ આફ્રિકાની ટીમ પર હલ્લો બોલાવ્યો હતો. સ્પિનર કોલ મૅકોન્કિ તથા રચિન રવીન્દ્રએ બે-બે વિકેટ અને પેસ બોલર મૅટ હેન્રીએ બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ પેસ બોલર લૉકી ફર્ગ્યુસન અને પીઢ જેમ્સ નીશૅમે લીધી હતી.

### મૅકોન્કિ, રચિન શરૂઆતમાં ત્રાટક્યા

પહેલા ૧૨ રનમાં સાઉથ આફ્રિકનોએ બે વિકેટ ગુમાવી અને એ બન્ને વિકેટ ઑફ સ્પિનર કોલ મૅકોન્કિએ લીધી હતી. ત્યાર પછી ભારતીય મૂળના લેફ્ટ-આર્મ સ્પિનર રચિન રવીન્દ્રએ માર્કરમની ટીમની ખબર લેવાની શરૂઆત કરી હતી. તેણે બે ઓવરમાં સફળ ઓપનર એઇડન માર્કરમ (૧૮ રન) અને ડેવિડ મિલર (છ રન)ની બહુમૂલ્ય વિકેટ લીધી ત્યાર પછી જેમ્સ નીશૅમે પેસનો પાવર બતાવ્યો હતો. તેણે મુખ્ય આક્રમક બૅટ્સમૅન ડેવાલ્ડ બ્રેવિસ (૩૪ રન, ૨૭ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ને કૅપ્ટન સૅન્ટનરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

### મૅટ હેન્રી નવજાત બાળકનું મોઢું જોઈને પાછો આવ્યો

ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર મૅટ હેન્રી તાજેતરમાં સુપર-એઇટ રાઉન્ડના છેવટના તબક્કામાં ટીમ મૅનેજમેન્ટની રજા લઈને સ્વદેશ પાછો ગયો હતો. તેની પત્નીએ બાળકને જન્મ આપ્યો હતો. હેન્રી બે દિવસ પહેલા પાછો આવી ગયો હતો. ■

# અર્જુન તેન્ડુલકર અને સાનિયા ચંદોકના આજના લગ્નમાં હાજરી આપવા આવી ગયા મોંઘેરા મહેમાનો











સચિન તેન્ડુલકરના પુત્ર અર્જુન તેન્ડુલકર અને સાનિયા ચંદોકના આજના લગ્નપ્રસંગ પહેલાંની વિધિ અને રસમોમાં પત્ની સાથે હાજરી આપનાર ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરો. યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણ વડોદરાથી આવ્યા હતા. યુસુફ સાથે પત્ની આફરીન ખાન અને ઈરફાન સાથે પત્ની સફા બેગ આવી હતી. યુવરાજ થોડા દિવસથી મુંબઈમાં જ છે. તેની સાથે પત્ની હૅઝલ કીચ હતી. તે શુક્રવારે સુનીલ ગાવસકરની ગૉલ્ફ ઈવેન્ટમાં પણ હાજરી આપશે. ઝહીર ખાન પત્ની સાગરિકા ઘાટગે સાથે આવ્યો હતો. (પીટીઆઇ)

# ક્રૂડ ઓઈલના ભાવ ૧૯ મહિનાની ઊંચી સપાટીએ પહોંચતા નિફ્ટી છ મહિનાની નીચી સપાટીએ ધકેલાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં મિસાઇલ અને બોમ્બમારાને કારણે સર્જાયેલી ઉથલપાથલથી શેરબજાર ધ્રુજી ઉઠ્યું છે. અખાતી દેશોનો લશ્કરી સંઘર્ષ વધુ તીવ્ર બનવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવ ૧૯ મહિનાની ઊંચી સપાટીએ પહોંચવાથી એશિયન બજારોમાં નબળા વલણ સાથે બુધવારના સત્રમાં સેન્સેક્સ ૧,૧૨૩ પોઈન્ટ ગગડ્યો છે જ્યારે નિફ્ટી ૧.૫૫ ટકા તુટ્યો છે.

સતત ચોથા સત્રમાં ઘટાડા સાથે, સેન્સેક્સ ૧,૧૨૨.૬૬ પોઈન્ટ અથવા ૧.૪૦ ટકા ગગડીને ૭૯,૧૧૬.૧૯ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૭૯૫.૬૫ પોઈન્ટ અથવા ૨.૨૩ ટકા ગગડીને ૭૮,૪૪૩.૨૦ સુધી નીચે પટકાયો હતો, પરંતુ સત્રના બીજા ભાગમાં વેલ્યુબાઇંગ વચ્ચે રિકવરી જોવા મળી હતી.

એ જ રીતે, સતત ત્રીજા સત્રમાં ઘટાડામાં નિફ્ટી ૩૮૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૫ ટકા ઘટીને ૨૪,૪૮૦.૫૦ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો, જે તેના પાછલા છ મહિનામાં સૌથી નીચું બંધ સ્તર છે. દિવસ દરમિયાન, તે ૫૬૦.૩ પોઈન્ટ અથવા ૨.૨૫ ટકા ઘટીને ૨૪,૩૦૫.૪૦ પોઈન્ટ ની નીચી સપાટીને અથડાયો હતો.

ટાટા સ્ટીલ.૭૬ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો, જ્યારે લાર્સન એન્ડ ટૂબ્રોમાં ૪.૫૩ ટકાનો કડાકો હતો. આ બાદના ક્રમમાં સૌથી વધુ ઘટવનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનટીપીસી, ઇન્ટરગ્લોબ એવિએશન, બજાજ ફિનસર્વ અને કોટક મહિન્દ્રા બેન્કનો સમાવેશ હતો. ગેઇનર્સમાં ભારતી એરટેલ, ઇન્ફોસિસ અને ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો.

આરુખતે સેકન્ડરી માર્કેટની નકારાત્મક અસર પ્રાઇમરી માર્કેટ પર પણ જોવા મળી છે. પીએનજીએસ રેવા ડાયમન્ડ જ્વેલરીના શેરતેના રૂ. ૩૮૬ના ઇશ્યૂ ભાવ સામે ૩.૬૨ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૩૭૨ના ભાવે લિસ્ટેડ થયા હતા. એનએસઇ પર આ શેર રૂ. ૩૭૫ના ભાવે લિસ્ટેડ થયા હતા. અત્યાર સુધીમાં ૨૦૨૬માં મેઇન બોર્ડના આઠ શેર લિસ્ટેડ થયા તેમાંથી માત્ર ત્રણ શેર જ પ્રીમિયમ પર લિસ્ટેડ થયા હતા.

ગ્રેટેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ઇન્ટિરિયર્સ અને વધુ સાથે લાઇફસ્ટાઇલ ઇન્ટિરિયર ડેકોર સેગમેન્ટમાં વ્યૂહાત્મક વિસ્તરણની જાહેરાત કરી; એક્સપ્રેસ ઝોન મોલ મુંબઈ ખાતે ફ્લેગશિપ સ્ટોર શરૂ થયો. ગ્રેટેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની પેટાકંપની પ્રોપર્ટીઝ એલએલપીએ ફ્રેન્ચાઇઝી-આધારિત સાહસ માટે ઇન્ટિરિયર્સ એન્ડ મોર સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. કંપની મુંબઈ, પુણે અને કોલકાતામાં યામાહા મ્યુઝિક સ્ટોર્સ ધરાવે છે.

પેટ્રોનેટ એલએનજીના શેરોમાં ૧૨ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ઇરાનના ડ્રોન હુમલાને કારણે કતારે ગેસની સપ્લાઇ થંભાવી દીધી હોવાના અહેવાલે આ ઘટાડો નોંધાયો હતો, કારણ કે કંપની ગેસ ઇમ્પોર્ટર છે અને કતાર ભારતનું સૌથી મોટું નેચરલ ગેસ સપ્લાયર છે. એમઆરએફ તમિલનાડુમાં ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦૦ કરોડનું રોકાણ કરશે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ કોફી ડે એન્ટરપ્રાઇઝ લિમિટેડ અને તેના ઘણા અધિકારીઓ પર નાણાકીય નિવેદનો તૈયાર કરતી વખતે યોગ્ય એકાઉન્ટિંગ ધોરણો અને ડિસ્ક્લોઝર નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ કુલ રૂ. ૩૮ લાખનો દંડ ફટકાર્યો છે.

અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર કરેલો હુમલો વર્લ્ડ વોરનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. હોર્મુઝ સ્ટ્રેઇટમાં અવોદ સર્જાયો હોવાથી ભારતના ઊર્જા પુરવઠામાં વિક્ષેપ પડવાની ચિંતા અને ફુગાવો વધવાનો ભય વધ્યો હોવાને કારણે બજારનું સેન્ટિમેન્ટ ખખડી ગયું છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૩.૦૮ ટકા ઉછળીને બેરલદીઠ ૮૩.૯૧ ડોલર બોલાયો હતો. આ ઉપરાંત ક્રૂડના ઉછાળા પાછળ બુધવારે ડોલર સામે રૂપિયો ઇન્ટ્રાડે ૯૨.૩૫ જેવા તળિયે અથડાઇને અંતે ૯૧.૧૬ના ભાવે બંધ થયો હતો.

ડોલર સામે રૂપિયો પહેલી જ વાર ૯૨ની નીચે ગબડ્યો છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે ઈરાન પરના વ્યાપક અને ઘાતક લશ્કરી અભિયાનને વાજબી ઠેરવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે કામગીરી અપેક્ષાઓ કરતાં સારી હતી. આ યુદ્ધ હજુ પાંચેક અઠવાડિયા ચાલશે એમ પણ જાહેર કર્યું. ટ્રમ્પ ભલે ગમે તે કહે પણ, પણ હજુ ખમૈયા કર્યા નથી અને વળતો હુમલો ચાલુ રાખ્યો છે.

બુધવારે ભારતીય શેરબજાર ખુલતા સાથે જ મોટા કડાકા સાથે ૧૭૦૦ પોઇન્ટથી વધુ ગબડ્યું, જ્યારે રૂપિયો ઐતિહાસિક નીચા સ્તરે પટકાઈ ગયો. મધ્ય પૂર્વ યુદ્ધને કારણે તેલ પુરવઠામાં વિક્ષેપ સર્જવાથી જગતની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એકમાં ફુગાવો વધારી શકે છે. આ આશંકા વચ્ચે ગ્લોબલ ઇન્વેસ્ટર્સ મોટી વેચવાલી તરફ વળી રહ્યા છે.

ફોરેક્સ માર્કેટમાં ભારતીય ચલણ યુએસ ડોલર પહેલી જ વાર ૯૨.૧૭ પર આવી ગયું હતું. ભારતીય ચલણે પહેલી જ વાર મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૯૨ સ્તરને તોડી નાખ્યું. આ ઘટાડો જાન્યુઆરી ૨૦૨૬ના અંતમાં નોંધાયેલા ૯૧.૯૯ અને ૯૨.૦૨ના અગાઉના રેકોર્ડ નીચા સ્તરને પણ વટાવી ગયુ છે.

રાતા સમુદ્રમાં જહાજો પર વારંવાર હુમલાઓ બાદ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ટેન્કર ટ્રાફિક અટકી ગયા બાદ તેલના ભાવમાં સતત વધારો થયો છે. જહાજ અને ટેન્કર માલિકો હવે વધુ જોખમ લેવા માગતા નથી. ભારત, જે તેના ક્રૂડ ઓઇલના લગભગ ૮૫ટકા આયાત કરે છે, તેના માટે આ વધારો ફુગાવા અને વેપાર ખાધ માટે સીધો ખતરો છે.

ભારતના દૃષ્ટિકોણથી વાસ્તવિક ચિંતા ફુગાવો અને વૃદ્ધિ પર તેની અસર છે, નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે લાંબા સમય સુધી યુદ્ધ રૂપિયાને વધુ નબળો પાડી શકે છે, વેપાર ખાધને વિસ્તૃત કરી શકે છે અને કોર્પોરેટ કમાણીને નુકસાન પહોંચાડી શકે છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પણ બજારો પર દબાણ વધાર્યું. ઉપલબ્ધ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં રૂ. ૩,૨૯૫.૬૪ કરોડના મૂલ્યના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૮,૫૯૩.૮૭ કરોડની ખરીદી કરી હતી.

# ટીન, નિકલ, કોપર અને ઝિન્કમાં પીછેહઠ

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૩૦નો કડાકો બોલાઈ ગયો હતો. આ સિવાય નિકલ, કોપરની વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૭ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીના ટેકે ભાવ કિલોદીઠ રૂ. આઠ વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૩૦ ગબડીને રૂ. ૪૮૮૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૨૯૧ અને કોપર સ્ક્રેપ હેવી તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૭ અને રૂ. ૧૬૩૩ના મથાળે રહ્યા હતા. આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૧૯૨, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૦૮ અને રૂ. ૧૧૦૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૩૦ના મથાળે રહ્યા હતા.

# વૈશ્વિક સોના-ચાંદીમાં બાઉન્સબૅક છતાં સ્થાનિકમાં ચાંદી ₹ ૧૮,૫૦૧ ગબડી, સોનામાં ₹ ૪૯૨૩નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે હાજરમાં સોનાના ભાવમાં ચાર ટકાનો અને ચાંદીના ભાવમાં આઠ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે બન્ને કિંમતી ધાતુઓમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજાર ગઈકાલે ધૂળેટીની જાહેર રજાને કારણે સત્તાવાર ધોરણે બંધ રહ્યા બાદ આજે ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા હાજરમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૮,૫૦૧ અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦૩થી ૪૯૨૩ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો સહિત જ્વેલરી ઉત્પાદકોની પણ માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૮,૫૦૧ના ઘટાડા સાથે રૂ. ૨,૭૧,૩૪૭ના મથાળે રહ્યા હતા. તેમ જ હાજરમાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ રૂ. ૪૯૦૩ ઘટીને રૂ. ૧,૬૧,૮૯૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૨૩ ઘટીને રૂ. ૧,૬૨,૫૪૮ના મથાળે રહ્યા હતા. તેમજ સોનામાં પણ ઊંચી સપાટીએથી માત્ર છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં સ્ટોકિસ્ટો, રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલીનો અભાવ હતો. ગઈકાલે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ચાર ટકાનો અને ચાંદીના ભાવમાં આઠ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધતા સલામતી માટેની માગને ટેકે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૨.૨ ટકાના બાઉન્સબૅક સાથે ઔંસદીઠ ૫૧૯૮.૫૮ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ૧.૭ ટકા વધીને ૫૨૧૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૫.૩ ટકા ઉછળીને ઔંસદીઠ ૮૬.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સતત પાંચ સત્ર સુધી બજારમાં એકતરફી તેજીનું વલણ રહ્યા બાદ ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને રોકાણકારોએ તેની લેણની પોઝિશનો છૂટી કરતાં બન્ને કિંમતી ધાતુઓમાં ઘટાડો નોંધાયો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં બન્ને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટે ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતા બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું.

હાલના તબક્કે અમેરિકા અને ઈઝરાયલ ઈરાનની મિસાઈલની તથા એર ડિફેન્સના મથકો પર હુમલાઓ કરી રહ્યા હોવાથી મધ્યપૂર્વમાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની ભીતિ વધી છે. તેમ જ ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવાની સાથે આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતાં ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની માગ જોવા મળી રહી છે. તેમ જ જો અમેરિકા-ઈઝરાયલની આ લશ્કરી કાર્યવાહી વધુ લાંબા સમય સુધી ચાલે તો વૈશ્વિક સોનાને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટીની ઉપર ટેકો મળતો રહેશે, એમ અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું.

# મધ્ય રેલવેના જનરલ મેનેજરે 'સેવા સંકલ્પ ઠરાવ' માટે PHODs સાથે બેઠક યોજી

મુંબઈઃ મધ્ય રેલવેના જનરલ મેનેજર શ્રી પ્રતીક ગોસ્વામીએ ૦૨.૦૩.૨૦૨૬ ના રોજ 'સેવા સંકલ્પ ઠરાવ' માટે CSMT, મુંબઈના 'ચિંતન કોન્ફરન્સ હોલ' ખાતે મધ્ય રેલવેના મુખ્ય વિભાગોના વડાઓ સાથે બેઠક યોજી હતી, ત્યારબાદ રેલવે સિસ્ટમમાં અસરકારક અમલીકરણ માટે તેના મુખ્ય સિદ્ધાંતો અને પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધા PHODs ને તેમના સંબંધિત કાર્યાલયોમાં તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારીઓ સાથે સમાન બેઠકોનું આયોજન કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો જેથી ઠરાવનો વ્યાપક પ્રસાર, ચર્ચા અને ભાવના સાથે સુસંગતતા સુનિશ્ચિત કરી શકાય. આ બેઠક કેબિનેટ સચિવાલય દ્વારા જારી કરાયેલા નિર્દેશોના ભાગ રૂપે અને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ 'સેવા તીર્થ' ખાતે યોજાયેલી તેની પ્રથમ સભામાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને અનુરૂપ યોજાઈ હતી. રેલવે મંત્રાલયે ૦૨.૦૩.૨૦૨૬ના રોજ 'સેવા સંકલ્પ ઠરાવ' વાંચવા અને તેના પર ચર્ચા કરવા માટે અધિકારીઓની બેઠકોનું આયોજન પણ કર્યું હતું. તમામ સંબંધિત અધિકારીઓને ઠરાવના અમલીકરણ પર બેઠકો અને અર્થપૂર્ણ ચર્ચાઓના સફળ સંચાલન માટે જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.



**સેવા સંકલ્પ ઠરાવ ટૂંકમાંઃ** કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા અપનાવવામાં આવેલ 'સેવા સંકલ્પ ઠરાવ', નાગરિક-કેન્દ્રિત શાસન, બંધારણીય મૂલ્યો, પારદર્શિતા, જવાબદારી અને જાહેર સેવાની ભાવના પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે. આ બેઠકો દ્વારા, રેલવે મંત્રાલયનો ઉદ્દેશ્ય તમામ સ્તરે અધિકારીઓને સંવેદનશીલ બનાવવાનો અને ઠરાવના સિદ્ધાંતોને તેની નીતિઓ, કાર્યક્રમો અને રોજિંદા કામગીરીમાં એકીકૃત કરવાનો છે. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ગઈકાલે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે રિટેલ સ્તરની પાંખી માગ ઉપરાંત સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ નિરસ માગને કારણે આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૭૨થી ૩૯૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૩૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે અમારા અસિલો સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે, તમામ બોજા અને દાવાઓથી મુક્તપણે અને ખાલી અને શાંતિદાયક કબજા સાથે તેમાં જોડાયેલા તમામ હક્કો અને બેનિફિટ્સ સાથે અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ ઓફિસ પ્રીમાઈસીસ (**''સદર મિલકત''**) એ, નિકુંજ છાયા કો. હા. સો. લિ., મથુરાદાસ રોડ, એશિયન બેકરી પાસે, કાંદિવલી (૫), મુંબઈ-૬૭ ખાતે રહેતા **શ્રી પ્રકાશ કુમાર (''માલિક'')** પાસેથી ખરીદવા અને સંપાદન કરવા ઈરાદો ધરાવે છે.

કોઈપણ શખ્સ જે સદર પ્રિમાઈસિસ કે તેના કોઈપણની બાબતમાં એગ્રીમેન્ટ, વેચાણ, અદલાબદલી, ગીરો (ઈકવીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, જાળવણી, બિકવેસ્ટ, કબજો, લિઝ, ટેનાન્સી, લાયસન્સ, લિઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, ખરીદીનો વિકલ્પ, પ્લેજ, પાવર ઓફ એટર્ની, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ-પેન્ડન્સ, ઈંજંકશન કે જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે તેમજ અહીં નીચે દર્શાવેલ ઈમેલ સરનામે નકલ સાથે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય, તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસિલો લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

**(''સદર પ્રિમાઇસિસ'')**

બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૫૧ ખાતે આવેલ, પડેલ અને રહેલ મુંબઈ પરાંના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં રેવન્યુ ગામ, કોલે કલ્યાણ, તાલુકા અંધેરીનો C.T.S. નં. ૪૨૦૭ (ભાગ) ધરાવતી જમીન પર ઉભેલ, બિલ્ડીંગના બેઝમેન્ટમાં નં. B-૮૩ ધરાવતી ૧ મિકેનિકલ સ્ટેક કાર પાર્કિંગ જગ્યા સાથે **''પિન્નાકલ કોર્પોરેટ પાર્ક''** તરીકે જાણીતી બિલ્ડીંગના વિંગ બી, બિલ્ડીંગ નં. ૧૯ના ૩જા માળ પર, ભરતમાં ૧,૨૧૦ ચો. ફૂટ કાર્પેટ એરિયા, ૧૧૨.૪૫ ચો.મી. કાર્પેટ એરિયાની સમકક્ષ નં. ૩૦૩ ધરાવતી **તે તમામ** ઓફિસ.

આજ તારીખ ૫મી માર્ચ, ૨૦૨૬.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
જગત વિદ્યા માર્ગ,
BKC મેટ્રો સ્ટેશન (A૩ એક્ઝિટ) પાસે,
બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ,
બાંદ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલઃ response@lawpointindia.com

# ગુજરાતનાં મથકો પાછળ સિંગતેલમાં ₹ ૬૦નો કડાકો

## પડતરો વધતા સોયાતેલના વધુ કાર્ગો રદ કર્યા

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૭ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ આઠ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો પાંખાં રહેતાં ખાસ કરીને આયાતી તેલમાં ભાવ ટકેલા રહ્યા હતા. જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની નિરસ માગ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૧૧૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૭૫નો ઘટાડો આવતાં સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૬૦નો કડાકો બોલાઈ ગયો હતો. તેમ જ મથકો પાછળ સરસવમાં રૂ. ૨૦ ઘટી આવ્યા હતા, જ્યારે કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર હાલમાં મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને કારણે સોયાતેલની પડતરો વધી આવતા ભારતે સોયાતેલના વધુ કાર્ગો રદ કર્યા હતા, જેમાં રશિયાથી ૨૫,૦૦૦ ટન અને દક્ષિણ અમેરિકાથી ૬૦૦૦થી ૮૦૦૦ ટન સોયાતેલનો સમાવેશ થતો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે પણ અંદાજે ૭૦,૦૦૦ ટન દક્ષિણ અમેરિકાના સોયાતેલના કાર્ગો રદ કરવામાં આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૬૧૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦થી ૧૩૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦ તથા અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૩ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦, સિંગતેલના રૂ. ૧૬૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

# સાર્વત્રિક વેચવાલી વચ્ચે આઈટી સિવાય બધા જ ઈન્ડેક્સમાં ધોવાણ

મુંબઇઃ બુધવારના સત્રમાં એકમાત્ર આઈટી સિવાય બધા જ ઈન્ડેક્સ ઘટ્યા હતા, મેટલ, ઓઈલ-ગેસ અને પીએસયુ બેન્ક શેરો સૌથી અધિક પટકાયા હતા. માર્કેટ કેપમાં રૂ.૯.૭૨ લાખ કરોડનું ગાબડું જોવા મળ્યું હતું. બીએસઈ સેન્સેક્સ સોમવારના ૮૧,૨૮૭.૧૯ના બંધથી ૧૧૨૨.૬૬ પોઈન્ટ્સ અથવા ૧.૪૦ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૮,૫૨૮.૮૨ ખૂલી નીચામાં ૭૮,૪૪૩.૨૦ સુધી અને ઉપરમાં ૭૯,૫૨૭.૪૧ સુધી જઈ ૭૯,૧૧૬.૧૯ બંધ રહ્યો હતો.

# ભારતના વધતા જતા મેદસ્વિતાના પડકારને પહોંચી વળવા રાષ્ટ્રીય નિષ્ણાતો અમદાવાદમાં OSSICON ૨૦૨૬ માટે ભેગા થશે



મુંબઈ : આગામી ૨૫થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલા 'ધ ફોરમ, ક્લબ ૦૭' ખાતે એક ખાસ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ 'ઓબેસિટી એન્ડ મેટાબોલિક સર્જરી સોસાયટી ઓફ ઈન્ડિયા' (OSSI)ની ૨૩મી રાષ્ટ્રીય કોન્ફરન્સ છે. આ સંમેલનમાં દેશ-વિદેશના મોટા ડૉક્ટરો અને નિષ્ણાતો ભેગા થશે અને ભારતમાં ઝડપથી વધી રહેલી મેદસ્વિતા તથા તેને લગતી બીમારીઓનો ઇલાજ કેવી રીતે કરવો તે વિશે ચર્ચા કરશે. OSSI સંશોધન, તાલીમ અને લોકોમાં જાગૃતિ લાવીને મેદસ્વિતાની સાચી અને સુરક્ષિત સારવાર પૂરી પાડવામાં હંમેશાં આગળ રહી છે. OSSICON કોન્ફરન્સ દ્વારા આ સંસ્થા નવા ઉપાયો શોધે છે અને સાથે મળીને કામ કરે છે, જેથી લાખો ભારતીયોના સ્વાસ્થ્યમાં સુધારો લાવી શકાય.

ભારત જ્યારે ૨૦૪૭ સુધીમાં એક વિકસિત દેશ બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે વધતું વજન એક મોટી અડચણ બની શકે છે. મેદસ્વિતાને કારણે લોકોની કામ કરવાની શક્તિ ઘટે છે, હૉસ્પિટલના ખર્ચ વધે છે અને સમાજનું સ્વાસ્થ્ય બગડે છે. મેદસ્વિતાને લીધે ડાયાબિટીસ, હૃદયરોગ, ઊંઘમાં તકલીફ અને સાંધાના દુખાવા જેવી ગંભીર બીમારીઓ થાય છે, જેની અસર વ્યક્તિ, પરિવાર અને આખા દેશની પ્રગતિ પર પડે છે.

મેદસ્વિતા દૂર કરવી એ હવે માત્ર ડૉક્ટરોનું કામ નથી, પણ આખા દેશ માટે એક મહત્ત્વનું અભિયાન છે. OSSICON ૨૦૨૬માં ભારત અને વિદેશમાંથી ૫૦૦થી વધુ ડૉક્ટરો અને નિષ્ણાતો ભાગ લેશે, જેમાં બેરીયાટ્રીક સર્જન, એન્ડોક્રિનોલોજિસ્ટ, ફિઝિશિયન, ડાયેટિશિયન, ફિઝિયોથેરાપિસ્ટ અને સાયકોલોજીસ્ટનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં દક્ષિણ કોરિયા, અમેરિકા, યુકે, ચિલી, જાપાન અને નેપાળ જેવા દેશોના જાણીતા નિષ્ણાતો પણ આવશે. તેઓ સાથે મળીને મેદસ્વિતા રોકવા માટેની નવી રીતો, ઓપરેશનની આધુનિક ટેકનિકો અને દર્દીઓની સારસંભાળ વિશે પોતાના અનુભવો જણાવશે. ■

# ફેબ્રુઆરીમાં માગ ધીમી પડતાં સર્વિસીસ ક્ષેત્રનો પીએમઆઈ આંકમાં ઘટાડો

નવી દિલ્હીઃ ગત ફેબ્રુઆરી મહિનામાં ફુગાવામાં વધારો થવાની સાથે સર્વિસીસ ક્ષેત્રમાં નવાં ઓર્ડરો ૧૩ મહિનાના તળિયે પહોંચતા દેશના સર્વિસીસ ક્ષેત્રમાં વૃદ્ધિ સાધારણ મંદ પડી હોવાનું એક સર્વેક્ષણમાં જણાવ્યું છે. ગત ફેબ્રુઆરી મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનૅસ એક્ટિવિટી ઈન્ડેક્સ આગલા જાન્યુઆરી મહિનાના ૫૮.૫ પૉઈન્ટ સામે ઘટીને ૫૮.૧ની સપાટીએ બંધ રહ્યો હતો. ૫૦ની ઉપરનો આંક વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો સંકેત આપતો હોય છે. ભારતનો ફેબ્રુઆરી મહિનાનો પીએમઆઈ આંક આગલા જાન્યુઆરી મહિનાના ૫૮.૫ સામે સાધારણ ઘટાડા સાથે ૫૮.૧ના સ્તરે રહ્યો છે જે એકંદરે ક્ષેત્રમાં મજબૂત વિસ્તરણના સંકેતો આપે છે. વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં વધારો થવાથી નવાં ઓર્ડરોમાં વૃદ્ધિ ૧૩ મહિનાની નીચી સપાટીએ રહી હોવા છતાં આંતરરાષ્ટ્રીય વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. રોજગારમાં પણ વૃદ્ધિ થઈ હોવાનું એચએસબીસીનાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું. પેનલનાં સભ્યોનાં જણાવ્યાનુસાર ક્લાયન્ટોની પૂછપરછોમાં વધારો અને માર્કેટિંગનાં સફળ પ્રયાસોએ કેટલાંક એકમોમાં વેચાણને ટેકો આપ્યો હતો, જ્યારે અમુક કંપનીઓએ સ્પર્ધાત્મક વાતાવરણને કારણે વેચાણ વૃદ્ધિ ઘટી હોવાનું જણાવ્યું હતું. જર્મની, કેનેડા, મેઈનલેન્ડ ચાઈના, સિંગાપોર, યુએઈ, યુકે અને યુએસ સહિત ઘણાં ભાગોમાંથી સેવા કંપનીઓએ લાભ નોંધાવ્યો હોવાથી નિકાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન જોવા મળતાં સરેરાશ ગત ઑગસ્ટ પછી આંતરરાષ્ટ્રીય વેચાણ ઝડપી ગતિએ વધ્યું હતું. ભાવ બાબતે સર્વેક્ષણમાં જણાવ્યું હતું કે ભારતીય સર્વિસીસ કંપનીઓના સંચાલન ખર્ચમાં અઢી મહિનાનો સૌથી વધુ તીવ્ર વધારો જોવા મળ્યો છે. તેથી સેવાઓની જોગવાઈ માટે વસૂલવામાં આવતા ભાવમાં પણ છ મહિનાની સરખામણીમાં સૌથી વધુ વધારો થયો હતો. ગત ફેબ્રુઆરી મહિનામાં માગમાં વધારો અને નવાં વેપારમાં વધારો થવાને કારણે સરેરાશ બિઝનૅસ એક્ટિવિટીમાં ત્રણ મહિનાનો સૌથી ઝડપી ગતિએ વધારો જોવા મળ્યો હતો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**નં. D.M.C./૩૬૫૪/ઈન્ફ્રા. તારીખ ૦૯/૧૨/૨૦૨૫**

**પબ્લિક નોટીસ**

આજ દિન સુધી સુધાર્યા મુજબ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૮૮૮ની કલમ ૨૯૭ (૧) (બી)ના અન્વયે, નીચે સહી કરનાર ____________ના અથવા તે પછીના દિવસે યોજાનાર તેમની મિટિંગમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરવાનો ઈરાદો ધરાવે છે, કારણ કે સદર અરજીનો નીચેની દરખાસ્તની સત્તા માટે સરળતાથી નિકાલ કરી શકાય.

**'' 'L' વોર્ડમાં સાકી નાકા જંકશનથી L.B.S. માર્ગ સુધી અંધેરી કુર્લા રોડ (મગન નાથુરામ રોડ)ની ૨૧.૩૫ મીટર પહોળી મંજૂર થયેલ RLના રીએલાઈનમેન્ટ માટે દરખાસ્ત.''**

ઉપર જણાવેલ તેની બદલીમાં નિયત કરાનાર રેગ્યૂલર લાઈન A-B, B-C, C-D, D-E, E-F, F-G તરીકે માર્ક કરાયેલ લીલા રંગમાં દર્શાવતો તારીખ ૦૨.૦૬.૨૦૨૫નો એક પ્લાન નં. E.E. T&C/ E.S./ R.L./ ૩૩૭ (A), ૩૩૭ (B), ૩૩૭ (C) મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ટ્રાફિક)ની ઓફિસમાં જમા કરાવેલ છે અને એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ઝીરો ફલોર, વર્લી નાકા પાસે, ડૉ. ઈ. મોઝેસ રોડ, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે તેમજ 'L' વોર્ડ ઓફિસ, લક્ષ્મણરાવ યાદવ મંડાઈ બિલ્ડીંગ, S.G. બર્વે માર્ગ, કુર્લા (૫), મુંબઈ-૭૦ ખાતે આસી. કમિશનર 'L' વોર્ડની ઓફિસ ખાતે ઓફિસ કલાકો દરમિયાન કોઈપણ સમયે ઈચ્છુક કોઈપણ દ્વારા નિરીક્ષણ કરી શકાશે.

કોર્પોરેશને કોઈપણ રજૂઆત અથવા કોર્પોરેશન સમક્ષ સદર દરખાસ્તના સંદર્ભમાં કોઈપણ વાંધો લાવવા ઈચ્છુક દરેક વ્યક્તિ મહાપાલિકા હેડ ઓફિસ ખાતે આ નોટીસના ઈશ્યૂ થયા પછી ૩૦ દિવસની અંદર મ્યુનિસિપલ સેક્રેટરીને સંબોધીને પત્ર દ્વારા તેમ કરી શકે છે અને આવી મિટિંગના દિવસ પહેલાં ૦૩ સ્પષ્ટ દિવસ કરતાં ઓછા નહિ તેમ સદર ઓફિસને મોકલી દેવા જોઈશે.

તારીખઃ ૦૫/૦૩/૨૦૨૬

સહી/-

PRO/3181/ADV./2025-26 **Dy. મ્યુનિ. કમિશનર (ઈન્ફ્રા.)**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો**

# શરદ પવારના કારણે રાજ્યસભાની સાતેય બેઠક બિનહરીફ?

મુંબઈ: રાજ્યમાં હાલમાં રાજ્યસભાની ચૂંટણીની ચર્ચા ચાલી રહી છે. આગામી ૧૬ માર્ચના રોજ મહારાષ્ટ્રની સાત બેઠક સહિત કુલ ૧૦ રાજ્યની ૩૦ બેઠક માટે આ ચૂંટણી યોજાવાની છે. વર્તમાન સંખ્યાબળને ધ્યાનમાં લેતા, મહાયુતિના છ અને મહાવિકાસ આઘાડીના એક ઉમેદવાર ચૂંટાઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી આ ચૂંટણી માટે રાજકીય સમીકરણો ગોઠવવા પડદા પાછળ મોટી હલચલ ચાલી રહી હતી. દરમિયાન, હવે ભાજપે પોતાના ચાર ઉમેદવારોના નામ જાહેર કરી દીધાં છે. સાંસદ શરદ પવાર ફરી એકવાર રાજ્યસભાની ચૂંટણીના મેદાનમાં ઊતરવાના છે. આ શક્યતાને જોતા હવે રાજ્યની સાતેય બેઠક બિનહરીફ થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભાજપે તેના ચાર ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધાં છે. અજિતની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને એકનાથ શિંદેની શિવસેના માટે એક-એક બેઠક છોડી

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં ભાજપના ચાર ઉમેદવાર

મુંબઈ: ભારતીય જનતા પક્ષ (ભાજપ)એ બુધવારે આગામી રાજ્યસભાની ચૂંટણી માટે મહારાષ્ટ્રમાંથી ચાર ઉમેદવારોની જાહેરાત કરી છે. આ ઉમેદવારોમાં જેમાં કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે અને પૂર્વ રાજ્ય પ્રધાન વિનોદ તાવડે સહિત અન્ય ઉમેદવારોની પસંદગી કરવામાં ઉપલા ગૃહ માટે આવી છે. આઠવલે અને તાવડે ઉપરાંત પક્ષે દ્વિવાર્ષિક ચૂંટણી માટે માયા ચિંતામણ ઇવનાતે અને રામરાવ વડકુટેને પણ મેદાનમાં ઉતાર્યા છે.

મહારાષ્ટ્રની રાજ્યસભાની સાત બેઠક એપ્રિલમાં ખાલી પડવાની છે. ૨૮૮ સભ્યોની

(જુઓ પાનું ૪) ▶▶

## રાષ્ટ્રીય હિતમાં અમને બેઠક આપો: કૉંગ્રેસ

મુંબઈ: અભિષેક મનુ સિંઘવી, રજની પાટિલ, ફૂલોદેવી નેતામ અને કેટીએસ તુલસી જેવા વરિષ્ઠ કોંગ્રેસ સાંસદોની નિવૃત્તિ સાથે, રાજ્યસભામાં કોંગ્રેસની સંખ્યા ૧૦% થી નીચે આવી શકે છે. તેથી, કોંગ્રેસના અધિકારીઓએ મહારાષ્ટ્રમાંથી રાજ્યસભા બેઠક માટે શિવસેના (યુબીટી) નો સંપર્ક કર્યો હતો, જેથી અન્ય રાજ્યોમાં રાજ્યસભાની બેઠકો ગુમાવવાની સ્થિતિમાં તેનો લાભ ઉઠાવી શકાય. કોંગ્રેસે યુબીટી શિવસેનાને વિનંતી કરી છે કે રાષ્ટ્રહિતમાં મહારાષ્ટ્રની રાજ્યસભા બેઠક કોંગ્રેસને આપવામાં આવે.

આ ઘટનાક્રમથી શરદ પવારને રાજ્યસભા માટે નોમિનેટ કરવાની એનસીપી (શરદ પવાર)ની માંગ

(જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણીમાં શું છે સમીકરણ?

મુંબઈ: રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપે ૪ ઉમેદવારોની જાહેરાત કરી છે. ભાજપે રામદાસ આઠવલે, વિનોદ તાવડે, શ્રીમતી માયા ચિંતામણ ઈવનાતે અને રામરાવ વડકુટેને મેદાનમાં ઉતાર્યા છે. રાજ્યસભાની ચૂંટણી માટે મહારાષ્ટ્રમાંથી ૭ બેઠકો પર ચૂંટણી થવાની છે. મહારાષ્ટ્રમાં પાર્ટીની તાકાતના આધારે, ૪ ભાજપના ઉમેદવારો ચોક્કસપણે ચૂંટાઈ શકે છે. તે મુજબ, ભાજપે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે.

ચૂંટણી પંચે ૧૦ રાજ્યોમાં ૩૭ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી ૧૬ માર્ચે યોજાશે. ખાલી પડેલી બેઠકોમાંથી ૧૨ બેઠકો એનડીએ પાસે છે, જ્યારે ૨૫ બેઠકો વિરોધ પક્ષો પાસે છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ (૭) બેઠકો છે, ત્યારબાદ તમિલનાડુ (૬) અને પશ્ચિમ બંગાળ અને બિહાર (૫-૫) બેઠકો છે. મહારાષ્ટ્રમાંથી શરદ પવાર, રામદાસ આઠવલે, કનિમોઝી, તિરુચી શિવ અને રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને પ્રિયંકા ચતુર્વેદીની મુદત ૨ એપ્રિલે સમાપ્ત થઈ રહી છે. મતદાન ૧૬ માર્ચે થશે અને તે જ દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી કરવામાં આવશે.

વિધાનસભામાં પક્ષની તાકાતની પૃષ્ઠભૂમિમાં, દરેક પક્ષને કેટલી બેઠકો મળશે તેના પર બધાનું ધ્યાન છે. આ દરમિયાન, એક મહત્વપૂર્ણ માહિતી સામે આવી

(જુઓ પાનું ૪) ▶▶

# ઠાકરે બંધુઓમાં ફરી એકવાર મતભેદ

મુંબઈ: મનસે પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના ઠાકરે જૂથના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વચ્ચે ફરી એકવાર અણબનાવ થયો હોવાની માહિતી સામે આવી છે. રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ પછી રાજ ઠાકરેએ થાણેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મુલાકાતને લઈને ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરે સાથે અબોલા કર્યા છે.

'સ્વીકૃત કોર્પોરેટર' અને 'વોર્ડ સમિતિ'ની ચૂંટણી માટે રાજ ઠાકરેએ સંબંધો સુધારવા માટે એક ડગલું આગળ વધારી ઉદ્ધવ ઠાકરેનો સંપર્ક કર્યો હતો. પરંતુ ઉદ્ધવ તરફથી આ બાબતે કોઈ જ સકારાત્મક જવાબ મળ્યો નહીં. ઊલટું, ઉદ્ધવ ઠાકરેએ મનસેને વિશ્વાસમાં લીધા વગર જ સ્વીકૃત કોર્પોરેટરોના નામ પોતાની રીતે જાહેર કરી દીધાં. જ્યારે સ્વીકૃત કોર્પોરેટરની વાત હતી ત્યારે ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેને અવગણ્યા, પણ હવે જ્યારે 'વોર્ડ સમિતિ'ની ચૂંટણીમાં તેમને મનસેના સમર્થનની જરૂર પડી, ત્યારે તેમણે રાજ

(જુઓ પાનું ૪) ▶▶

# ઈરાન યુદ્ધથી સંભાજીનગરના ઉદ્યોગોને નિકાસમાં વિલંબ

છત્રપતિ સંભાજીનગર: ગયા અઠવાડિયે શરુ થયેલા ઈરાન- અમેરિકા-ઈઝરાયલ યુદ્ધથી વૈશ્વિક સપ્લાય ચેઇનમાં વિક્ષેપ પડવાને કારણે હવે મહારાષ્ટ્રના ઔદ્યોગિક એકમો પર નકારાત્મક અસર પડવા લાગી છે. ચેમ્બર ઓફ મરાઠવાડા ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચર (સીએમઆઈએ) ના મરાઠવાડા એક્સપોર્ટર્સ ફોરમનું કહેવું છે કે છત્રપતિ સંભાજીનગરથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમનાં

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરા સંભાળજો!: પારો ૩૮.૭ ડિગ્રી

## આજે મુંબઈ, થાણે, પાલઘર અને રાયગડમાં યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બુધવારે ગરમીનું મોજું ફરી વળ્યું હતું. હોળીની ઉજવણી પૂરી થવાની સાથે જ બુધવારે દિવસ દરમ્યાન મુંબઈમાં ૩૮.૭ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાતા માર્ચના પહેલા જ અઠવાડિયામાં મુંબઈગરાએ આકરી ગરમી અનુભવી હતી. હવામાન ખાતાએ આજે અને

(જુઓ પાનું ૪) ▶▶

### પારો ઊંચો પણ હીટ-વેવ નથી!

ભારતીય હવામાન વિભાગના સાયન્ટિસ્ટ સુષમા નાયરે જણાવ્યું હતું કે મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનનો પારો ઊંચો નોંધાયો હતો. બુધવારના મુંબઈમાં ૩૮.૭ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાયું હતું અને ગુરુવારે પણ ઊંચું તાપમાન નોંધાવાની શક્યતા છે પણ આ હીટ-વેવની અસર ગણી શકાય નહીં. હીટ-વેવ જાહેર કરવા માટે ટેક્નિકલ માપદંડોને બુધવારનું તાપમાન પૂરતું નથી. હીટ-વેવ ત્યારે જાહેર

(જુઓ પાનું ૪) ▶▶

# ગેરકાયદે ખોદકામ રોકવા માટે ડ્રોનનો ઉપયોગ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર રાજ્યભરમાં ગેરકાયદેસર ખોદકામ પ્રવૃત્તિને રોકવા માટે ડ્રોન સર્વેલન્સનો ઉપયોગ વધારી સંયુક્ત અમલીકરણ ટીમોને મજબૂત બનાવશે એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેતી, માટી અને મહત્ત્વની ખનિજો ખોદતા ગેરકાયદેસર ખોદકામ રેકેટમાં પ્રભાવશાળી વ્યક્તિ સામેલ છે. તેમને તોડી પાડવામાં સમય લાગી શકે છે. આવાં જૂથો સામે મોટા પાયે કાર્યવાહી કરવા માટે એક ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

ગેરકાયદેસર તસ્કરો દ્વારા વન અધિકારીઓ પર હુમલા અંગે ભાજપના સમાધાન અવતાડે દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં

(જુઓ પાનું ૪) ▶▶

## નાગપુરની ફેક્ટરીમાં વિસ્ફોટ

# સરકારી બેદરકારી જવાબદાર: કૉંગ્રેસ

મુંબઈ: સરકારી બેદરકારીને કારણે નાગપુર સ્થિત વિસ્ફોટક ઉત્પાદન કરતી ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હોવાનો આરોપ કોંગ્રેસ વિધાન સભ્ય દળના નેતા વિજય વડેટ્ટીવારે બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં કર્યો હતો. એ વિસ્ફોટમાં ૧૯ જણનું મૃત્યુ થયું હતું.

છેલ્લા દોઢ વર્ષમાં નાગપુર જિલ્લાની વિવિધ વિસ્ફોટક ફેક્ટરીઓમાં બનેલી આવી જ ઘટનાઓમાં ૪૩

(જુઓ પાનું ૪) ▶▶

## બારામતી વિમાન દુર્ઘટના

# વીએસઆર વેન્ચરને છાવરવાનો રોહિત પવારનો આરોપ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મૃત્યુ પામ્યા એ વિમાન દુર્ઘટનાના સંબંધમાં વીએસઆર વેન્ચર્સને છાવરવાનો પ્રયાસ કોઈ કરી રહ્યું છે એવો આરોપ કરી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના વિધાન સભ્ય રોહિત પવારે બુધવારે દાવો કર્યો હતો કે એએઆઈબી પ્રારંભિક તપાસમાં તેમના દ્વારા અગાઉ ઉઠાવવામાં આવેલી શંકાઓને સમર્થન મળ્યું છે. ભૂતકાળમાં અનેક ગંભીર ભૂલો કરવાનો આરોપ પણ તેમણે વીએસઆર કંપની પર કર્યો હતો. વીએસઆર (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**